Good Bye 2015

An ISO 9001:2008 (QMS) Certified Company

ગુજરાતી તેમજ અંગ્રેજી ભાષામાં પ્રસિધ્ધ થતું એકમાત્ર આર્થિક સાપ્તાહિક

Welcome 2016



સંવર્ધક તંત્રી : સ્વ. કાન્તિલાલ એમ.શાહ
તંત્રી : દિલીપ કે. શાહ

આર્ચી પબ્લિકેશન્સ
, નાલંદા એન્કલેવ
પ્રિતમનગર, એલીસબ્રીજ, અમદાવાદ.
Ph. : 079-26576639
Fax : 079-26579996
E-mail : smartinvest25@gmail.com
smartinvest25@yahoo.in
info@smartinvestment.in
website : www.smartinvestment.in


# સ્માર્ટ ઈન્વેસ્ટમેન્ટ


www.smartinvestment.in
સ્માર્ટ ઈન્વેસ્ટમેન્ટ વેબસાઈટ ઈન્ડેક્સ
માત્ર એક્જ સપ્તાહમાં 22,000 હીટ્સ
મબલખ કમાણી કરવા માટે દરરોજ લાભ ઉઠાવો
56,93,333 હીટ્સ
ડેઈલી ટ્રેડર્સો માટે કમાણીનો કુબેર ભંડાર
Future - Options, Stock - Watch, Funda - Picks, Technical Shares, Speculative Scrips, Primary Market,



GAMC No. : 1530/2016-2018 Valid Up to 31st December 2015

Pages 16

SMART INVESTMENT

Vol : 16 | Issue No. : 47 | RNI No : GUJGUJ / 2000 / 7618 | 28th Dec. 2015 to 3rd Jan. 2016

₹ 25/-


**::: ક્રિસમસ વિશેષાંક :::**

સ્માર્ટ ઈન્વેસ્ટમેન્ટનો આગામી અંક ક્રિસમસ વિશેષાંક તરીકે પ્રસિદ્ધ થશે
દિવાળી વિશેષાંક પછી વધુ એક ધમાકેદાર ક્રિસમસ અંક
૩ જાન્યુઆરી ૨૦૧૬ ને રવિવારના રોજ પ્રસિદ્ધ થશે
આખુ વર્ષ સાચવી રાખવા જેવા આ અંક માટે મોડા પડશો તો પસ્તાવવું પડશે.
આથી અત્યારથી જ તમારી નકલની વ્યવસ્થા કરી લેશો

- તંત્રી

**૨૦૧૫ માં ૫૦૦ ટકાથી વધુ રીર્ટન આપનારા સ્ટોક્સ કયા છે ?**

**ડેક્કન ક્રોનિકલના પતન માટે કોણ જવાબદાર ?**

**આશિયાના શેરમાં ૬ દિવસમાં ૬૦ ટકાનો ઉછાળાનું રહસ્ય અકબંધ**

**Narayana Hru. ના IPOમાં ગ્રે માર્કેટ પ્રિમિયમ શું છે ?**

**Dr. Lal Path અને Alkem Labs. ના IPOના લિસ્ટીંગ પછી હવે શું કરશો ?**

**સન ફાર્માના શેરમાં કડાકો ? છતાં બ્રોકરેજિસ બુલિશ કેમ ?**

# ટૂંકા ગાળાનો ટ્રેન્ડ તેજી તરફી

નિફ્ટીએ સતત પાંચ સપ્તાહ સુધી ૭૮૨૧-૭૮૫૩ના બેરીશ ગેપમાં રહ્યા પછી ગયા સપ્તાહે તેને પાર કરી ગયો છે અને આ ગેપની ઉપર ગુરુવારે બંધ આપ્યો છે. આ સાથે જ નજીકનો અવરોધ પાર કરી ગયો છે અને ટૂંકા ગાળાનો ટ્રેન્ડ પણ તેજી તરફી થઈ ગયો છે. હવે નિફ્ટી માટે ૭૯૪૪-૭૯૭૯નો ઝોન મહત્ત્વનો બની રહેશે અને અવરોધરૂપ ઝોન બની રહેશે.

***ટેકનિકલ દ્રષ્ટિએ બજાર :-*** સેન્સેક્સ ગયા સપ્તાહે ૨૫૪૨૫ ઉપર ખૂલ્યાબાદ ઉપરમાં ૨૫૯૨૨ અને નીચામાં ૨૫૪૧૩ સુધી ગયા બાદ છેલ્લે ૨૫૮૩૮ બંધ આવ્યો હતો.આ રીતે સેન્સેક્સ સપ્તાહ દરમિયાન ૩૧૯ પોઈન્ટ વધ્યો હતો. એ જ રીતે નિફ્ટી ૭૭૪૫ ઉપર ખૂલ્યા બાદ ઉપરમાં ૭૮૮૮ અને નીચામાં ૭૭૩૩ સુધી ગયા બાદ છેલ્લે ૭૮૬૧ બંધ આવ્યો છે. સપ્તાહ દરમિયાન તેમાં ૧૦૦ પોઈન્ટનો સુધારો જોવા મળ્યો છે.

સાપ્તાહિક ચાર્ટ પર બન્ને ઈન્ડાઈસીસે અગાઉના સપ્તાહે બુલીશ રિવર્સલ પેટર્ન બનાવ્યા બાદ ગત સપ્તાહે સ્મોલ ઓપનિંગવ્હાઈટ બોડી મારુબુઝો રચ્યું છે. દૈનિક ચાર્ટ પર બન્ને ઈન્ડાઈસીસે સ્મોલ બ્લેકબોડી કેન્ડલ રચી છે, જે ન્યૂટ્રલ ફોર્મેશન બતાવે છે. આમ, સાપ્તાહિક કેન્ડલસ્ટીક પેટર્ન તેજી તરફી ટ્રેન્ડ દર્શાવે છે.

સેન્સેક્ માં ૨૪૮૬૭ અને નિફ્ટીમાં ૭૫૫૧નો સપોર્ટ જોવા મળ્યો છે અને ત્યાંથી બજાર બાઉન્સ બેક થયું છે. જો આ પુલ બેક આગળ વધે તો

(અનુ. પાના નં ૧૦ ઉપર)

**:::: INDEX LEVELS ::::**

| | S3 | S2 | S1 | Close | R1 | R2 | R3 |
|---|---|---|---|---|---|---|---|
| NIFTY | 7539 | 7667 | 7771 | 7861 | 7979 | 8060 | 8195 |
| SENSEX | 24833 | 25287 | 25553 | 25838 | 26256 | 26687 | 27131 |

**માર્કેટ સ્કેન**




Jatin Sanghavi
(Mumbai)
(M) 098205 26455
E-mail :
jatinsanghavi100@yahoo.com


**આ સપ્તાહની ભલામણો**

| Rec. | Name | CMP | SL | TGT-1 | TGT-2 |
|---|---|---|---|---|---|
| Buy | Sun TV | 413 | 402 | 431 | 450 |
| Buy | B.F. Utilities | 669 | 652 | 695 | 722 |
| Buy | Gruh Fin. | 274 | 266 | 287 | 301 |
| Buy | NTPC | 139 | 135 | 145 | 152 |
| Buy | R. Power | 54 | 52 | 58 | 62 |

# નિફ્ટી સાપ્તાહિક રેન્જ : ૭૫૫૮ થી ૮૨૯૫

**Derivative Strategies**




Subhashini Suresh
emkaysubha@gmail.com


અમેરિકાની પોઝિટિવ નોટ અને પાતળા વોલ્યુમને પગલે પુરા થયેલા અઠવાડિયા દરમ્યાન માર્કેટ ફ્લેટ નોટ સાથે બંધ રહ્યું હતું.

RSI Oscillator ઓસીલેટરના ટેકનીકલ ઈન્ડિકેટર ૫૨.૯ ના લેવલે નિફ્ટીમાં નબળાઈના સંકેત આપે છે. MACD (Moving Average Convergence and Divergence) સૂચવે છે કે, MACD -20.8 છે અને Signal line -45.1 , જે એવું પુરવાર કરે છે કે, MACD ના માર્જિનલી મજબુત સંકેત આપે છે. Fibonacci retracement લેવલ એવું સુચવે છે કે, નિફ્ટી 38% ના રિટ્રેસમેન્ટ લેવલની ઉપર છે અન નીચેના તેનું રિટ્રેસમેન્ટ લેવલ ૫૦ ટકા અને ૬૧.૮ ટકા સપોર્ટ લેવલે ૭૯૪૩.૬૮ છે. ટેકનિકલ ઈન્ડિકેટર એવું પુરવાર કરે છે કે, નિફ્ટી ૭૮૫૧ નું સપોર્ટ લેવલ મેળવે છે. અપ સાઈડમાં ઈન્ડેક્સ ૮૦૩૬ નું રેસિટન્ટ લેવલનો સામનો કરશે. CMF (0.005) દર્શાવે છે કે, નિફ્ટી ખરીદીના દબાણનો




(અનુ. પાના નં ૧૦ ઉપર)

# ઝટકા પચાવતું બજાર !

**દિવાને-ખાસ**




એ. જે. દિવાન (મુંબઈ)
mail :
divanconsultancy@rediffmail.com


છેલ્લાં કેટલાક દિવસોથી ભારતના બજારોમાં થોડી તેજી દેખાય છે બજાર માટે જે પણ સમાચારો હતાં તે નેગેટીવ હતા. યુએસમાં ફેડ રેટ વધ્યો, પાર્લામેન્ટમાં ફરીથી વોશઆઉટ થયું, જીએસટી બીલ હવામાં લટક્યું. ભારતની નિકાસ ઘટતી જાય છે. રાજકીય પાર્ટીમાં અંદરો અંદર ફુટ અને નાણાંપ્રધાન સામેના આક્ષેપો જોર કરી રહ્યા છે. ચીનની આર્થિક પરિસ્થિતિ કથળતી જાય છે. રૂપિયો વધુ નબળો થવાના સંકેત છે. બેન્કોની 'બેડ લોન' ની પણ સમીક્ષા થાય છે. આવા સંજોગોમાં ઈન્ડેક્ષનું ૫૦૦/૬૦૦ પોઈન્ટ વધવું તથા નિફ્ટી ૭૦/૯૦ પોઈન્ટ વધવું એ આશ્રર્ય આપે છે. ઈન્ડેક્સને ૨૫૫૦૦ તથા નિફ્ટીને ૭૮૫૦ ની ઉપર બંધ આપવામાં સફળતા મળી છે. નિફ્ટીનો નીચેનો સપોર્ટ ૭૮૨૫ નો છે અને પ્રતિકારક ૭૯૪૦ છે. ઈન્ડેક્સનો સપોર્ટ ૨૫૭૫૦નો છે. પ્રતિકારક ૨૫૯૦૦નો છે. છેલ્લાં દિવસે માર્કેટનો બ્રેડ્થ પોઝીટીવ હતો. ૧૫૪૪ શેરો વધ્યા હતા જ્યારે ૧૧૨૯ શેરો ઘટ્યા હતા.

(અનુ. પાના નં ૧૦ ઉપર)


For
F & O + Cash
+ Nifty + Weekly
Free Trial.....
9377127437
Miss Call : 9714259861


*અંદાજપત્ર પૂર્વેની તેજીના અણસાર રૂપે....*

# GST ખરડો રખડી ગયાનો વસવસો છત્તાં....
# શેરબજારમાં દ્વિતિય સપ્તાહે પણ તેજી આગળ વધી

ઈશુનું વર્ષ ૨૦૧૫ કાળના ગર્ભમાં વિલીન થવાની નજીક આવ્યું હતું ત્યારે દેશનાં શેર રોકાણકારોએ આ વરસ દરમ્યાન થયેલા કડવા અનુભવોને વિસ્મૃતિની સંદૂકમાં દફનાવી દેવાની અને નવા, આગામી વરસ પર આશાઓનો અંબાર ગોઠવવાની કોશિષ કરી હતી અને તેને લઈને શેરોના ભાવો પણ થોડાક વધુ ઉન્નત મસ્તકે થયા હતા. મુંબઈ શેરબજારોના ભાવાંકે સળંગ સુધારાના આ દ્વિતિય સપ્તાહના ૪૭૫ પોઈન્ટના વધારાની સામે વિતેલા સપ્તાહની ૩૧૯ પોઈન્ટની ઓછી પ્રગતિ માટે જીએસટી ખરડો પસાર કર્યા વિના સંસદના શિયાળુ સત્રનું થઈ ગયેલું સમાપન કારણરૂપ બન્યું હતું.

**ચાર્ટીસ્ટની નજરે**




તલક્સી ગોસર (મુંબઈ)


**Indian Metals, ARSS Infra Chartered Logistics,**

સંસદના શિયાળુ સત્રના વિતેલા સપ્તાહમાં થયેલા સમાપન અગાઉ જ શેરબજારના રોકાણકારો તેમજ તેજીવાળાઓને કોંગ્રેસના જુદા જુદાં કારણો સામે ઘટીને કરાયેલા ત્રણાં થકી ખ્યાલ આવી જ ગયેલો હતો કે, રાજ્યસભામાં અટકી પડેલો GST ખરડો પસાર થનાર નથીજ અને છત્તાં દેશની લાંબાગાળાની પ્રગતિ એકમાત્ર આ ખરડો પસાર નહીં થવાથી અટકી જનાર નથી જ. આથી વિદેશી રોકાણકાર સંસ્થાઓના નિર્ણય લેવાની ક્ષમતા કે શક્તિ ધરાવતા ઉચ્ચ મેનેજમેન્ટના માણસો નજીક આવેલ ક્રિસમસ વેકેશનમાં રજા પર ઉતરવા પહેલાં જ રજાના મૂડમાં

(અનુ. પાના નં ૧૨ ઉપર)


Buy or Sell, Confused ?
Let the EXPERTS Help You
Join our Service for 1 Month & We are Sure. You will be our Lifetime Member
SHAREINFOLINE.COM®
Trade with Trend
SEBI Registered
Equity & Commodity Tips
Call Us : 91-9930011789
www.shareinfoline.com


**માત્ર 20 જ દિવસમાં**
**96%નો જબરજસ્ત ઉછાળો**

અમોએ ૩૦ નવેમ્બર ૨૦૧૫ ના અંકમાં પ્રથમ પેજ ઉપર **Ruby Mills** ના શેર માટે **Rs. 223** ના ભાવે ભલામણ કરી હતી. શેરનો ભાવ હાલ **Rs. 437**ના લેવલે ટચ થયો છે આમ માત્ર ૨૦ જ દિવસમાં **96 %** નો ઉછાળો રૂબી મિલ્સમાં નોંધાયેલ છે.

**BUY.... BUY....BUY**

| Co. Name | Code | Price |
|---|---|---|
| BS Ltd. | 533276 | 32.00 |
| Lotus Eye | 532998 | 24.00 |
| SREI Infra | 523756 | 50.00 |
| Nitin Sp. | 532698 | 78.00 |
| Nalco | 532234 | 41.00 |
| Firstsource | 532809 | 43.00 |
| Crompton Gr. | 500093 | 192.00 |
| Vedanta | 500295 | 92.00 |
| Astra Micro | 532493 | 148.00 |
| Kwality | 531882 | 147.00 |
| Banco Pr. | 500039 | 140.00 |
| Tata Steel | 500470 | 263.00 |
| Cox & King | 533144 | 241.00 |

**TIPS OF THE WEEK**

| Co. Name | Code | Price |
|---|---|---|
| Lloyd Ele. | 517518 | 306.00 |
| Rel. Infra | 500390 | 493.00 |
| Vinati Org. | 524200 | 468.00 |
| CESC | 500084 | 522.00 |
| BEL | 500049 | 1316.00 |
| Jubilant Food | 533155 | 1520.00 |
| Repco Hom | 535322 | 650.00 |
| Rel. Ind. | 500325 | 1000.00 |
| Vishnu Che. | 516072 | 428.00 |
| Supreme Ind. | 509930 | 680.00 |
| P. I. Ind. | 523642 | 629.00 |
| Sun Ph. | 524715 | 791.00 |
| Eicher Mot. | 505200 | 16184.00 |

Financial Weekly
SMART INVESTMENT

બજાર કયા માર્ગે ?
Dilip K. Shah

# કેલેન્ડર વર્ષ ૨૦૧૫ની વિદાય પૂર્વેના બે સપ્તાહ દરમ્યાન પોઝીટીવ ટ્રેન્ડનો સિલસિલો

## ૨૦૧૫નું વર્ષ શેરબજાર માટે 'ટફ' બની રહ્યું પરંતુ ૨૦૧૬ માં માર્કેટમાં ૧૫ થી ૨૦ ટકા ગ્રોથની સંભાવના

## સંસદના શિયાળુ સત્રમાં GST, Bankruptcy તથા લેન્ડ બીલ અટકી ગયા પરંતુ રિફોર્મ્સ ગતિશીલ

## US FED નો ડર પુરો થયો, ચીનની ચિંતા ઘટી, ક્રુડ ઓઈલ ૧૧ વર્ષના અને બ્રેન્ટ ઓઈલ ૫ વર્ષના તળિયે

## ડેફીસીટમાં ઘટાડો, ફોરેક્સ રીઝર્વમાં વધારો, કોર્પોરેટ રીઝલ્ટસ અને ચોમાસું પ્રોત્સાહક રહેવાના સંકેત માર્કેટ માટે પ્લસ પોઈન્ટ

## સાપ્તાહિક ધોરણે નિફ્ટીમાં ૯૯ અને સેન્સેક્સમાં ૩૧૯ પોઈન્ટ ઉછળ્યા : ગુરૂવારે ગ્લોબલ માર્કેટનું વલણ પોઝીટીવ

## ૩૧ ડિસેમ્બર ગુરૂવારે કેલેન્ડર વર્ષમાં અંતિમ દિવસે ડિસેમ્બર F&O એક્સપાયરીનો અંતિમ દિવસ હોવાથી માર્કેટ વોલેટાઈલ બનશે

કેલેન્ડર વર્ષ ૨૦૧૫ની વિદાયને આડે હવે માત્ર ચાર ટ્રેડિંગ સેશન બાકી રહ્યા છે ત્યારે લાંબા સમયથી મંદીના ટ્રેન્ડ પછી સતત બીજા સપ્તાહે માર્કેટનું વલણ તેજીમય બનતા ૨૦૧૫ ના વર્ષની અલવિદા પોઝીટીવ બનવાનો માર્કેટમાં આશાવાદ પ્રર્વતી રહ્યો છે. આ સંજોગોમાં સતત ત્રણ પોઝીટીવ સપ્તાહની 'હેટ્રીક' જોવા મળે તો આશ્ચર્ય નહીં કહેવાય.

વિતેલા સપ્તાહનો શુક્રવારના રોજ ક્રિસમસની રજાને કારણે ચાર સેશનનું ટુંકુ સત્ર બની રહ્યું હતું જેમાં બે સેશન નેગેટીવ અને બે ટ્રેડિંગ સેશન પોઝીટીવ બન્યા હતા. સોમવારે સેન્સેક્સમાં ૭૨.૫૦ પોઈન્ટ ઉછાળા બાદ મંગળવારે ૧૪૫.૪૫ પોઈન્ટસનો ઘટાડો નોંધાયો હતો. જ્યારે બુધવારે ફરી એકવાર ૨૫૯.૬૫ પોઈન્ટસના ઉછાળા બાદ ગુરૂવારે બેન્કિંગ શેરોએ ઉછાળાને બ્રેક મારતાં સેન્સેક્સમાં ૧૧.૫૯ પોઈન્ટસનો મામૂલી ઘટાડો નોંધાયો હતો. આમ એકંદરે ગત સગપ્તાહમાં વોલેટીલીટી વચ્ચે પસંદગીના શેરોમાં ઉછાળો જોવાયો હતો.

સાપ્તાહિક ધોરણે સેન્સેક્સ ૩૧૯.૫૯ પોઈન્ટ વધીને ૨૫૮૩૮.૭૧ ના લેવલે અને નિફ્ટી ૯૯.૧૦ પોઈન્ટ વધીને ૭૮૬૧.૦૫ ના લેવલે બંધ રહેલ. આમ છતાં સપ્તાહ દરમ્યાન સેન્સેક્સ ૨૫૯૨૨ ની સપાટી સુધી ઉછળીને ૨૬૦૦૦ ની અને નિફ્ટી ૭૮૮૮ ની સપાટી સુધી વધીને ૮૦૦૦ નું જાદુઈ લેવલ કુદાવવામાં નિષ્ફળ રહેલ.

ગુરૂવારે ગ્લોબલ માર્કેટનું વલણ એકંદરે પોઝીટીવ રહ્યું હતું. નાસ્ડેકમાં ૨.૫૬ પોઈન્ટનો, ડાઉ જોન્સમાં ૬૫ નો, એફટીએસઈમાં ૧૩.૬૬ નો, ડેક્સમાં ૨૩૮.૮૯ નો, નિક્કીમાં ૨૨.૪૯ પોઈન્ટનો તેમજ હેંગસેંગમાં ૯૭.૫૪ પોઈન્ટનો ઉછાળો નોંધાયો હતો.

ગ્લોબલ માર્કેટમાં સપ્તાહ દરમ્યાન US અને ચાઈનીઝ ઈકોનોમિમાં સુધારો વર્તાતા ઈન્વેસ્ટર્સના કોન્ફીડન્સમાં સુધારો જોવાયો હતો. અમેરિકામાં ગ્રોથ વધુ મજબુત બનતા મોનેટરી પોલિસી વધુ ટાઈટ બની શકે છે. આ સાથે તાજેતરમાં યુએસમાં જોબલેસ ક્લેઈમ્સ ૪૨ વર્ષના બોટમને સ્પર્શી જવા પામ્યો હતા. ચીનની ઈકોનોમી સ્થિર બની રહી હોવાના સંકેત ત્યાંની સરકાર અર્થતંત્રને વેગ આપવા વધુ પગલૌં લે તેવી સંભાવના જોવાઈ રહી છે.

ડોમેસ્ટીક મોરચે, પાર્લામેન્ટના શિયાળુ સત્રનો અંત આવી ચુક્યો છે અને GST, Bankruptcy તેમજ લેન્ડ બીલ લટકી ગયા છે. કેલેન્ડર વર્ષ ૨૦૧૫ નું વર્ષ માર્કેટ માટે ટફ બની રહેવા પામ્યું છે. આમ છત્તાં બજારના પંડિતોને મતે ૨૦૧૬ માં માર્કેટમાં ૧૫ થી ૨૦ ટકાનો ગ્રોથ જોવાશે કારણે યુએસ ફેડના વ્યાજવધારાનો ડર તેમજ ચીનની ચિંતામાં ઘટાડો જોવાયો છે. એટલુ જ નહીં, ચાઈનાએ ફરી એકવાર ગ્લોબલ માર્કેટમાં વિશ્વાસનો સંચાર કર્યો છે. આગામી અર્ધવાર્ષિક ગાળામાં કોર્પોરેટ પરિણામો પ્રોત્સાહક રહેવા તથા ચોમાસુ સારૂં રહેવાના સંકેત મળી રહ્યા છે. ઉપરાંત ક્રુડ ઓઈલ ૧૧ વર્ષના તળિયે અને બ્રેન્ટ ક્રુડ ૫ વર્ષની બોટમે સ્પર્શી ગયું છે. ભારતની ડેફીસીડમાં ઘટાડો અને ફોરેક્સ રીઝર્વમાં વધારો જોવાઈ રહ્યો છે. એફઆઈઆઈ ફરી એકવાર લેવાલ બનવાના સંકેત મળી રહ્યા છે. રૂપિયો ડોલર સામે ૬૫ થી ૬૭ ની રેન્જમાં રહેવાની ધારણાં છે.

આગામી સપ્તાહે વર્ષ અંતિમ દિવસે ગુરૂવારે ડિસેમ્બર એફ એન્ડ ઓ ની એક્સપાયરીનો અંતિમ દિવસ હોવાથી આરંભના દિવસોમાં બુલરન જયારે મિડવીકથી વોલેટીલીટીમાં વધારો જોઈ શકાય.

### FII Activity (Rs. Cr.)

| Date | Buy Value | Sell Value | Net Value |
|---|---|---|---|
| 21-12-2015 | 2468.66 | 2431.29 | 37.37 |
| 22-12-2015 | 2578.47 | 2409.74 | 168.73 |
| 23-12-2015 | 2426.42 | 2040.6 | 385.82 |
| 24-12-2015 | 1181.13 | 1293.16 | -112.03 |
| 25-12-2015 | Holiday | — | — |

### DII Activity (Rs. Cr.)

| Date | Buy Value | Sell Value | Net Value |
|---|---|---|---|
| 21-12-2015 | 1191.34 | 1128.64 | 62.7 |
| 22-12-2015 | 1362.28 | 1123.92 | 238.36 |
| 23-12-2015 | 1743.36 | 1110.72 | 632.64 |
| 24-12-2015 | 842 | 833.95 | 8.05 |
| 25-12-2015 | Holiday | — | — |

### -: EVENT CALENDAR :-

**INDIA**
- Nov Eight Infra Industries 28 Dec
- Nov Fiscal Deficit 31 Dec

**US**
- Nov Adv. Goods Trade Balance 29 Dec
- Nov Pending Home Sales MoM 30 Dec
- Initial Jobless Claims 31 Dec

**EUROPE**
- Nov M3 Money Supply 30 Dec

**CHINA**
- Manufacturing PMI 01 Jan
- Non- Manufacturing PMI 01 Jan

## તંત્રી સ્થાનેથી.......

# હવે ડિફોલ્ટર્સના નામ છૂંપા નહીં રહે !

સુપ્રિમકોર્ટે ૧૬ ડિસેમ્બરે એક ઠરાવ કરીને જાહેર કર્યું છે કે, દેશની બેન્કે અને RBI વહેલીતકે ડિફોલ્ટર્સના નામ જાહેર કરી જનતા સમક્ષ રાઈટ ટુ ઈન્ફર્મેશન (RI) એક્ટ હેઠળ રજૂ કરવા પડશે. સુપ્રિમકોર્ટે એવું પણ જણાવ્યું છે કે, બેન્કરોએ જે તે ડિફોલ્ટર્સ માહિતી પૂરી પાડવી પડશે અને અર્થતંત્રના હિતમાં ડિફોલ્ટર્સ આચરેલી અનિયમિતતા અને ગેરરીતિઓ પણ જાહેર કરવી પડશે. આમ સુપ્રિમકોર્ટે આ પ્રકારના આદેશ સામે RBI, નાબાર્ડ અને ICICI દ્વારા કરાયેલ અપીલ બદલ આ સ્પષ્ટતા કરી હતી. તેમણે બેન્કિંગ કાયદા અને વિશ્વસનિયતા જેવા મુદ્દાઓ ઊભા કરીને બેન્કો જે માહિતી છુપાવે છે તેને બધા સમક્ષ ખુલ્લી કર્યા પર ભાર મૂક્યો છે.

સુપ્રીમકોર્ટ તેના આ આદેશ બાબતે વધુ ગંભીર છે. હકીકત એ છે કે, બેન્કો દ્વારા અપ્રમાણિક પગલાંઓનો ઢાંકપીછોડો કરવામાં આવે છે. ખરેખર બેન્કોએ આ અંગે સૌથી વધુ જવાબદાર છે. RBI કે જે એક વોચડોગ સંસ્થાની નૈતિક જવાબદાર સંસ્થા છે તે પણ આ પ્રકારની માહિતી જાહેર કરવામાં આંખ આડા કાન કરીને દેશના અર્થતંત્રને નુકસાન કરે છે તે સૌથી વધુ આઘાતજનક બાબત છે. આશા રાખીએ કે, સુપ્રીમકોર્ટના આ રૂલિંગને પગલે હવે RBI વધુ પારદર્શક બનશે. તેની જવાબદારી કંપનીઓ કરતાં નાગરિકો પ્રત્યે વધારે છે. શા માટે ડિફોલ્ટર્સના નામ નથી અપાતા? હા, જ્યારે કોઈ કંપનીના પ્રમોટર્સ બેન્કોના બાકી લેણાં ચૂકવવામાં ડિફોલ્ટર્સ થાય ત્યારે બેન્કોને પ્રમોટરોના રાજકીય સંબંધો પગલાં ભરવામાં અડચણરૂપ બનતા હોય છે અને પ્રમોટરો તેનો ભરપૂર ઉપયોગ કરવા માટે આઝાદી આપે છે. ધારો કે, બેન્કો નાણાંની રિકવરી માટે કોઈ નાની કંપનીને બાઉન્સર મોકલે તો તે તેના દરવાજે મોટી નોટિસ ચિપકાવી દે છે. ખરેખર તો જે કંપની પાસે જંગી લોનના નાણાં બાકી હોય તેની સામે બેન્કોએ મોટા પગલાં ભરવા જોઈએ. આપણા નાણાપ્રધાન બેન્કોને જણાવ્યું છે કે, ગરીબ કંપનીઓના ધનાઢ્ય પ્રમોટરો સામે કડક પગલાં ભરવા જોઈએ. વિજય માલ્યા હાલમાં સૌથી મોટા ડિફોલ્ટર્સ છે, પરંતુ ભ્રષ્ટાચાર અને લાંચ આપીને તેવો ડિફોલ્ટર્સ છતાં જલસાથી ફરે છે તે બેન્કોની ડિફોલ્ટર્સ પ્રત્યેની નિષ્ક્રિયતાનો ઉત્તમ નમૂનો છે.

શું તમે જાણો છો હાલમાં ૭૨૬૫ બોરોઅર્સ છે જે બેન્કોના નાણાં ચૂકવવામાં નાદાર થયા છે તેને વર્ગીકૃત કરીએ તો ડિફોલ્ટર્સદીઠ રૂા. ૨૫ લાખ થવા જાય છે, અને તે બધાનું કુલ ભંડોળ ગણીએ તો રૂા. ૬૪,૦૦૦ કરોડથ વધુ નાણાં કુલ બેન્કિંગ ડિફોલ્ટર્સના થાય છે, જે દેશની બેન્કિંગ સિસ્ટમના બેડ ડેબ્ટનો પાંચમો ભાગ થાય છે. RBI ના અંદાજ મુજબ ભારતીય બેન્કોના કુલ આઉટ સ્ટેન્ડિંગ લોનના ૧૧ ટકા બેડ લોન્સમાં થવા જાય છે. જ્યારે ક્રેડિટ સ્વિસની ગણતરીએ તે આંકડો ૧૭ ટકાથી વધુ થવા જાય છે.

આ હકીકત એવો પ્રશ્ન ઉભો કરે છે કે, શા માટે RBI એ બેન્કોની આવી માહિતી આપવા માટે ઢાંકપીછોડો કરતી રહે છે? આશા રાખીએ કે, આગામી દિવસોમાં આપણને RTI ફાઈલ કરીશું તો ભારતીય બેન્કિંગ સિસ્ટમની સાચી માહિતી મેળવી શકીશું. અત્રે ઉલ્લેકનીય છે કે, મે - ૨૦૧૩માં યુકો બેન્કે અખબારોમાં એક જાહેરાત પ્રસિધ્ધ કરી હતી તેમાં ચેઈડ એન્ડ ટેઈલને રૂા. ૧૧૦.૦૭ કરોડની લોન આપવા માટે ગેરંટર બનેલા એસ.કુમાર નેશનવાઈડના CMD નીતિન કાસ્લીવાલના ફોટા સાથે જાહેરાત છપાવી હતી. કંપની યુકો બેન્કને રૂા. ૧૧૦ કરોડની લોન ચૂકવવા ડિફોલ્ટ થઈ હતી.

આ સમયે બેન્કે સાહસિક પગલું ભરીને કોઈ કોર્પોરેટ સામે માથું ઊચક્યું હતું. સુપ્રિમકોર્ટ દ્વારા ઠરાવ પસાર કરીને RBI અને બેન્કોને તેમના ડિફોલ્ટર્સની માહિતી લોકો સમક્ષ જાહેર કરવા માટે જે આદેશ અપાયો છે તેવું ભારતના ઈતિહાસમાં પહેલીવાર બન્યું છે. આશા રાખીએ કે બેન્કો વહેલીતકે ડિફોલ્ટર્સના નામો જાહેર કરીને બેન્કિંગ સિસ્ટમને પારદર્શક બનાવશે.

## બજાર બહારની વાત — Dilip K. Shah

# FPI ના કુલ રોકાણના ૭૫ ટકા ફક્ત ૪૦ સ્ટોક્સમાં જ રોકાણ

અમેરિકાના ન્યુયોર્ક સ્ટોક એક્સચેન્જ કરતાં BSE ખાતે લિસ્ટેડ શેરોની સંખ્યા લગભગ ડબલથી પણ વધુ છે, પરંતુ ફોરેન ઈન્વેસ્ટરો (FPI) ના રોકાણનો લાભ બહુ ઓછી કંપનીઓને મળે છે. FPI ના મોટાભાગના ભારતીય હોલ્ડિંગમાં પસંદગીના સ્ટોક્સનો સમાવેશ થાય છે. તેના માટેનું મુખ્ય કારણ એ છે કે, માર્કેટ પાર્ટિસિપન્ટનું માનવું છે કે, સ્ટોકની પસંદગીમાં ભારતીય માર્કેટ વિશાળ લેન્થ ઓફર કરે છે, પણ સ્ટોક પસંદગીમાં તકો બહુ નબળી છે. આ ઉપરાંત કંપનીઓના પરિણામો તેના વેલ્યુએશનને અસર કરે છે.

એનાલિસ્ટો મુજબ BSE 200 ઈન્ડેક્સ કંપનીઓમાંથી ૪૦ ટકા સ્ટોક્સમાં જ FPI AUM નો ૭૫ ટકા રોકાણ થયેલું છે. તેમાં ટોપ ફાઈવ સ્ટોકમાં ઈન્ફોસિસ, HDFC, HDFC Bank, ICICI Bank & TCS જેવા સ્ટોક્સ ટોટલ FPI AUM નો ત્રીજા ભાગનો હિસ્સો ધરાવે છે. જ્યારે DII (ડોમેસ્ટિક ઈન્સ્ટિટ્યૂશનલ ઈન્વેસ્ટર)નો પોર્ટફોલિયો FPI કરતાં બિલકુલ અલગ છે. DII હોલ્ડિંગ મ્યુ. ફંડો HDFC Bank માં ૬.૫ ટકા, ઈન્ફોસિસમાં ૫.૨ ટકા, ICICI Bank માં ૪.૪ ટકા, મારૂતિમાં ૩.૪ ટકા અને એક્સિસ બેન્કમાં ૩.૨ ટકા જ્યારે LIC, ITC માં ૯.૫ ટકા, RIL માં ૬.૩ ટકા, L&T માં ૫.૬ ટકા, SBI માં ૫.૨ ટકા અને એક્સિસ બેન્કમાં ૪.૧ ટકા સાથે ૩૦.૭ ટકા હોલ્ડિંગ ધરાવે છે.

# શું RIL ના મુકેશ અંબાણી માટે ૨૦૧૬નું વર્ષ મુશ્કેલ રહેશે ?

રિલાયન્સ ઈન્ડ. લિ. ને ભારતના રોકાણકારોમાં ખાનગી સેક્ટરની ટોચની કંપનીનું સ્ટેટ્સ ધરાવે છે. દરેક રોકાણકાર કંપની દ્વારા ટેલિકોમ સેક્ટરમાં કરાયેલા રૂા. ૧૦૦,૦૦૦ કરોડના વળતરની રાહ જુએ છે. ક્રૂડના ભાવોમાં ઘટાડાને પગલે એવું લાગે છે કે, કંપનીની જામનગરની રિફાઈનરીનો ક્રૂડ ઉત્પાદન બિઝનેસ નજીકના ગાળામાં બહુ કમાણી કરી શકશે નહીં.

૨૦૧૬નું કેલેન્ડર વર્ષ મુકેશ અંબાણી માટે કદાચ મુશ્કેલીઓવાળુ સાબિત થઈ શકે છે. કંપનીએ ONGC ના કૂવામાંથી સ્ટીલિંગ ગેસ મેળવ્યો હતો, પરંતુ તેમાં તેને નેગેટિવ રિટર્ન મળ્યું છે. આ ઉપરાંત કંપની રિલાયન્સ જીઓ દ્વારા ટેલિકોમ સેક્ટરમાં ઝંપલાવી રહી છે ત્યારે કઈ રીતે કમાણી કરશે તેની કોઈ સ્પષ્ટતા કરી નથી. ૨૦૧૫ના વર્ષમાં રિલાયન્સનો શેર માંડ ૭.૫ ટકાના દરે ફ્લેટ સુધારો દર્શાવ્યો છે તેને કારણે શેરહોલ્ડરો નિરાશ છે. જો તેમનો જિઓ પ્રોજેક્ટ કમાણી કરવામાં નિષ્ફળ ગયો તો કંપનીનો આઠ અબજ ડોલરનો જુગાર ONGC ના શેલ ગેસ જેવો પૂરવાર થશે. ભગવાનને પ્રાર્થના કરો કે, જિઓ પ્રોજેક્ટ સફળ થાય.

### ક્રૂડના ભાવોમાં કડાકાને પગલે....

# Bajaj Auto, Bharat Forge, IT, Pharma વગેરે કંપનીઓને સહન કરવું પડશે

ક્રૂડના ભાવોમાં ઘટાડો અને વાહનચાલકો અને દેશના અર્થતંત્ર માટે ભલે ખુશીના સમાચાર હશે, પરંતુ કેટલીક કંપનીઓ જેવી કે, બજાજ ઓટો, ભારત ફોર્જ, L&T અને ડો. રેડ્ડી લેબ જેવી NSE-100 ઈન્ડેક્સવાળી કંપનીઓ માટે ભારે નુકસાનકારક અને દુ:ખદાયક બાબત છે. પશ્ચિમ એશિયા અને નોર્થ આફ્રિકાના દેશોમાં ઓઈલના પ્રમાણસરના ઉત્પાદનને કારણે આ કંપનીઓ પર નેગેટિવ અસર થઈ શકે છે. કારણ કે, આ કંપનીઓ પશ્ચિમી એશિયા અને નોર્થ આફ્રિકામાં તેમના ઉત્પાદનોની મોટાપાયે નિકાસ કરે છે. બજાજ ઓટો તેના કુલ વેચાણવેલ્યુના ૪૬ ટકાની નિકાસ કરે છે અને તેમાંથી ૭૫ ટકા નિકાસ આફ્રિકા, પશ્ચિમ એશિયા અને દક્ષિણ એશિયામાં થાય છે.

એન્જલ બ્રોકિંગના એનાલિસ્ટનું કહેવું છે કે, ભારત ફોર્જને પશ્ચિમ એશિયામાં જ નહીં પણ આફ્રિકન દેશોમાં પણ નિકાસ પર અસર થઈ શકશે, કારણ કે ભારત ફોર્જનો કોન્સોલિડેટેડ રેવન્યુ અને બિઝનેસને છેલ્લાં બે-ત્રણ વર્ષથી અસર થાય છે. ચાલુ નાણાવર્ષના પ્રથમ અર્ધવાર્ષિક ગાળામાં ભારત બહારના વેચાણમાં કંપનીઓએ રેવન્યુ ગ્રોથ ૧૯ ટકા જ્યારે સ્ટેન્ડએલોન વેચાણ ૩૩.૫ ટકા વધાર્યું. L&T ને સપ્ટેમ્બર ક્વાર્ટરમાં કંપનીની ઓર્ડરબુકના ૧૫ ટકા પશ્ચિમ એશિયામાંથી ઓર્ડર મળ્યા હતા. જ્યારે ડો. રેડ્ડી લેબ્સે તેની સબસિડિયરી દ્વારા આ ગાળામાં ૫૦ ટકા કોન્સોલિડેટેડ રેવન્યુ અને રશિયન ફર્મ દ્વારા ૧૨થી ૧૫ ટકા રેવન્યુ મેલવ્યો હતો. એનાલિસ્ટોના મતે ઓઈલ, ગેસ સેક્ટરે તેમના બજેટ ખોરવી નાખ્યા છે. ૨૦૧૪માં ક્રૂડના ભાવ ૪૦ ટકા ગગડ્યા તેને કારણે એશિયન પેઈન્ટ્સ, મેરિકો, કમિન્સ ઈન્ડિયા અને જર્મન ફાર્મા જેવી કંપનીને તેમના ગ્લોબલ બિઝનેસમાં ઘટાડાનો સામનો કરવો પડ્યો છે.

### ઈતિહાસ સાક્ષી છે કે....

# ફેડ રેટ હાઇકના છ મહિનામાં સેન્સેક્સ ઉછળતો જોવાયો છે

તા. ૧૬મી ડિસેમ્બરના રોજ જેની કાગડોળે રાહ જોવાતી હતી તે, ફેડરલ દ્વારા વ્યાજદરમાં ૦.૨૫ બેસિસનો વધારો કરવામાં આવ્યો છે. જોકે અત્રે એ બાબત નોંધપાત્ર મનાશે કે, ભૂતકાળમાં જ્યારે જ્યારે અમેરિકાએ વ્યાજદરમાં વધારો કર્યો છે તે પછીના છ મહિના સુધી ભારતીય શેરબજારમાં તેજીનો માહોલ સર્જાતો જોવાવા સાથે સેન્સેક્સ પણ ઝડપથી ઊંચકાતો જોવાયો છે. ૧૯૮૩ થી યુએસ ફેડરલ રિઝર્વ દ્વારા છ વખત રેટહાઈક કરેલ છે, અને જે છેલ્લો રેટહાઈક ૨૦૦૪માં કરવામાં આવ્યો હતો. જોકે ભારતીય શેરબજાર માટે છેલ્લાં ત્રણ વખતના રેટહાઈક એટલે કે ૧૯૯૪, ૧૯૯૯ અને ૨૦૦૪ના રેટહાઈકની નોંધપાત્ર પોઝિટિવ અસર જોવાઈ છે. તા. ૪થી ફેબ્રુઆરી ૧૯૯૪માં રેટહાઈક જાહેર થયો હતો, અને ત્યારબાદ સેન્સેક્સ ૬૯ ટકા ઉછળી ૨૩૩૬ ઉપરથી ઉછળી ૩૯૪૭ને સ્પર્શતો જોવાયો હતો. FIIનું રોકાણ પણ પોઝિટિવ રહ્યું હતું. ત્યારબાદ બીજો રેટહાઈક ડોટકોમ બબલ પૂટતા ૩૦મી જૂન ૧૯૯૯થી અમલ કરાયો હતો અને ત્યારપછીના ૬ મહિના દરમિયાન પણ સેન્સેક્સ ૩૦૬૦થી ૪૧૪૪ થવા સામે ૩૫ ટકા વધવા પામ્યો હતો. જોકે સદ્નસીબે બીજા છ મહિના પણ બજારમાં ઉછાળો ચાલુ રહ્યો હતો. ત્રીજો રેટહાઈક જુલાઈ ૧૯૯૯માં થતાં FIIનો નાણાંપ્રવાહ પોઝિટિવ રહ્યો હતો. છેલ્લો રેટહાઈક ૨૦૦૪, ૩૦મી જુનમાં કરાયો હતો. એક તબક્કે બાજપેયી સરકારનું પતન થતાં FII વેચવાલી હતી. જોકે ત્યારબાદ થવા પામેલ ચૂંટણીના પરિણામો બાદ પુન સક્રિય થઈ હતી અને પછીના છ માસ દરમિયાન ૨૮ ટકા વધવા પામ્યો હતો. હવે નોંધપાત્ર બાબત એ મનાશે કે, તાજેતરમાં તા. ૧૬મી ડિસેમ્બર રોજ રેટહાઈક કરાયેલ છે, અને તે પૂર્વે છ મહિનામાં સેન્સેક્સ ૧૧ ટકા ઘટેલ હતો. હવે રેટહાઈક જાહેર થઈ જવા પામ્યો છે, ત્યારે ઈતિહાસનું પુનરાર્વતન થશે? જોકે આ માટે હંમેશ મુજબ થોડી રાહ જોવી પડશે એ પણ હકીકત છે. (અનુ. પાના નં. ૬ ઉપર)

## 2016 Calendar in One Tabular Column

| Dates | | | | | Months | JAN APR JUL | FEB AUG | MAR NOV | MAY | JUN | SEP DEC | OCT |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 8 | 15 | 22 | 29 | | FRI | MON | TUE | SUN | WED | THU | SAT |
| 2 | 9 | 16 | 23 | 30 | | SAT | TUE | WED | MON | THU | FRI | SUN |
| 3 | 10 | 17 | 24 | 31 | | SUN | WED | THU | TUE | FRI | SAT | MON |
| 4 | 11 | 18 | 25 | | | MON | THU | FRI | WED | SAT | SUN | TUE |
| 5 | 12 | 19 | 26 | | | TUE | FRI | SAT | THU | SUN | MON | WED |
| 6 | 13 | 20 | 27 | | | WED | SAT | SUN | FRI | MON | TUE | THU |
| 7 | 14 | 21 | 28 | | | THU | SUN | MON | SAT | TUE | WED | FRI |

# ૨૦૧૫ ના વર્ષમાં ૫૦૦ ટકાથી વધુ રીર્ટન કમાવી આપનાર સ્ટોક્સ કયાં છે ?

શેરબજાર માટે ૨૦૧૫નું કેલેન્ડર વર્ષ સીમાચિહ્ન રૂપ રહ્યું છે. ૨૦૧૫નું કેલેન્ડર વર્ષ પુરૂં થવાને હવે ગણતરીના દિવસો બાકી છે ત્યારે શેરમાર્કેટના એનાલિસ્ટોએ વર્ષનું સરવૈયુ કાઢવાનું શરૂ કર્યું છે. ૨૦૧૫ના વર્ષમાં બીએસઈ સેન્સેક્સે સામાન્ય વળતર દર્શાવ્યુ છે તેની સામે ૨૯૬ માઈક્રો કેપ સ્ટોક્સ એવા છે કે, જેણે આ ગાળામાં ૧૦૦ ટકાથી વધુ ઉછાળો દર્શાવ્યો છે અને એમાંથી ૧૪ સ્ટોક્સ એવા છે જે વર્ષ દરમ્યાન ૫૦૦ ટકાથી વધુ ઉછળી મલ્ટીબેગર રિર્ટન કમાવી આપ્યું છે. અત્રે ૫૦૦ ટકાથી વધુ ઉછાળા સ્ટોક્સની યાદીમાં અનુક્રમે મંગલમ ડ્રગ્ઝ એન્ડ ઓર્ગેનિક્સનો શેર ૧૩૬૩ ટકાના જંગી ઉછાળઆ સાથે રૂ. ૨૦.૦૫ થી વધીને રૂ. ૨૯૩.૩૦ થયો હતો જ્યારે યુનિપ્લાય ઈન્ડ. નો શેર ૩૧ ડિસેમ્બર ૨૦૧૪ ના રોજ રૂ. ૧૩.૬૭ હતો તે વધીને ૧૦૫૧ ટકા ઉછળી રૂ. ૧૬૦ થયો હતો તેમાં આવેલા ઉછાળા માટે ટોચના ઈન્વેસ્ટરો રાધાક્રિષ્નન દામાણી, રમેશ દામાણી અને વલલ્ભ ભણસાલીનો મહત્વનો ફાળો છે. હિમાચલ ફાઈબર આ યાદીમાં ૯૬૮ ટકા ઉછાળા સાથે ત્રીજા ક્રમે છે આ શેર એક વર્ષમાં ૫.૬૪ થી વધીને ૬૦.૨૦ થયો હતો જ્યારે કુપીડ નો શેર ૯૪૭ ટકા ઉછળી ચોથા ક્રમે છે તેનો ભાવ એક વર્ષમાં રૂ. ૪૩.૨૫ થી વધી રૂ. ૪૫૩ થયો હતો. અન્ય કેટલાક માઈક્રોકેપ સ્ટોક્સ કે જે ટોપ ટેન રેન્કિંગમાં સમાવેશ થયો છે. તેમાં કિર્તી ઈન્ડસ્ટ્રીઝ, પાયોનિયર ડિસ્ટ્રીલરીઝ, કેમ્બ્રિજ ટેકનોલોજી એન્ટરપ્રાઈઝ, જી.એમ. બેવરેજીસ, કેસર પેટ્રો પ્રોડકટસ, વિગેરે મુખ્ય છે.

છેલ્લાં એક વર્ષમાં બમ્પર રીટર્ન કમાવી આપનાર સ્ટોક્સ

| Co. Name | 26-12 2014 | 24-12 2015 | Change (Rs.) | Change (%) |
|---|---|---|---|---|
| Uniply Industries | 8.64 | 163 | 154.36 | 1786.6 |
| Mangalam Drugs | 20.55 | 239.1 | 218.55 | 1063.5 |
| Himachal Fibres | 5.5 | 58 | 52.5 | 954.5 |
| Keerthi Industries | 23 | 234 | 211 | 917.4 |
| Cambridge Techno | 14 | 138 | 124 | 885.7 |
| CUPID | 43 | 403 | 360 | 837.2 |
| Pioneer Distilleries | 35 | 286 | 251 | 717.1 |
| Kesar Petro | 7 | 53 | 46 | 657.1 |
| Intrasoft Techno | 62 | 451 | 389 | 627.4 |
| G.M. Breweries | 90 | 649 | 559 | 621.1 |
| Brawn Biotech | 7 | 48 | 41 | 585.7 |
| Archana Software | 0.6 | 3.93 | 3.33 | 555.0 |
| Alpa laboratories | 12 | 76 | 64 | 533.3 |
| Emmbi Industries | 14 | 85 | 71 | 507.1 |
| Dynacons Techno | 2.98 | 18 | 15.02 | 504.0 |

દર બુધવારે પ્રસિધ્ધ થતું
સ્માર્ટ બોનાન્ઝા SMART BONANZA

સ્માર્ટ બોનાન્ઝા સાપ્તાહિકના અંક નંબર ૩૪ તા. ૨૩-૧૨-૨૦૧૫ ના રોજ પ્રસિદ્ધ થયેલ અંકમાં દર્શાવેલ સ્ક્રીપોમાં માત્ર ૨ જ દિવસોમાં જોવા મળેલ જબરજસ્ત ધડાકો

| કંપનીનું નામ | ભલામણ ભાવ | વીકલી હાઈ | તફાવત ટકા |
|---|---|---|---|
| **બુલ્સ આઈ** | | | |
| ભારત ગીયર્સ | ૯૪ | ૯૬ | ૨.૧ |
| હવેલ્સ ઈન્ડિયા | ૩૦૫ | ૩૧૦ | ૧.૬ |
| જે.કુમાર ઈન્ફ્રા. | ૩૬૨ | ૩૯૭ | ૯.૭ |
| એનબીસીસી | ૧૦૧૨ | ૧૦૩૬ | ૨.૪ |
| ટાટા એલેક્સી | ૨૨૮૨ | ૨૩૩૦ | ૨.૧ |
| **સ્ટોક ફયુચર** | | | |
| એસબીઆઈ | ૨૨૮ | ૨૩૨ | ૧.૮ |
| ICICI બેન્ક | ૨૬૦ | ૨૬૩ | ૧.૨ |
| એક્સીસ બેન્ક | ૪૪૭ | ૪૫૫ | ૧.૮ |
| યસ બેન્ક | ૭૨૦ | ૭૨૯ | ૧.૩ |
| ઈન્ડસીન્ડ બેન્ક | ૯૪૦ | ૯૫૨ | ૧.૩ |
| ટાટા સ્ટીલ | ૨૬૦ | ૨૬૬ | ૨.૩ |
| JSW સ્ટીલ | ૧૦૩૫ | ૧૦૭૫ | ૩.૯ |
| રિલા. ઈન્ડ. | ૯૭૫ | ૧૦૦૨ | ૨.૮ |
| રિલા. પાવર | ૫૧ | ૫૫ | ૭.૮ |
| રિલા. ઈન્ફ્રા. | ૪૫૩ | ૪૯૬ | ૯.૫ |
| રિલા. કેપીટલ | ૪૧૦ | ૪૨૩ | ૩.૨ |
| ગ્રાસીમ | ૩૭૩૦ | ૩૭૬૬ | ૧.૦ |
| ભારત ફોર્જ | ૮૬૦ | ૮૭૫ | ૧.૭ |
| અરવિંદ | ૩૩૦ | ૩૪૦ | ૩.૦ |
| ઓએનજીસી | ૨૩૨ | ૨૩૯ | ૩.૦ |
| સિમેન્સ | ૧૧૮૦ | ૧૨૩૨ | ૪.૪ |
| લાર્સન | ૧૨૮૯ | ૧૩૦૮ | ૧.૫ |
| આઈડીએફસી | ૪૮ | ૪૯ | ૨.૧ |
| ટાટા કોમ્યુ. | ૪૨૮ | ૪૩૯ | ૨.૬ |

| કંપનીનું નામ | ભલામણ ભાવ | વીકલી હાઈ | તફાવત ટકા |
|---|---|---|---|
| **પંટરના પટારામાંથી** | | | |
| સ્ટ્રાઈડ વોટર | ૨૦૭૯૮ | ૨૪૫૦૦ | ૧૭.૮ |
| એચડીઆઈએલ | ૭૩ | ૭૪ | ૧.૪ |
| નેસ્લે | ૫૭૩૧ | ૫૮૮૦ | ૨.૬ |
| કેડીલા હેલ્થકેર | ૩૯૦ | ૩૯૭ | ૧.૮ |
| આઈવીઆરસીએલ | ૯ | ૧૦ | ૧૧.૧ |
| જુબીલન્ટ લાઈફ | ૪૨૨ | ૪૫૫ | ૭.૮ |
| પ્રકાશ સ્ટીલ | ૧૩૩ | ૧૪૭ | ૧૦.૫ |
| અરવિંદ | ૩૩૨ | ૩૪૦ | ૨.૪ |
| સનોફી (ઈ) | ૪૩૫૨ | ૪૪૩૪ | ૧.૯ |
| એનબીસીસી | ૧૦૦૫ | ૧૦૩૬ | ૩.૧ |
| એનબીએલ ઈન્ફ્રા. | ૨૧૭ | ૨૩૨ | ૬.૯ |
| સનફાર્મા | ૭૬૨ | ૮૦૯ | ૬.૨ |
| જમના ઓટો | ૧૨૯ | ૧૩૫ | ૪.૭ |
| ઓમકાર સ્પે. | ૨૨૮ | ૨૪૧ | ૫.૭ |
| એએનજી ઈન્ડ. | ૫૩ | ૫૪ | ૧.૯ |
| **મીડકેપ બોનાન્ઝા** | | | |
| વન્ડ્રેલા | ૪૧૪ | ૪૩૦ | ૩.૯ |
| વીઆરએલ લોજી. | ૪૧૧ | ૪૨૦ | ૨.૨ |
| ટીએનપીએલ | ૨૬૮ | ૨૭૨ | ૧.૫ |
| **લાંબી રેસના ઘોડા** | | | |
| કેડીલા હેલ્થકેર | ૩૯૨ | ૩૯૭ | ૧.૩ |
| હેરીટેઝ ફુડ | ૫૭૦ | ૫૯૪ | ૪.૨ |
| **સ્મોલ બ્યુટીફુલ** | | | |
| પેન્નાર ઈન્ડ. | ૫૫ | ૫૬ | ૧.૮ |
| ફર્સ્ટ શોર્સ | ૪૪ | ૪૫ | ૨.૩ |

સ્માર્ટ બોનાન્ઝામાં સબસ્ક્રાઈબ કરવા માટે આજે જ સંપર્ક કરો
મો. : 09979330348

ગત સપ્તાહે ઈન્ટ્રાડેમાં Adani Transmission એ રૂ. ૩૬.૨૦ માં ધ્યાનમાં રાખવા જણાવ્યો હતો જેમાં એક જ સપ્તાહ દરમ્યાન રૂ. ૩૭.૫૦ નો આંક જોવાયો એટલે કે, સ્ટોકમાં ૩.૬ ટકાનો સાપ્તાહિક ઉછાળો જોવાયો. પોઝીશનલ કોલમાં Compuage Info રૂ. ૧૩૯.૫૫ માં ધ્યાનમાં જણાવ્યો હતો જેમાં ઉપરમાં રૂ. ૧૪૭.૫૦ નો આંક જોવાયો જ્યારે લોંગ ટર્મમાં Global Vectra Helicorp. રૂ. ૯૭.૨૦ માં જણાવ્યો હતો જેમાં એક જ સપ્તાહમાં રૂ. ૧૫.૭૫ નો આંક જોવાયો એટલે કે, સ્ટોકમાં માત્ર ૪ જ દિવસમાં ૧૯ ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો.

## Smart Intraday Positional Long Term

**Intraday :** Maral Overseas
**Positional :** Shilchar Techno
**Long Term :** AMD Industries

***Intraday :-***

***Maral Overseas (521018 & NSE) (Rs. 35.60)***

મારલ ઓવરસીઝ ૧૧૧૪ મીલીયન ડોલરના એલએનજે ભીલવારા ગ્રુપની ફ્લેગશીપ કંપની છે જે ટેક્ષ્ટાઈલ્સ સેકટરમાં સક્રિય છે. કંપનીના બે યુનિટ ૧૫૦૦ ટન ગ્રે યાર્ન, ૧૨૫ ટન ડાઈડ યાર્ન, ૪૦૦ ટન નીટેડ ફેબ્રિક્સ અને ૫ લાખ પીસ ગારમેન્ટ દર મહિને બનાવે છે. કંપનીની ઈક્વિટી રૂ. ૪૧.૫૧ કરોડ છે જેમાં પ્રમોટરો ૭૪.૯૫ ટકાનો ઊંચો સ્ટેક ધરાવે છે. નાણાંકીય વર્ષ ૨૦૧૬ ના પહેલા ૬ મહિનામાં કંપનીએ રૂ. ૩૧૫.૩૯ કરોડની આવક ઉપર રૂ. ૬.૨૪ કરોડનો નફો હાંસલ કર્યો છે. કંપનીનો દેખાવ આવનારા સમયમાં સુધરતો જોવા મળી શકે છે. આ સ્ટોકમાં રૂ. ૩૧ ના સ્ટોપલોસ સાથે ટુંકાથી મધ્યમગાળા માટે રોકાણ કરવું. ઉપરમાં ૫૦ સુધીનો ઉછાળો જોવા મળી શકે.

**** Positional***

***Shilchar Techno (531201) (181) :-***

વડોદરા સ્થિત આ કંપની ટ્રાન્સફોર્મરનું ઉત્પાદન અને વેચાણ કરે છે. કંપની વિવિધ પ્રકારના ટ્રાન્સફોર્મર બનાવે છે. કંપનીની ઈક્વિટી માત્ર રૂ. ૩.૮૧ કરોડ છે જેની સામે કંપની પાસે રૂ. ૨૯.૯૪ કરોડનું જંગી રીઝર્વ છે. કંપનીમાં પ્રમોટરો ૬૫.૮૫ ટકા અને પબ્લિક ૩૪.૧૫ ટકા સ્ટેક ધરાવે છે. નાણાંકીય વર્ષ ૨૦૧૬ ના પહેલા ૬ મહિનામાં કંપનીની આવક રૂ. ૫૦.૬૪ કરોડથી વધીને રૂ. ૫૨.૭૯ કરોડ થઈ છે જ્યારે નફો રૂ. ૩.૭૭ કરોડથી વધીને રૂ. ૪.૩૮ કરોડ થયો છે. કંપનીએ ૬ મહિનામાં રૂ. ૧૧.૪૯ ની ઈપીએસ હાંસલ કરી છે અને વર્તમાન ભાવે આ સ્ટોક માત્ર ૧૦.૮ ના પીઈથી ક્વોટ થઈ રહ્યો છે. કંપનીએ ગત વર્ષે ૧૫ ટકા ડિવિડંડ ચુકવ્યું હતું. સ્ટોકમાં રૂ. ૧૭૦ ના સ્ટોપલોસ સાથે ધ્યાન રાખવું. ઉપરમાં આવનારા ૫-૭ સપ્તાહમાં ૨૨૦થી ૨૨૫ નો ટાર્ગેટ જોવા મળી શકે.

**** Long Term***

***AMD Industries (532828 & NSE) (28.65) :-***

૧૪ ડીસેમ્બરના અંકમાં આ સ્ટોક અહીંથી રૂ. ૨૫ ના ભાવે ધ્યાનમાં રાખવા જણાવ્યો હતો જેમાં ખુબજ ટુંકાગાળામાં રૂ. ૨૮.૬૫ નો આંક જોવાયો છે. એટલે કે, સ્ટોક ઓલરેડી ૧૫ ટકા ઉછળી ચુક્યો છે. ટેકનીકલી વીકલી ચાર્ટ ઉપર આ સ્ટોકમાં મજબુત બ્રેક આઉટ જોવા મળ્યું છે અને વર્તમાન ભાવથી પણ આ સ્ટોકમાં હજુ સુધારો આગળ વધતો જોવા મળી શકે છે.

NSE તથા BSE ખાતે લિસ્ટેડ આ કંપની દિલ્હી ખાતે હેડ ક્વાર્ટર ધરાવે છે. કંપની પેકેજીંગ સેકટરમાં સક્રિય છે. કંપની વિવિધ પ્રકારના ક્રાઉન કેપ્સનું ઉત્પાદન કરે છે જે સોફ્ટ ડ્રીંક્સ, બ્રેવરેજીસ, વોટર, બીયર, લીકર અને ફાર્માસ્યુટીકલ્સ ઈન્ડસ્ટ્રીઝમનાં વપરાય છે. કંપનીની ઈક્વિટી રૂ. ૧૯.૧૭ કરોડ છે જેની સામે કંપની પાસે રૂ. ૧૦૨.૨૪ કરોડનું રીઝર્વ છે. કંપનીમાં પ્રમોટરો ૬૬.૭૬ ટકા અને પબ્લિક ૩૩.૨૪ ટકા સ્ટેક ધરાવે છે. નાણાંકીય વર્ષ ૨૦૧૬ માં કંપનીએ રૂ. ૯૬.૪૧ કરોડની આવક ઉપર રૂ. ૫.૫૨ કરોડનો નફો અને રૂ. ૨.૮૮ ની ઈપીએસ હાંસલ કરી છે. વર્તમાન ભાવે આ સ્ટોક માત્ર ૧૩.૨ ના નીચા પીઈથી ક્વોટ થઈ રહ્યો છે. કંપની શેર હોલ્ડરોને રેગ્યુલર ડિવિડંડ ચુકવે છે. નાણાંકીય વર્ષ ૨૦૧૫ માટે કંપનીએ ૯ ટકા ડિવિડંડ ચુકવ્યું હતું. વર્તમાન ભાવે આ સ્ટોક મજબુત લાગી રહ્યો છે. કંપનીની આઈપીઓ ૨૦૦૭ માં રૂ. ૭૫ ના ભાવે આવ્યો હતો અને લિસ્ટીંગ બાદ શેરનો ભાવ વધીને રૂ. ૯૪ થયો હતો. વર્તમાન ભાવે આ સ્ટોકમાં રૂ. ૨૩ ના સ્ટોપલોસ સાથે આ સ્ટોકમાં ધ્યાન રાખવું. ઉપરમાં ઝડપથી સ્ટોક રૂ. ૩૫-૩૭ નો આંક દર્શાવી શકે છે જ્યારે મીડીયમ ટર્મમાં આ સ્ટોક રૂ. ૪૫-૫૦ નો આંક દર્શાવી શકે છે.

***Disclosures***: At the time of writing this article, author, his clients & dependent family members may have positions in the stocks mentioned above. The author, his firm, his clients or any of his dependent family members may make purchases or sale of the securities mentioned in website. Author may have positions in above stocks so have vested interest obviously in their going up or down as the case may be.

***Disclaimer***: Investing in any equity is risky. Our recommendations are based on reliable & authenticated sources believed to be true & correct, and also is technical analysis based on & conceived from charts. Investors should take their own decisions. We assume no responsibility for any transactions undertaken by them. The author won't be liable or responsible for any legal or financial losses made by anybody.

## ફ્યુચર ઓપ્શન ડાયરી

Nilesh S. Kotak (Mob. : 8866004076)

નિફ્ટી સતત બીજા સપ્તાહમાં સુધરીને બંધ આવેલ છે. નિફ્ટીએ અઠવાડીક ધોરણે ૧૦૦ પોઈન્ટનો સુધારો દર્શાવ્યો છે. નિફ્ટીએ ૭૮૫૦ ના લેવલની ઉપર બંધ આપેલ છે. જો આગામી સપ્તાહમાં નિફ્ટી આ લેવલની ઉપર જળવાઈ રહેશે તો બજારમાં સુધારાનો દોર આગળ વધે તેવી શકયતા રહેલી છે. વોલેટીલીટી ઈન્ડેક્સ ૧૩.૭૪ બંધ આવેલ છે. ઓવરઓલ નિફ્ટીનો પુટ - કોલ રેશિયો ૦.૯૨ આવેલ છે.

(કોઈપણ પોઝીશન પાંચ થી સાત દિવસના સમયગાળા માટે લેવી.) નોંધ : વેચાણની પોઝીશન દર્શાવિલા લેવલની નીચે શેરનો ભાવ જાય તો જ અને ખરીદીની પોઝીશન દર્શાવિલા ભાવની ઉપર જાય તે પછી જ લેવી.

***Future Buy of the week***

***Engineers India (229.10)*** :- ડિસેમ્બર માસનો ફયુચર ૨૩૦ ઉપર ૨૨૨ નો સ્ટોપલોસ રાખી ખરીદો. આગામી દિવસોમાં ૨૩૬ સુધી સુધારાની શકયતા છે.

***Biocon (509)*** :- ડિસેમ્બર માસનો ફયુચર ૫૧૦ ઉપર ૫૦૨ નો સ્ટોપલોસ રાખી ખરીદો. આગામી દિવસોમાં ૫૨૦ સુધી સુધારાની શકયતા.

***Ajanta Pharma (1333)*** :- ડિસેમ્બર માસનો ફયુચર ૧૩૩૫ ઉપર ૧૩૧૦ નો સ્ટોપલોસ રાખી ખરીદો. આગામી દિવસોમાં ૧૩૫૫ સુધી સુધારાની શકયતા.

***CESC (525.80)*** :- ડિસેમ્બર માસનો ફયુચર ૫૨૫ ઉપર ૫૧૨ નો સ્ટોપલોસ રાખી ખરીદો. આગામી દિવસોમાં ૫૪૦ સુધી સુધારાની શકયતા જોવાય.

***Bharat Electronics (1319)*** :- ડિસેમ્બર માસનો ફયુચર ૧૩૧૯ ઉપર ૧૨૯૦ નો સ્ટોપલોસ રાખી ખરીદો. આગામી દિવસોમાં ૧૩૫૫ સુધી સુધારાની શકયતા.

***Future Sell of the week***

***TVS Motor (285.75)*** :- ડિસેમ્બર માસનો ફયુચર ૨૮૬ નીચે ૨૯૫ નો સ્ટોપલોસ રાખી વેચો. આગામી દિવસોમાં ૨૭૫ સુધી ઘટાડાની શકયતા.

***Zee Entertainment (412.25)*** :- ડિસેમ્બર માસનો ફયુચર ૪૧૨ નીચે ૪૨૧ નો સ્ટોપલોસ રાખી વેચો. આગામી દિવસોમાં ૪૦૩ સુધી ઘટાડાની શકયતા.

***PFC (205.70)*** :- ડિસેમ્બર માસનો ફયુચર ૨૦૬ નીચે ૨૧૫ નો સ્ટોપલોસ રાખી વેચો. આગામી દિવસોમાં ૧૯૫ સુધી ઘટાડાની શકયતા.

***Strides Arcolab (1293)*** :- ડિસેમ્બર માસનો ફયુચર ૧૨૯૩ નીચે ૧૩૧૫ નો સ્ટોપલોસ રાખી વેચો. આગામી દિવસોમાં ૧૨૭૦ સુધી ઘટાડાની શકયતા.

***Titan (353)*** :- ડીસેમ્બર માસનો ફયુચર ૩૫૩ નીચે ૩૬૨ નો સ્ટોપલોસ રાખી વેચો. આગામી દિવસોમાં ૩૪૦ સુધી ઘટાડાની શકયતા.

*Disclosures as per SECURITIES AND EXCCHANGE BOARD OF INDIA (Research Analysts) Regulation, 2014;*

*• I and / or my clients may have investment in this stocks • I/My family have no financial interest or beneficial interest of more than 1% in the company whose stocks I am recommending • I / My family have not received nay compensation from the company where I am recommending a trade or investment. • I have not served as an officer director or employee of company and have not been engaged in market - making activity of the company covered in the research report • I have no material conflict in recommendations posted here (Nilesh S. Kotak) • Research Analyst : SEBI Regn No. : INH000002103*

દર બુધવારે
Gujarati Financial Weekly
સ્માર્ટ બોનાન્ઝા SMART BONANZA

તમામ બુક સ્ટોલ પર ઉપલબ્ધ

બિલિયોનેર બનવાનો કીમિયો

શેરબજારમાં ૨૫ વર્ષથી વધુનો અનુભવ ધરાવતા ઈન્વેસ્ટમેન્ટ એડવાઈઝર અને લેખક એ.કે. અસનાનીએ એક કીમિયો આપ્યો છે, જે આ પુસ્તક - બિલિયોનેર બનવાનો કીમિયો- સ્વરૂપે રજૂ કરાયો છે. શેરમાં રોકાણ કરીને કઈ રીતે સંપત્તિનું સર્જન કરીને અબજોપતિ બનવું તેનું રહસ્ય સરસ મજાની વાર્તા, જીવનના પ્રસંગો, ઉદાહરણો અને વ્યૂહરચનાના માધ્યમથી સમજાવવાનો ખૂબ જ સરળ અને રસપ્રદ પ્રયાસ લેખકે કર્યો છે. શેરમાં રોકાણ કરવા માગતા યુવાઓ અને રોકાણ કરી રહેલા રોકાણકારો માટે આ પુસ્તક ખૂબ જ ઉપયોગી થઈ પડશે.




સંપર્ક : એ.કે. અસનાની : ૦૯૮૯૩૫૧૨૦૯૮

# Technical Trading Trends

- Parag Salot (SEBI Registered Research Analyst)
M. : 91-9930011789

**નિફ્ટી :** વિતેલ સપ્તાહના પોઝીટીવ ટોન સાથે શુક્રવારના રોજ નિફ્ટી ૭૮૭૪ ના લેવલે બંધ રહેવા પામી હતી આવનાર સપ્તાહમાં નિફ્ટી ૮૧૦૦ ના લેવલને ટચ કરી શકે છે. નીચેની સાઈડ ૭૫૭૦ નું લેવલ સપોર્ટ લેવલ તરીકે ગણવું. જો કે, મીડીયમ ટર્મ સપોર્ટ ૭૭૦૦ નો ધ્યાનમાં રાખવો. ૭૭૦૦નું લેવલ તુટતા નિફ્ટીમાં વધુ ઘટાડાની સંભાવના જોવાય.

**બેન્ક નિફ્ટી :** વિતેલ સપ્તાહે ૧૬૭૭૫ ની ઉપરના લેવલે ખરીદીની પોઝીશન જોવાવા સાથે બેન્ક નિફ્ટી ૧૬૮૪૫ ના લેવલે શુક્રવારના રોજ બંધ થવા પામેલ હતી. સાપ્તાહિક દરમ્યાન પોઝીટીવ મોમેન્ટમ સાથે આવનાર સપ્તાહમાં બેન્ક નિફ્ટી ઉપરમાં ૧૭૧૫૦ ના લેવલે જોવા મળી શકે નીચાના લેવલે ૧૬૬૦૦/૧૬૪૦૦ નો સપોર્ટ લેવલ ધ્યાનમાં રાખવો જે લેવલ તુટતા વેચાણની પોઝીશનમાં રહેવું.

**Note** : All calls are momentum calls based on technical analysis and all levels as per future prices (If scrip not available in futures then BSE Cash price). All these calls are given based on daily charts but intra-day signals are equally important to enter the trade in a timely manner. Timing is very important and we at shareinfoline.com give you timely calls based on intra-day charts.

## Result Update

| Scrip Name | BSE Code | Entry Date | Buy at Between | Did. High | Remarks |
|---|---|---|---|---|---|
| Apollo Hospital | 508869 | 21-Dec | 1445 | 1460 | Target Achieved |
| Biocon | 532523 | 21-Dec | 487 | 514.4 | Target Achieved |
| Infratel | 534816 | 21-Dec | 400 | 423.35 | Target Achieved |

## Trading Buy

| Scrip Name | BSE Code | Last Close | Buy at Above | 1st Tgt. | 2nd Tgt. | Stop Loss |
|---|---|---|---|---|---|---|
| Apollo Hospital | 508869 | 1441.5 | 1445 | 1460 | 1480 | 1420 |
| Asian Paints | 500820 | 884.05 | 880/884 | 890 | 900 | 870 |
| Bajaj Auto | 532977 | 2492.95 | 2490/2500 | 2520 | 2545 | 2475 |
| BPCL | 500547 | 904.4 | 907 | 918 | 930 | 890 |
| Crompton Greaves | 500093 | 193.8 | 190/195 | 205 | 512 | 185 |
| Dabur | 500096 | 277.65 | 275/278 | 285 | 295 | 270 |
| Havells | 517354 | 306.2 | 308 | 314 | 320 | 300 |
| HDFC Bank | 500180 | 1074 | 1082 | 1095 | 1110 | 1060 |
| IBULSHSG Fin | 535789 | 710 | 710 | 720 | 732 | 695 |
| LICHsgFin | 500253 | 487.6 | 490 | 495 | 500 | 484 |

## Trading Sell

| Scrip Name | BSE Code | Last Close | Buy at Above | 1st Tgt. | 2nd Tgt. | Stop Loss |
|---|---|---|---|---|---|---|
| Maruti | 532500 | 4605.5 | 4570 | 4540 | 4500 | 4615 |
| Strides Ar. | 532531 | 129.9 | 1280 | 1270 | 1250 | 1300 |

## ૨૦૦૮ અને ૨૦૧૧ નું ૨૦૧૫માં પુનરાવર્તન FIIની વેચવાલીને DIIએ પચાવી સંકટના સમયની સાકળ બની DII લેવાલ બનતાં શેર માર્કેટ 'બેહાલ' થતાં બચી ગયું

| Period | FPI | DII | Return on Nifty (%) |
|---|---|---|---|
| Jan-June 2008 | 59161 | 43677 | 34.20 |
| July-Dec. 2008 | 42640 | 28289 | 26.80 |
| Jan-June 2009 | 10671 | 12113 | 45.00 |
| July-Dec. 2009 | 141448 | 13892 | 21.20 |
| Jan-June 2011 | 9200 | 14665 | 7.9 |
| July - Dec. 2011 | 17419 | 14540 | 18.1 |
| Jan-June 2012 | 37607 | -19168 | 14.1 |
| July- Dec. 2012 | 63558 | -36663 | 11.9 |
| July-Dec. 2015 | 37515 | 36106 | 7.3 |

## ધડાકો

સ્માર્ટ ઈન્વેસ્ટમેન્ટ સાપ્તાહિકના અંક ૪૬ માં વિવિધ કોલમોમાં ભલામણ કરાયેલ શેરોમાં આવેલ ઉછાળાની વિગત

| કંપનીનું નામ | ભલામણ ભાવ | અઠવાડિક હાઈ | તફાવત ટકા |
|---|---|---|---|
| **સ્માર્ટ બેસ્ટ બાય** | | | |
| એલાન્ટાસ બેક | ૧૪૨૭ | ૧૫૪૭ | ૮.૪ |
| એક્સીસ બેન્ક | ૪૩૨ | ૪૫૫ | ૫.૩ |
| અમર રાજા બેટરીઝ | ૮૫૩ | ૮૭૨ | ૨.૨ |
| ફોર્સ મોટર્સ | ૩૦૪૫ | ૩૧૩૯ | ૩.૧ |
| **સ્માર્ટ સુપર ડુપર** | | | |
| બીઈએમએલ | ૧૨૬૩ | ૧૩૧૧ | ૩.૮ |
| આશાપુરા ઈન્ટીમેટ | ૨૫૨ | ૨૮૯ | ૧૪.૭ |
| કેએનઆર કન્સ્ટ્ર. | ૫૭૦ | ૫૯૦ | ૩.૫ |
| સ્ટાયલમ ઈન્ડ. | ૨૦૮ | ૨૨૪ | ૭.૭ |
| **હાઈ રીસ્ક હાઈ રીટર્ન શેર્સ** | | | |
| બી.એફ. યુટીલીટીઝ | ૬૨૪ | ૬૬૯ | ૭.૨ |
| ઈન્ડો કાઉન્ટ | ૧૦૮૬ | ૧૧૧૩ | ૨.૫ |
| ICICI બેન્ક | ૨૫૦ | ૨૬૩ | ૫.૨ |
| ઈન્ડીગો | ૧૧૮૫ | ૧૩૦૫ | ૧૦.૧ |
| કેડીડીએલ | ૩૨૭ | ૩૫૦ | ૭.૦ |
| ડીએફએમ ફુડઝ | ૮૬૩ | ૯૯૦ | ૧૪.૭ |
| અનુહ ફાર્મા | ૩૨૯ | ૩૪૪ | ૪.૬ |
| સુપર સેલ્સ | ૪૪૩ | ૫૦૫ | ૧૪.૦ |
| શ્રીરામ ટ્રાન્સ. | ૮૩૦ | ૮૬૨ | ૩.૯ |
| **માર્કેટ ટીપ્સમાં ફરતાં શેરો** | | | |
| નેલકાસ્ટ | ૬૯ | ૭૪ | ૭.૨ |
| હવેલ્સ ઈન્ડિયા | ૩૦૪ | ૩૧૦ | ૨.૦ |
| બજાજ ફાયનાન્સ | ૫૮૦૪ | ૫૯૩૨ | ૨.૨ |
| સ્ટ્રાઈડ આર્કોલેબ | ૧૩૦૬ | ૧૩૩૨ | ૨.૦ |
| ડી.બી. કોર્પ. | ૩૨૭ | ૩૩૨ | ૧.૫ |
| વન્ડ્રેલા હોલિડે | ૩૮૦ | ૪૩૦ | ૧૩.૨ |

| કંપનીનું નામ | ભલામણ ભાવ | અઠવાડિક હાઈ | તફાવત ટકા |
|---|---|---|---|
| **શ્યોર શોટ્સ** | | | |
| પી.સી. જ્વેલર્સ | ૪૦૦ | ૪૧૮ | ૪.૫ |
| એચયુએલ | ૮૫૯ | ૮૭૪ | ૧.૭ |
| ઈન્ટરગ્લોબલ | ૧૧૪૦ | ૧૨૦૫ | ૫.૭ |
| જે કુમાર ઈન્ફ્રા. | ૩૫૫ | ૩૯૭ | ૧૧.૮ |
| હેરીટેઝ ફુડઝ | ૫૭૩ | ૫૯૪ | ૩.૭ |
| **સ્માર્ટ ટીપ્સ** | | | |
| જમના ઓટો | ૧૩૦ | ૧૩૫ | ૩.૮ |
| ટીનપ્લેટ | ૭૩ | ૭૭ | ૫.૫ |
| આલ્કલી એમાઈન્સ | ૩૭૦ | ૩૯૪ | ૬.૫ |
| ટી.ડી. પાવર | ૩૧૫ | ૩૩૦ | ૪.૮ |
| સુર્યલક્ષ્મી કોટન | ૧૧૨ | ૧૨૨ | ૮.૯ |
| **ધ્યાનમાં રાખવા જેવા શેરો** | | | |
| વી-માર્ટ | ૪૫૨ | ૫૮૬ | ૨૯.૬ |
| ટ્રેન્ટ | ૧૫૬૮ | ૧૭૫૭ | ૧૨.૧ |
| ગોદરેજ | ૧૩૧૧ | ૧૩૨૯ | ૧.૪ |
| ક્યુમિન્સ | ૧૦૨૪ | ૧૦૪૪ | ૨.૦ |
| **ગપસપ** | | | |
| એવરેસ્ટ કાન્ટો | ૧૪ | ૧૭ | ૨૧.૪ |
| જ્યોતિ લી. | ૭૪ | ૮૪ | ૧૩.૫ |
| સુબ્રોસ | ૧૦૫ | ૧૧૭ | ૧૧.૪ |
| અસ્ટ્રા માઈક્રો | ૧૩૯ | ૧૪૮ | ૬.૫ |
| સારેગામા | ૪૦૦ | ૪૧૦ | ૨.૫ |
| પાવર ગ્રીડ | ૧૩૫ | ૧૪૧ | ૪.૪ |
| લીંકન ફાર્મા | ૨૧૫ | ૨૨૯ | ૬.૫ |
| નીતિન સ્પિનર્સ | ૬૯ | ૮૨ | ૧૮.૮ |
| કેપીટલ ફર્સ્ટ | ૪૧૦ | ૪૧૬ | ૧.૫ |

# તરખાટ મચાવે તેવા ટાબરીયા શેરો

પાર્થિવ ઝવેરી : ૮૪૦૧૬૮૯૨૪૦

**Kemrock (526015) (23)** :- સટ્ટાકીય જોખમ ઉઠાવનારે આ શેરમાં રોકાણ કરવું. રૂ. ૨૦ ના સ્ટોપલોસે રૂ. ૪૦ ના ટાર્ગેટભાવ સાથે વર્તમાન લેવલે રોકાણ કરવું.

**Super Spinners (521180) (11.50)** :- રૂ. ૧૦ ની આસપાસ રૂ. ૮.૫૦ ના સ્ટોપલોસથી ખરીદી કરનારને ઉપરમાં રૂ. ૨૦ નો ભાવ જોવા મળી શકે.

**Jai Corp. (512237) (67)** :- રૂ. ૬૦/૬૨ ની આસપાસ રૂ. ૫૪ ના સ્ટોપલોસથી રૂ. ૧૦૦ ના ટાર્ગેટભાવ માટે ખરીદી કરવી.

**Shetron (526137) (54)** :- રૂ. ૪૩ ના સ્ટોપલોસથી વર્તમાન ભાવે ખરીદી કરનારને આગામી દિવસોમાં ૮૦ નો ભાવ જોવા મળી શકે.

**FCL (533333) (34)** :- રૂ. ૩૦ ની આસપાસ રૂ. ૨૫ ના સ્ટોપલોસથી ખરીદી કરવી. વધઘટે ટુંકાથી મધ્યમગાળામાં ૫૦ થી ૫૫ નો ભાવ જોવા મળી શકે.

**RTS Power (531215) (52)** :- રૂ. ૪૫ ના સ્ટોપલોસથી ખરીદી કરનારને વધઘટે રૂ. ૭૫ નો ભાવ જોવા મળી શકે.

**AFL (532774) (91)** :- રૂ. ૮૦ ના સ્ટોપલોસથી ખરીદી કરનારને વધઘટે આગામી દિવસોમાં ૧૨૦ થી ૧૩૦ નો ભાવ જોવા મળી શકે.

**Opto Circuit (532391) (13)** :- રૂ. ૧૦ ના સ્ટોપલોસથી ખરીદી કરવી. વધઘટે આગામી દિવસોમાં ૨૨ થી ૨૫ નો ભાવ જોવા મળી શકે તો નવાઈ નહી.

**DCW (500117) (25)**:- રૂ. ૨૦ ના સ્ટોપલોસથી ખરીદી કરનારને વધઘટે આગામી દિવસોમાં ૩૫ નો ભાવ મળે.

**Manugraph (505324) (65)** :- રૂ. ૫૫ ના સ્ટોપલોસથી ખરીદી કરવી. વધઘટે આગામી દિવસોમાં ૧૦૦ નો ભાવ મળે.

**Elpro (504000) (54)** :- રૂ. ૫૦ ની આસપાસ રૂ. ૪૪ ના સ્ટોપલોસથી ખરીદી કરનારને વધઘટે રૂ. ૮૦ નો ભાવ મળે.

**Nelcast (532864) (70)** :- રૂ. ૬૨ ના સ્ટોપલોસથી ખરીદી કરવી. વધઘટે આગામી દિવસોમાં ૧૦૦ થી ૧૧૦ નો ભાવ જોવા મળી શકે.

**Cochin Mineral (513353) (79)** :- રૂ. ૭૫ ની આસપાસ રૂ. ૬૮ ના સ્ટોપલોસથી ખરીદી કરનારને વધઘટે રૂ. ૧૨૦ થી ૧૨૩ નો ભાવ જોવા મળી શકે.

**Alembic (506235) (50)** :- રૂ. ૪૨ ના સ્ટોપલોસથી ખરીદી કરવી. ટુંકાથી મધ્યમગાળામાં આ શેરનો ભાવ ૭૫ થી ૮૦ નો ભાવ જોવા મળી શકે.

**Insilco (500211) (20)** :- રૂ. ૧૬ ના સ્ટોપલોસથી ખરીદી કરવી. વધઘટે મધ્યમગાળામાં ૩૫ નો ભાવ જોવા મળે.

### Ride to it & enjoy

**Walchandnagar Ind. (507410) (179)** :- રૂ. ૧૭૦ ની આસપાસ રૂ. ૧૬૧ ના સ્ટોપલોસથી ખરીદી કરનારને વધઘટે આગામી દિવસોમાં ૨૨૦ થી ૨૫૦ નો ભાવ જોવા મળી શકે.

**Indswift Lab. (532305) (35)** :- રૂ. ૩૦ ની આસપાસ રૂ. ૨૬ ના સ્ટોપલોસથી ખરીદી કરવી. વધઘટે આગામી દિવસોમાં ૫૫ નો ભાવ મળે.

**SPEL Semi. (517166) (25)** :- રૂ. ૨૧ ના સ્ટોપલોસથી ખરીદી કરનારને વધગેટ આગામી દિવસોમાં ૩૫ નો ભાવ જોવા મળી શકે.

**HCIL (500184) (16.50)** :- રૂ. ૧૨ ના સ્ટોપલોસથી ખરીદી કરનારને વધઘટે રૂ. ૨૫ થી ૨૮ નો ભાવ જોવા મળી શકે.

**Nitin Spineers (532698) (78)** :- રૂ. ૭૦/૭૩ ની આસપાસ રૂ. ૬૪ ના સ્ટોપલોસથી ખરીદી કરનારને ટુંકાગાળામાં ૧૧૦ થી ૧૨૦ નો ભાવ મળે.

*ડિસ્કલોઝર : આ કોલમમાં પ્રસિદ્ધ કરાયેલ સ્ક્રિપમાં લેખકનું રોકાણ નથી તેમજ લેખકનો અભિપ્રાય અંગત છે., વાંચકવર્ગ, રોકાણકાર વર્ગે રોકાણ કરતાં અગાઉ આ સેકટરના નિષ્ણાતની સલાહ લેવી. , સ્માર્ટ ઈન્વેસ્ટમેન્ટના તંત્રી - મેનેજમેન્ટ નુકશાની માટે જવાબદાર રહેશે નહી.*

બિલિયોનેર બનવાનો કીમિયો



પુસ્તક મેળવવા માટે સંપર્ક

Stadium Book Corner
7, Ground Floor, Trade Centre,
Navrangpura, Ahmedabad-9.
Phone : 26408840

SMART INVESTMENT
English & Gujarati
Edition Every Sunday

## રૂપિયા ૧ લાખના રોકાણનું વળતર

| (As on 18-12-15) | Sensex | Gold | Silver | FD (SBI) | PPF* |
|---|---|---|---|---|---|
| 1 Year | 94075 | 93094 | 89504 | 107449 | 108700 |
| 1 Year Post Tax Returns | 94075 | NA# | NA# | 105214 | 108700 |
| 5 Year | 128464 | 123867 | 73568 | 141477 | 151756 |
| 5 Year Post Tax Returns | 128464 | 121480* | NA# | 129034 | 151756 |

** Taxed at 10 % without indexation, **Indexed post-tax returns; All Post-Tax returns calculated on Capital Gains, except PPF ; *** Taxed at Slab rate 30 %*

## રિટેઈલ રોકાણકારો અનિશ્ચિત માર્કેટમાં પણ SIP માટે નિશ્ચિત મ્યુચ્યુઅલ ફંડોમાં સતત ૧૬ મહિના દરમ્યાન પોઝીટીવ મૂડીપ્રવાહ

ઈક્વિટી માર્કેટ માટે નવેમ્બર નિરાશાજનક મહિનો રહ્યો. યુ.એસ. ફેડ દ્વારા વ્યાજદર વધવાની શકયતાના પગલે રોકાણકારો લગભગ બજારથી અળઘા રહ્યા હતા. બીજી બાજુ GST બિલ પાસ થવાની અનિશ્ચિત્તાએ પણ તેમાં ઉમેરો કર્યો હતો જ્યારે પ્રાઈવેટ બેન્કિંગ સેકટરની એક્સિસ અને એચડીએફસી જેવી બેન્કોમાં સન ફાર્મા અને લાર્સન એન્ડ ટુબ્રો જેવા સ્ટોક્સમાં નીચા લેવલે મોટાપાયે રોકાણ કર્યું હતું.

બીજી બાજુ રિટેઈલ ઈન્વેસ્ટરોએ સીધા બજારમાં જવાને બદલે એસઆઈપી અને ઈક્વિટી મ્યુચ્યુઅલ ફંડો દ્વારા રોકાણ માર્ગ અપનાવ્યો હતો. નવેમ્બર ઈક્વિટી ફંડોએ રૂ. ૬૫૫૦ કરોડનું જંગી રોકાણ કર્યું હતું આમ ઈક્વિટી મ્યુચ્યુઅલ ફંડોનો ઈક્વિટીમાં પોઝિટિવ રોકાણ સતત ૧૯ મહિનાં હતો. મારૂતિ, અશોક લેલેન્ડ અને કેડિલા હેલ્થકેર જેવા સ્ટોક્સમાં MSCI ઈન્ડેક્સમાં હતા એ કેટલાક ફંડોએ આ સ્ટોકમાં રોકાણ કરીને લાઈમલાઈટમાં લાવ્યા હતા જ્યારે ઓઈલ માર્કેટિંગ કંપનીઓ પણ ખરીદીનો રસ જોવા મળ્યો હતો. નીચા લેવલે ડીએલએફ, આઈઆરબી ઈન્ફ્રા અને જીએમઆર ઈન્ફ્રા જેવા સ્ટોક્સમાં પણ રોકાણ રસ વધ્યો હતો.

## અગ્રણી મ્યુચ્યુઅલ ફંડોએ ક્યા સ્ટોક્સ ખરીદ્યા....ક્યા સ્ટોક્સ વેચ્યા ?

| Fund Name | Buy | Sell | Fresh Inclusion | Complete Exit |
|---|---|---|---|---|
| HDFC | Reliance<br>Sun Pharma<br>HDFC Bank | Maruti<br>Wipro<br>HDFC | Castroal<br>IRB Infra | Ashok Leyland |
| ICICI MF | Axis Bank<br>L & T<br>Oil India | Maruti<br>SBI<br>Tata Motors DVR | Fab Bearings<br>UCO Bank | CEAT |
| Rel. MF | Sun Pharma<br>Jubilant Food<br>Reliance | TVS Motors<br>Maruti<br>Tata Motors | Lovable Lin.<br>Mind Tree | Mannapurm Fin. |
| Birla SL | Hero Honda<br>Axis Bank<br>ITC | Maruti<br>Tata Motors<br>ICICI Bank | DLF<br>GMR Infra | IPCA |
| UTI MF | NTPC<br>Tech Mah.<br>Sun Pharma | Bharat Forge<br>Dr. Reddy.<br>CEAT | I.B. Housing | |
| Franklin Te. | SBI<br>Axis Ban<br>HDFC Bank | Torrent Ph.<br>Cadila<br>Tata Motors | Jubilant Food | CRISIL |
| SBI MF | HDFC Bank<br>Infosys<br>Reliance | Maruti<br>Motherson Sumi<br>Tata Motors | NA | Wabco |

### ઓછા ખર્ચાળ શેરો
### સૌથી નીચો સંભવિત PE ધરાવતા સ્ટોક્સ

| Co. Name | Lowest Forward PE |
|---|---|
| J K Tyres & Ind. | 6.96 |
| PTC India | 7.11 |
| OBC | 8.25 |
| South India Bank | 8.46 |
| Chambal Ferti. | 8.46 |

### શ્રેષ્ઠ 5 PEGs સ્ટોક્સ
### સૌથી ઓછો પ્રાઈસ અર્નીંગ ગ્રોથ ધરાવતા સ્ટોક્સ

| Co. Name | Earning Grwoth Ratio |
|---|---|
| OBC | 0.05 |
| Cox & Kings | 0.13 |
| CESC | 0.14 |
| Tata Power | 0.14 |
| JK Tyres & Ind. | 0.15 |

### સૌથી વધુ વળતરદાયી શેરો
### સૌથી ઊંચુ ડિવિડંડ યીલ્ડ ધરાવતા ટોપ - ૫ સ્ટોક્સ

*Investor Earn as Div. for Every Rs. 100/- Invested*

| Co. Name | Hig.Div. Yield |
|---|---|
| Coal India | 6.55 |
| Oil India | 5.32 |
| I.B. Housing | 5.05 |
| ONGC | 4.00 |
| Hexaware | 3.63 |

### ઓછા જોખમી-૫ સ્ટોક્સ
### ડાઉન સાઈડ રીસ્કની નહિવત સંભાવના ધરાવતા

| Co. Name | Lowest Downside Risk |
|---|---|
| HDFC Bank | 0.81 |
| Power Grid | 0.90 |
| Grasim Ind. | 0.96 |
| Maruti Suzuki | 1.02 |
| D. B. Corp. | 1.03 |

Financial Weekly
SMART INVESTMENT

## સર્કીટ બ્રેકીંગ શેર્સ

Manoj Sanghvi
(M.: 093270 72792)

સૌ વાચકમિત્રોને ક્રિસમસની શુભકામનાઓ....

સ્મોલ - મિડકેપ્સ અને અલકેમ, ડૉ. લાલના આઈપીઓ લિસ્ટીંગ ધમાકેદાર વળતર રોકાણકારોને આપી બજારમાં રોનક લાવી દીધી.

છેલ્લાં બે સપ્તાહ દરમ્યાન આ કોલમમાં જણાવેલ સ્ક્રીપોએ શાનાદર રીર્ટન આપ્યું છે. તારા જવેલર્સ રૂ. ૪૨ થી ૬૫ અને પછી એટલે કે, ગયા સપ્તાહમાં પીરામલ ફાઈટો પહેલા ક્રમે લખ્યો હતો એ ચાર દિવસમાં ૫૫ રૂપિયા વધ્યો જે રોકાણકારોએ વાંચીને ખરીધ્યા તેઓની ક્રિસમસ વેકેશન ઉજવાય ગયું.

અલકેમ અને ડૉ. લાલના આઈપીઓના લિસ્ટીંગે બજારમાં સેકન્ડરી માર્કેટમાં ચમક લાવી દીધી છે હવે નવા આઈપીઓની કતાર લાગશે. બજેટ સત્ર સુધી બજારમાં મોમેન્ટમ જાળવી રહે તો રોકાણકારોને તગડી કમાણી મળશે. દિમાગ બરાબર રાખીને કરેલુ રોકાણ માતબર વળતર આપશે ગમે તેમ કરેલ રોકાણ ટેન્શન જ આપશે.

સ્મોલ - મિડકેપ્સ શેરોની તેજીની મૌસમમાં રૂપિયાવાળા બની શકવાનો પુરો મોકો છે રખે ન ચૂકતા ગમે તેવા શેરોમાં નહીં પરફેક્ટ શેરોમાં જ પૈસા રોકી વળતર મેળવી શકાશે.

ફેસવેલ્યુ, પ્રમોટર હોલ્ડિંગ, કંપની ટર્નઓવર, સેક્ટર, સેકટરનું ફયુચર, ઈન્સાઈડર ટ્રેડીંગ આ બધી જ પાસા ચેક કરી લેવા જરૂરી હોય છે તદ્ઉપરાંત કેટલા વર્ષો જુની કંપની અને ડિવિડંડ ટ્રેક રેકોર્ડ પણ ચેક કરો તો ઘણું સારૂં. પી.એમ. રશિયાના ઘણા કરારો રેલ્વે અને ડિફેન્સ ખાસને ફાયદો કરાવી આપશે ખાસ કરીને બીઈએમએલ ભાવથી મોટી ઉછાળા મારે તો નવાઈ ના પામતા. આ કંપની બેઉ સેકટરમાં છે. BEML, Nelco, Taneja Aero માટે ખુબજ સારો સમય આવી શકે તેમ છે.

જાન્યુઆરી એન્ડ પહેલા સારૂં એવું વળતર બજારથી મેળવી લો જે રીતે જેટલી સાહેબ પર આરોપો લાગ્યા છે કદાચ બજેટ સેશન વખતે વિપક્ષો જેટલી સાહેબને બજેટ રજુ કરતી વખતે તોફાનો મચાવી શકે છે. એ બજાર માટે ખુબજ નેગેટીવ નિશાની પુરવાર થશે

***Mukand Engg. (Rs 35.00) (Code : 532097) (F. V. : 10.00)*** :- બજાજ ગ્રુપની આ કંપનીની થોડા મહિનાઓ અગાઉ ૨૬ ના ભાવે ભલામણ કર્યા બાદ સ્ક્રીપ ઉપરમાં ૪૦.૭૦ થઈ ૩૫ ના ભાવે સેટલ થયો છે. કંપની ટર્નએરાઉન્ડ થતા હેવી રીર્ટન મળી શકે છે.

***GP Petro (Rs. 73.00) (Code : 532543) (F. V. : 5.00)*** :- અગાઉ રૂ. ૫૩ ના ભાવે ભલામણ કર્યા બાદ ઉપરમાં રૂ. ૭૭ ની સપાટીથી હાલ રૂ. ૭૩ ના ભાવે મળી રહ્યો છે સ્ક્રીપ તેના બાવન સપ્તાહનો હાઈ કુદાવવા સક્ષમ બન્યો છે.

***Basant Agro (Rs. 9.00) (Code : 524687) (F. V. : 1.00) :-*** રૂ. ૭ના ભાવે ભલામણ બાદ ઉપરોક્ત ભાવે બંધ. વાર્ષિક ૯ કરોડનો નફો કરતી સીડ્સ અને ફર્ટીલાઈઝર્સ ક્ષેત્રની આ કંપનીનો શેર લાંબાગાળે સારૂં રીર્ટન આપી શકે.

***Oswal Agro (Rs. 14.00) (Code : 500317) (F. V. : 10.00) :-*** અભય ઓસવાલ એટલે નાહર ગ્રુપની કંપની આ કંપની સબસીડીરાઈઝડ કંપનીઓ પણ ધરાવે છે. રૂ. ૧૦ ની નીચે શેર ગયો નથી. ભાવથી રિસ્ક રિવોર્ડ ખૂબજ સારૂં છે. આ કંપની લીસ્ટ ન હતી ત્યારે ફીઝકલ રૂ. ૪૦ થી ૫૦ સુધીમાં કંપની સર્કલોએ ભેગા કરેલા છે.

***Ram Ratna Wires (Rs. 41.00) (Code : 522281) (F. V. : 5.00) :-*** આર.આર. કાબેલ વાયર ૭૩ ટકા પ્રમોટર કંપની ખૂબજ સારી. તેજી થઈ નથી જ્યારે ૨૦ ટકાની સર્કીટમાં કન્વર્ટ થશે ત્યારે શેર ભાવથી ડબલ થતાં વાર નહીં લાગે.

## ફેન્ટાસ્ટીક ફ્યુચર

પાર્થિવ ઝવેરી (મો. : ૯૮૨૪૩૩૩૮૦૦)

***Nifty Future (૭૮૭૪)*** :- ૭૮૪૦ ની આસપાસ રૂ. ૭૮૦૩ ના સ્ટોપલોસથી ખરીદી કરવી. ઉપરમાં ૭૯૨૦ કુદાવે તો, વધઘટે ૭૯૭૦ / ૮૦૦૦ સુધીની સપાટી જોવા મળે.

***Cairn Energy (૧૩૮.૫૦)*** :- ૧૩૫ ના સ્ટોપલોસથી ૧૪૪ થી ૧૪૮ ના ટાર્ગેટભાવ માટે અવશ્ય ખરીદી કરવી.

***Crompton (૧૯૩.૫૦)*** :- રૂ. ૧૯૦ ની આસપાસ રૂ. ૧૮૭ ના સ્ટોપલોસથી ખરીદ કરવી. વધઘટે રૂ. ૨૦૦ થી ૨૦૫ નો ભાવ જોવા મળે.

| કંપની | વર્તમાન ભાવ | ખરીદ ભાવ | સ્ટોપ લોસ | ટાર્ગેટ ભાવ |
|---|---|---|---|---|
| Tata Che. | 408 | 404 | 399 | 416-422 |
| Dr. Reddy | 3015 | 2995 | 2970 | 3065-3100 |
| Crompton | 193 | 190 | 187 | 199-203 |
| Reliance | 1003 | 995 | 984 | 1022-1035 |

***Dr. Reddy (૩૦૧૫)*** :- રૂ. ૨૯૭૦ ના સ્ટોપલોસથી ખરીદી કરનારને વધઘટે આગામી દિવસોમાં ૩૦૮૦ થી ૩૧૦૦ નો ભાવ જોવા મળી શકે.

***Reliance (૧૦૦૩)*** :- ૯૮૪ ના સ્ટોપલોસથી ખરીદી કરનારને વધઘટે આગામી દિવસોમાં રૂ. ૧૦૩૫ થી ૧૦૫૦ નો ભાવ જોવા મળે.

***Exide Ind. (૧૪૫.૦૦)*** :- રૂ. ૧૪૦ ના સ્ટોપલોસથી રૂ. ૧૫૩ થી ૧૫૯ ના ટાર્ગેટભાવ માટે ખરીદી કરવી.

***CIPLA (૬૪૯.૦૦)*** :- રૂ. ૬૪૨ થી ૬૪૫ ની આસપાસ રૂ. ૬૩૮ ના સ્ટોપલોસથી ખરીદી કરનારને વધઘટે રૂ. ૬૬૬ થી ૬૭૬ નોભાવ જોવા મળે.

***Tata Chemicals (૪૦૮.૦૦)*** :- રૂ. ૪૦૪ ની આસપાસ રૂ. ૩૯૯ ના સ્ટોપલોસથી ખરીદી કરનારને વધઘટે આગામી દિવસોમાં ૪૧૭ થી ૪૨૫ નો ભાવ જોવા મળે.

***Hind. Zinc (૧૪૯)*** :- રૂ. ૧૪૫ ની આસપાસ ખરીદી કરનારને વધઘટે આગામી દિવસોમાં ૧૫૬ થી ૧૬૧ નો ભાવ જોવા મળી શકે.

સ્માર્ટ ઈન્વેસ્ટમેન્ટ લવાજમ યોજના
લવાજમ ૧ વર્ષ રૂા. ૧૨૦૦/-
લવાજમ ૨ વર્ષ રૂા. ૨૧૦૦/-
લવાજમ ૩ વર્ષ રૂા. ૨૯૦૦/-
ડ્રાફ્ટ અથવા અમદાવાદ પેયેબલ ચેક Archi PUblications નામે મોકલવો
નકલ પોસ્ટ દ્વારા મોકલાશે
નોંધ : લવાજમની નકલ નિયમિત રીતે દર સોમવારે પોસ્ટીંગ કરવામાં આવે છે તેમ છતાંયે પોસ્ટ દ્વારા થતાં વિલંબ કે કોપી ન મળવાને બાબતે અમારી કોઈ જવાબદારી રહેતી નથી.
આર્ચી પબ્લિકેશન્સ ૩૧૧, ૩૧૩, નાલંદા એન્કલેવ, સુદામા રીસોર્ટ સામે, પ્રિતમનગર ઢાળ, એલીસબ્રીજ, અમદાવાદ.
Ph.: 26576639, Mob. : 09979330348
નોંધ : લવાજમની રકમ નોન રીફંડેબલ

### રોકડાના શેરોની તેજી જોખમી તબક્કામાં

# રોકડાના નબળા શેરોમાં કામ કરવામાં સાવચેતી રાખવી આવશ્યક

## શેરબજારની ભાવી ચાલ

નયન પટેલ
E-mail : rupeegains@yahoo.co.in
Mo.: 098795 26525,

૨૦૧૫નું વર્ષ પુરૂં થવામાં છે ત્યારે ૨૦૧૫માં સેન્સેક્સ, નિફટીમાં નેગેટીવ વળતર સામે, રોકડાના સેરોમાં ૨૦૧૫ માં નોંધપાત્ર તેજી જોવા મળી છે. તેમાં પણ છેલ્લાં ઘણા દિવસોથી, સેન્સેક્સ ગરમ હોય કે નરમ, રોકડાના ઢગલાબંધ શેરોમાં તેજીનો વ્યાપક સળવળાટ જોવાઈ રહ્યો છે જેના લીધે સારા ફંડામેન્ટલ્સ અને ઉજ્જવળ ભાવિ ધરાવતા રોકાડના શેરોની સાથે સાથે ફંડામેન્ટલ્સ વગરના, નબળું ભવિષ્ય ધરાવતા ઢગલાબંધ કંપનીઓના શેરોમાં ખોટી તેજીનો સવળવાટ જોવાઈ રહ્યો છે જે દર્શાવે છે કે, રોકડાના અસંખ્ય શેરોમાં લેભાગુ પ્રમોટરો અને કબાડી ઓપરેટરો ફુલફલેજ સક્રીય થઈ ગયા છે ત્યારે ટ્રેડરો અને રોકાણકારો આજા ફસાજાના ખેલમાં ફસાઈ ના જાય તેની તકેદારી રાખવાની ખાસ સલાહ છે કંપનીના ફંડામેન્ટલ્સ, કંપનીનું ભવિષ્ય, કંપનીનો પાસ્ટ રેકોર્ડ, ડીવીડંડ ટ્રેક રેકોર્ડ વિગેરેની તમામે તમામ માહિતી, છેલ્લાં ક્વાર્ટરના પરિણામો, લેટેસ્ટ એનાઉન્સમેન્ટ વગેરે BSE, એનએસઈની સાઈટ ઉપર ઉપલબ્ધ હોય છે જેનો અભ્યાસ કર્યા પછી જ રોકાણનો, ટ્રેડીંગનો નિર્ણય લેવો, નહીં તો ઊંચા મથાળે નબળા શેરોમાં ફસાઈ જનારને સેન્સેક્સ ત્રીસ હજાર થાય કે ચાલીસ હજાર હોઈ છોડાવનાર નહીં મળે અને પછી નિસાસા નાંખીને કહેવાનો વારો આવશે કે શેરબજારમાં આપણે લેણું જ નથી. બજારોની ટુંકાગાળાની ચાલ માટે ૨૮ અને ૩૧ ડીસેમ્બર મહત્વની ટર્નીંગો છે. એસ્ટ્રો ટેકનો વ્યુ મુજબ નિફટીમાં ૭૭૮૩ થી ૭૯૯૦ ની ટ્રેડીંગ રેન્જ રહેશે. ક્લોઝીંગ લેવલે જે તરફનું બ્રેકાઉટ આવશે તે તરફની ૧૦૦ થી ૧૫૦ પોઈન્ટની ચાલ જોવાશે. એએમડી ઈન્ડ., સેન્ચુરી પ્લાયબોર્ડ, જે.કે. પેપર, મારલ ઓવરસીસ, નાહર પોલી ફિલ્મ્સ, ઓરીએન્ટ બ્રેવરેજીસ, આર.સીસ્ટમ્સ ઈન્ટરનેશનલ, શીલ્ચર ટેકનો અને વોરન ટી માં ઉતરાયણ સુધીમાં બે બાજુની વધઘટો સાથે તેજી આગળ વધી શકે તેવી પ્રબળ શકયતાઓ એસ્ટ્રો ટેકનો વ્યુ મુજબ જણાય છે.

***Disclosures***: At the time of writing this article, author, his clients & dependent family members may have positions in the stocks mentioned above. The author, his firm, his clients or any of his dependent family members may make purchases or sale of the securities mentioned in website. Author may have positions in above stocks so have vested interest obviously in their going up or down as the case may be.

***Disclaimer***: Investing in any equity is risky. Our recommendations are based on reliable & authenticated sources believed to be true & correct, and also is technical analysis based on & conceived from charts. Investors should take their own decisions. We assume no responsibility for any transactions undertaken by them. The author won't be liable or responsible for any legal or financial losses made by anybody.

## ::: સ્ટોક વોચ :::

● ***Century Plyboards (કોડ : ૫૩૨૫૪૮ તથા NSE) (રૂ. ૧૭૬)*** :- રૂપિયા એક પેઈડ અપ સેન્ચુરી પ્લાયબોર્ડનો પ્રથમ છ મહિનાનો નેટ નફો ૬૧ કરોડથી વધીને ૮૬ કરોડ થયો છે. ૧૬૫ ના સ્ટોપલોસથી કામ કરનારને રૂ. ૧૮૦ કુદાવે તો, ૧૮૫ થી ૨૦૦ નો ભાવ મળી શકે. બાવન વીક હાઈ રૂ. ૨૬૨ છે.

● ***J. K. Paper (કોડ : ૫૩૨૧૬૨ તથા NSE) (રૂ. ૪૪)*** :- ગઈ સાલ ૬ મહિનામાં ૪૨ કરોડની નુકશાની સામે ચાલુ વર્ષના પ્રથમ છ મહીનામાં ૩૬.૫૯ કરોડનો નફો થયો હોઈ ૩૯ ના સ્ટોપલોસથી જે. કે. પેપરના શેરમાં કામ કરનારને ૪૯.૫૦ ઉપર બંધ આવે તો ૫૫ થી ૬૦ ની આસપાસનો ભાવ મળી શકે. આ જ કોલમમાં ગત સપ્તાહે રૂ. ૧૯૦ માં મીલ્ક ફુડ જણાવેલ જે વધીને ૨૧૫ થઈ ગયો. ૩૨ માં વીન્ડસર મશીન જણાવેલ જે ફક્ત ચાર જ દિવસમાં અતિ જંગી વોલ્યુમો વચ્ચે વધીને ૫૪.૩૦ થઈ ગયો અને ચાર જ દિવસમાં ૬૮ ટકાનું અતિ જંગી વળતર સ્માર્ટ ટ્રેડરો અને સ્માર્ટ રોકાણકારોને પ્રાપ્ત થયું. આ લખવાનું કારણ એટલું જ કે જો સ્માર્ટ વાચકો સેન્સેક્સ, નિફટી જોવાનું છોડી સ્ટોક સ્પેસિફિક કામ કરશે તો જ મોટી વેલ્થ ક્રીએટ કરી શકશે. હવે આ સપ્તાહના સોમવાર સ્પેશ્યલ છે. J. K. Paper, Marl Overseas (કોડ : ૫૨૧૦૧૮ તથા NSE), Shilchar Technologies (કોડ : ૫૩૧૨૦૧) તથા AMD ઈન્ડ. (કોડ : ૫૩૨૮૨૮ તથા NSE), AMD ઈન્ડ. માં ડેઈલી અને વિકલી ચાર્ટ ઉપર તી તરફી બ્રેક આઉટ આવ્યું છે.

● ***Nahar Poly Films (કોડ : ૫૨૩૩૯૧ તથા NSE) (રૂ. ૪૯)*** :- રૂપિયા પાંચ પેઈડ નાહર પોલી ફિલ્મ્સનો પ્રથમ છ મહીનાનો નેટ નફો ૭૧ ટકાના જંગી ઉછાળા સાથે ૬.૫૫ કરોડ થયો હોઈ ૪૩ ના સ્ટોપલોસથી મોટાપાયે કામ કરનારને ૫૩ કુદાવે તો, ૬૦ થી ૭૦ નો ભાવ મળી શકે.

● ***R. Systems (કોડ : ૫૩૨૭૩૫ તથા NSE) (રૂ. ૭૮)*** : રૂપિયા એક પેઈડ અપ આર. સિસ્ટમ્સનો સપ્ટેમ્બર ક્વાર્ટરનો નેટ નફો ૧૮ કરોડથી જોરદાર વધીને રૂપિયા બાવન કરોડ થયો છે. ૭૪ ના સ્ટોપલોસથી કામ કરનારને ૮૧ કુદાવે તો, ૮૫ થી ૯૦ નોભાવ જોવા મળી શકે. બાવન સપ્તાહ હાઈ રૂ. ૧૦૦ છે.

## બજાર બહારની વાત

Dilip K. Shah

(પાના નં. ૨ નું ચાલુ)

# ફેડરલના વ્યાજદરમાં વધારા બાદ પણ FII દ્વારા જળવાઈ રહેલ ખરીદી

અમેરિકા ખાતે ફેડ રિઝર્વ દ્વારા વ્યાજદરમાં વધારો કર્યા પછી પણ FII ભારતીય શેરબજારોમાં નવેસરથી રસ દાખવ્યો છે અને FII દ્વારા તા. ૧૭મી ડિસેમ્બરથી તા. ૨૨મી ડિસેમ્બર સુધી ચોખ્ખા ખરીદદાર રહ્યાં હતાં. અલબત્ત ખરીદી નાના પાયે રહી હતી. બજારમાં FII ના નાણાપ્રવાહની વિશેષ અસર થતી જોવાય છે, કારણ કે, મોટાભાગના પસંદગીના શેરોમાં FII ઊંચું હોલ્ડિંગ ધરાવે છે. આગેવાન શેરોમાં તેમનું હોલ્ડિંગ સરેરાશ ૨૩.૩ ટકા જેટલું છે. જોકે વિદેશી રોકાણકારો દ્વારા અગાઉ ડિસેમ્બરમાં કુલ ૬૯ કરોડ ડોલરની ચોખ્ખી વેચવાલી કરી હતી. એક અંદાજે FIIએ તા. ૧લી જાન્યુઆરીથી ભારતીય બજારોમાં ૨.૩૪ અબજ ડોલરની ખરીદી સાથે ૨૦૧૫માં ચોખ્ખા ખરીદકાર રહ્યા છે. હોલી ડે સિઝન - નાતાલની રજાઓને કારણે તાજેતરમાં વિતેલ સપ્તાહોમાં FIIના કામકાજ ઓછા રહ્યાં છે. બીજી બાજુ લોકલ ફંડો પણ તેજીનો અભિગમ ધરાવે છે, અને ઘટાડે ખરીદી કરી રહ્યા છે. વિદેશી રોકાણકારો હોલી ડે મૂડમાં જોતાં ગેરહાજરીએ લોકલ ફંડોનો સપોર્ટ છે પાછલા સપ્તાહે FII દ્વારા બુધવારે ૩૮૫ કરોડની અને લોકલ ફંડો દ્વારા ૬૩૩ કરોડની ખરીદી કરાઈ છે.

# GST નો અમલ એપ્રિલના બદલે હવે ઓક્ટોબર ૨૦૧૬ થી થવાની શક્યતા

રાજકીય વિવાદોને પગલે મહત્વપૂર્ણ GST બિલ શિયાળુ સત્રમાં પસાર થવાની શક્યતા ઉપર પૂર્ણવિરામ આવી ગયેલ છે. પરંતુ આગામી બજેટ સેશનમાં તે પસાર થાય તો પણ એપ્રિલ ૨૦૧૬થી અમલ કરવો લગભગ અશક્ય છે અને પરિણામે ઓક્ટોબર ૨૦૧૬થી GST અમલી બને એવી પ્રબળ શક્યતા છે. GST હેઠળ ૨૦૧૫-૨૦૧૬ ટકા ફલોરરેટની શક્યતા છે. અગાઉ કેટલાકને એવો ડર હતો તે પ્રકારના ૨૪/૨૫ ટકા જેટલા ઊંચાફલોર રેટની પણ શકયતા નથી. સ્ટેટ GST અને સેન્ટ્રલ GST હેઠળના દેશના કુલ ૬૦/૭૦ લાખ જેટલા વેપારીઓને આવરી લેવામાં આવશે. રૂા. ૧.૫૦ કરોડથી ઓછું ટર્નઓવર ધરાવતા ૭૦ ટકા જેટલા વેપારીઓનું એસેસમેન્ટ રાજ્ય સરકાર દ્વારા જ થશે. GSTથી સૌથી મોટો ફાયદો એ થશે કે, અનેક પ્રકારના કર અને સેસ દૂર થશે. C,F અને H ફોર્મ જેવી ગૂંચવણીઓથી મુક્તિ મળશે. એપ્રિલ ૨૦૧૬માં દેશમાં GSTનો અમલ કરવો મુશ્કેલ છે, પરંતુ નાણાંકીય વર્ષ ૨૦૧૭ની મધ્યમાં (ઓક્ટો. ૨૦૧૬થી) દેશમાં અમલ કરી શકાય એવી શક્યતા છે. આઈટી ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું કરવા ઈન્ફોસિસને ઓર્ડર આપવાનો આવેલ છે.

### *રિટેલ રોકાણકારોની સતત લેવાલીએ*

# કેટલાક સ્લમોકપે શેરો 'મલ્ટિબેગર' પુરવાર થયાં

કેલેન્ડર વર્ષ ૨૦૧૫માં ભારતીય બજારે ભલે નેગેટિવ વળતર આપ્યું હોય પણ સ્મોલ-કેપ સેગમેન્ટમાં ઘણા શેર મલ્ટિબેગર પુરવાર થયા છે. ચાલુ વર્ષે ૬૨ સ્મોલ-કેપ શેરે રોકાણકારોની સંપત્તિ બમણી કરી છે અને તેમાંય ઈન્ટ્રાસોફ્ટ ટેકનોલોજિસ જેવી કંપનીએ ચાલુ વર્ષે ૬૦૫ ટકાનું વળતર આપ્યું છે. S&P બીએસઈ સ્મોલ-કેપ ઈન્ડેક્સ ચાલુ વર્ષે સેન્સેક્સના ૭ ટકાના ઘટાડા સામે લગભગ બે ટકા વધ્યો છે. ઈન્ટ્રાસોફ્ટ ટેકનોલોજિસ ઉપરાંત, અન્ય મલ્ટિબેગર્સ શેરમાં કેલ્ટન ટેક સોલ્યુશન્સ (૩૯૪ ટકા), રાજેશ એક્સ્પોર્ટસ (૩૭૯ ટકા), જેએમટી ઓટો (૩૬૫ ટકા) અને ગાયત્રી પ્રોજેક્ટ્સ (૩૪૪ ટકા)નો સમાવેશ થાય છે. કેટલાક વિશ્લેષકો સ્મોલ અને મિડ-કેપ્સમાં ઉછાળા માટે રિટેલના નોંધપાત્ર રોકાણનું કારણ આપી રહ્યા છે. બજારના ટ્રેન્ડ માટે FII ની વેચવાલી જવાબદાર છે. જોકે, રિટેલ રોકાણકારોની સતત લેવાલીને કારણે મિડ અને સ્મોલ-કેપ શેરોને ટેકો મળ્યો છે.

## દલાલ સ્ટ્રીટની ગપસપ

Dilip K. Shah

**Mold-Tek Techno (રૂ. ૩૫૩.૦૦) (કોડ : ૫૨૬૨૬૩)** :- એન્જિનિયરીંગ સર્વિસ પ્રોવાઈડ કરતી આ કંપનીની બોર્ડ ઓફ ડાયરેકટર્સની મીટીંગ ૪ જાન્યુઆરી ૨૦૧૬ ના રોજ સ્ટોક સ્પ્લિટની દરખાસ્ત પર નિર્ણય કરવા મળી રહી છે તેવા અહેવાલોએ શેરનો ભાવ વિક્રમી સપાટીને સ્પર્શી ગયો છે.

**Greenply Ind. (રૂ. ૯૪૩.૦૦) (કોડ : ૫૨૬૭૯૭)** :- ઈન્ટીરીયર ઈન્ફ્રા. પ્રોડકટસનું ઉત્પાદન કરતી આ કંપનીના રૂ. ૧૦ ની ફેસવેલ્યુના સ્ટોકને રૂ. ૫ ની ફેસવેલ્યુના ૨ સ્ટોકમાં વિભાજન કરવાની બાબતે ૭ જાન્યુઆરી ૨૦૧૬ ને સ્ટોક સ્પ્લિટ માટે રેકોર્ડ ડેટ જાહેર કરતાં આગામી સપ્તાહે આ સ્ટોક આઉટ પર્ફોમ બનતો જોવાશે.

**Pipavav Defence (રૂ. ૧૦૦.૦૦) (કોડ : ૫૩૩૧૦૭)** :- બજારમાંથી પ્રાપ્ત અહેવાલો અનુસાર ડિફેન્સ ક્ષેત્રે આગેકૂચ કરી રહેલ આ કંપની તાજેતરમાં મોદીની રશિયાની મુલાકાત દરમ્યાન એક રશિયન કંપની સાથે રૂ. ૧૬૦૦૦ કરોડના જંગી કરાર કરી રહી હોવાનું કહેવાય છે.

**Suzlon (રૂ. ૨૧.૦૦) (કોડ : ૫૩૨૬૬૭)** :- આ સ્ટોક છેલ્લાં કેટલાક સમયથી ફોકસમાં રહ્યો છે. સન ફાર્માના પ્રમોટરોએ આ વીન્ડ ટર્બાઈન ઉત્પાદન કરતી આ કંપનીમાં હિસ્સો વધારતા ઓપન ઓફર મુકી છે જેના કારણે શેરમાં કરંટ જોવાય.

**Nelco (રૂ. ૧૨૪.૦૦) (કોડ : ૫૦૪૧૧૨)** :- ડિફેન્સ સેકટરના શેરોમાં ચમકારો જોવાઈ રહ્યો છે. વડાપ્રધાન રશિયાની મુલાકાતના પગલે તેમજ આ ક્ષેત્ર ઉપર સરકારના ફોકસના પગલે નેલ્કોની સાથે વાલચંદનગર જેવી કંપનીઓને લાભ મળતો જોવાય.

**Steel Strips Wheels (રૂ. ૪૩૪.૦૦) (કોડ : ૫૧૩૨૬૨)** :- આ કંપની ઓટો પાર્ટસ ઈક્વિપમેન્ટનું ઉત્પાદન કરે છે. છેલ્લાં કેટલાક ક્વાર્ટરથી આકર્ષક કામગીરી કરી રહી છે. આ કંપનીને થાઈલેન્ડ યુનિટને CIAM Kubota નો ટ્રેકટર્સ વ્હીલ્સનો જંગી નિકાસ ઓર્ડર મળતા આ સ્ટોકમાં ઉછાળો જોવાયો છે.

**Nahara Spinning (રૂ. ૧૨૧.૦૦) (કોડ : ૫૦૦૨૯૬)** :- આ કંપનીએ મધ્ય પ્રદેશમાં રાયસન જિલ્લામાં ૬૪૮૦ સ્પીન્ડલ્સનો નવો સ્પીનીંગ પ્લાન્ટ ઊભો કરવાની યોજનાઓ અંગેનો નિર્ણય જાહેર કરતાં શેરમાં હલચલ વધતી જોવાય.

**Zee Learn (રૂ. ૪૦.૦૦) (કોડ : ૫૩૩૨૮૭)** :- ઝી લર્ન અને ટ્રી હાઉસ મર્જરની યોજનાઓને મંજુરી પ્રાપ્ત થતા આ બન્ને શેરોમાં ઉછાળો જોવાયો છે. આ મર્જર સ્કીમ અનુસાર ટ્રી હાઉસના શેર હોલ્ડરોને તેઓના ૧૦ શેર સામે ઝી લર્નના ૫૩ શેર એલોટના કારણે એમ માનવામાં આવે છે કે, આ મર્જરથી કંપનીને લાભ થશે.

**Palred Tech. (રૂ. ૧૨૫.૦૦) (કોડ : ૫૩૨૫૨૧)** :- આઈ.ટી. સેકટરની આ કંપનીએ લેટેસ્ટ One.com કંપનીમાં ૨૦ કરોડનું રોકાણ કરતાં આ સ્ટોક કરંટમાં આવ્યો છે. અગાઉ આ કંપનીએ સબસ્ડીરીમાં ૩૦ કરોડનું રોકાણ કર્યું હતું. રૂ. ૯ કરોડના શેર્સ નોન પ્રમોટર પાસેથી એકત્રિત કર્યા હતા.

**Gulshan Poly. (રૂ. ૪૫૬.૦૦) (કોડ : ૫૩૨૪૫૭)** :- હાલમાં એશિયન પેઈન્ટસ, કોલગેટ, ડાબર તેમજ પીડીલાઈટ જેવા પ્રતિષ્ઠિત ગ્રાહકો ધરાવતી આ કંપનીનોશેર ૨૨ ટકા જેટલો ઉછળી ચુક્યો છે. કંપની તેના છઠ્ઠા ઓનસાઈટ પીસીસી પ્લાન્ટની શરૂઆતની જાહેરાત કરતાં આ સ્ટોકમાં વધુ ઉછાળો જોવાય.

**Welspun Enter. (રૂ. ૫૭.૦૦) (કોડ : ૫૩૨૫૫૩)** :- આ કાઉન્ટર ઉપર ૬ ગણાં વોલ્યુમે એક સમયથી વધુ શેરોનું ટ્રેડિંગ થઈ રહ્યું છે. પ્રાપ્ત અહેવાલો અનુસાર દેવાસ ભોપાલ કોરીડોર પ્રા. લી. ના ૫૦ ટકા જોઈન્ટ વેન્ચરનો ૩૭ ટકા ઈક્વિટી સ્ટેક રૂ. ૧૨૨.૫૦ કરોડથી વેચી દેતા આ સ્ટોક ફોકસમાં જોવાઈ રહ્યો છે.

**Chambal Fertilisers (રૂ. ૫૯.૦૦) (કોડ : ૫૦૦૦૮૫)** :- પ્રાઈવેટ સેકટરની આ કંપની ફર્ટી. ક્ષેત્રે પ્રથમ ક્રમ ધરાવે છે. કંપનીની બોર્ડ મીટીંગના તેના શીપીંગ બિઝનેસ વેચી દેવાની મંજુરી આપતા શેરમાં ભાવવૃધ્ધિ જોવાઈ રહી છે.

**Kalptaru Power (રૂ. ૨૬૩.૦૦) (કોડ : ૫૨૨૨૮૭)** :- પાવર - ઈન્ફ્રા ક્ષેત્રે ટર્નકી પ્લેયર ગણાતી આ કંપની રૂ. ૧૩૯૫ કરોડના નવા ઓર્ડર મળતા આ સ્ટોક મજબુત બની રહ્યો છે. ઉલ્લેખનીય છે કે, આ કંપનીને અત્યાર સુધીમાં ૨૧૦૦ કરોડના ડોમેસ્ટીક ઓર્ડર મળી ચુકયા છે જે સમાનગાળાની તુલનામાં બે ગણા છે.

**Ashoka Buildcon (રૂ. ૨૦૦.૦૦) (કોડ : ૫૩૩૨૭૧)** :- હાઈવે કન્સ્ટ્રકશન તેમજ ઈપીસી ક્ષેત્રે અગ્રગણ્ય સ્થાન ધરાવતી આ કંપનીને તાજેતરમાં NHAIનો નેશનલ હાઈવે-૪ કર્ણાટકનો રૂ. ૪૯ કરોડનો ઓર્ડર પ્રાપ્ત થતા આ સ્ટોક ઉછળીને રેકોર્ડ હાઈના લેવલે સ્પર્શી ગયો છે.

**Tide Water (રૂ. ૨૩૫૭૮) (કોડ : ૫૯૦૦૦૫)** :- લુબ્રીકન્ટ ઓઈલ માર્કેટીંગ ડિસ્ટ્રીબ્યુશન ક્ષેત્રે કાર્યરત આ કંપની બોર્ડ મીટીંગ ૧૫ જાન્યુઆરી ૨૦૧૬ ના રોજ ત્રીજા ક્વાર્ટરના પરિણામો બોનસ શેર તેમજ સ્ટોક સ્પ્લીટની દરખાસ્ત ઉપર નિર્ણય કરવા મળી રહી છે. સ્ટોક સર્કિટ બ્રેકર બની રહ્યો છે.

**Coal India (રૂ. ૩૨૨.૦૦) (કોડ : ૫૩૩૨૭૮)** :- તાજેતરમાં ઈન્ડિયન રેલ્વે અને કોલ (ઈ) વચ્ચે ૨૦૦૦ હાઈ કેપેસીટી વેગન અંગે કરાર થતાં આ સ્ટોકમાં ચમકારો જોવા મળ્યો હતો. એમ માનવામાં આવે છે કે, આ MOUમાં જણાવ્યા અનુસાર આ વેગન્સ કોલ (ઈ) ને બદલે ઈન્ડિયન રેલ્વે પુરા પાડશે. આ અહેવાલોને પગલે અગ્રણી બ્રોકરેજીસ આઈઆઈએફએલ રૂ. ૪૪૦ ના ટાર્ગેટ ભાવથી કોલ (ઈ) ખરીદવાની ભલામણ કરી છે.

**V-Mart (રૂ. ૫૮૪.૦૦) (કોડ : ૫૩૪૯૭૬)** :- આરબીઆઈએ ૨૩ ડિસેમ્બરના રોજ બહાર પાડેલ જાહેરનામા અનુસાર કંપનીની પેઈડ-અપ કેપિટલના ૪૯ ટકા સુધી વિદેશી ઈન્વેસ્ટરોને રોકાણ કરવાની મંજુરી મળી છે. આ અહેવાલોને પગલે શેરમાં અફરાતફરી જોવાય.

**Blue Star (રૂ. ૩૭૯.૦૦) (કોડ : ૫૦૦૦૬૭)** :- તાજેતરમાં કોમ્પીટીશન કમીશન ઓફ (ઈ) (CCI) એ બ્લ્યુસ્ટાર અને બ્લ્યુસ્ટાર ઈન્ફોટેકના મર્જરની સ્કીમને મંજૂરી આપવા બ્લ્યુસ્ટારનો શેર બાવન સપ્તાહની ટોચ કુદાવી ગયો હતો. બ્લ્યુસ્ટાર ઈન્ફોટેકના શેરમાં ૯ ટકાનો ઉછાળો જોવાયો હતો.

**Biocon (રૂ. ૫૦૭.૦૦) (કોડ : ૫૩૨૫૨૩)** :- બાયોટેકનોલોજી ક્ષેત્રે કાર્યરત આ ફાર્મા કંપની તાજેતરમાં Hepatitis માટે Advanced Novel Therapy CIMIVIR-L લોંચ કરતા આ કંપનીનો શેર ૫ ટકાથી વધુ ઉછાળા સાથે બાવન સપ્તાહની નવી ટોચ બનાવી રહ્યો છે.

**Reliance Infra (રૂ. ૪૯૩.૦૦) (કોડ : ૫૦૦૩૯૦)** :- ઈલે. યુટીલીટીઝ ક્ષેત્રે કાર્યરત આ કંપની તેનો સીમેન્ટ બિઝનેસ ૨૬૦૦ કરોડથી વેચી રહેલ છે. એમ માનવામાં આવે છે કે, આ સિમેન્ટ યુનિટ સાથે રૂ. ૨૪૦૦ કરોડની ડેબ્ટની જવાબદારી લે છે. આ ડીલ ૫૦૦૦ કરોડ થઈ રહ્યું હોવાની હવા હાલમાં કેટલાક અગ્રણી સીમેન્ટ કંપનીઓ રેસમાં છે.

## HIGH રીસ્ક રીટર્ન શેર્સ

Dilip K. Shah

**Tata Steel (રૂ. ૨૬૩.૦૦) (કોડ : ૫૦૦૪૭૦)** :- આર્યન અને સ્ટીલ ક્ષેત્રે કાર્યરત આ કંપની યુરોપમાં બીજા ક્રમની સૌથી મોટી સ્ટીલ પ્રોડ્યુસર છે. ટાટા સ્ટીલ ગ્રુપ વિશ્વભરમાં સ્ટીલ ઉત્પાદનમાં પ્રથમ ક્રમ ધરાવે છે. પ્રાપ્ત અહેવાલો અનુસાર ટાટા સ્ટીલનું યુ.કે. બેઝ યુનિટ Greybull Capital ને વેચવા માટે વાતચીત ચલાવી રહી છે. આ અહેવાલોને પગલે શેરમાં મુવમેટ જોવાય.

**Berger Paints (રૂ. ૨૫૧.૦૦) (કોડ : ૫૦૯૪૮૦)** :- ગત પાંચ ટ્રેડીંગ સેશન દરમ્યાન આ સ્ટોકમાં ૧૨ ટકાનો ઉછાળો નોંધાયો છે. ક્રુડ ઓઈલના ભાવ ૧૧ વર્ષના તળિયાને સ્પર્શી જતા કંપનીનું રો-મટીરીયલ્સ ખર્ચમાં ઘટાડો જોવાયો છે. ડિસેમ્બર ક્વાર્ટર દરમ્યાન તહેવારોની સીઝનને કારણે વેચાણમાં વૃધ્ધિ જોવાઈ છે. ડિસેમ્બર ક્વાર્ટરના પરિણામો સંગીન રહેવાની સંભાવના છે.

**Wipro (રૂ. ૫૫૬.૦૦) (કોડ : ૫૦૭૬૮૫)** :- સોફટવેર કંપની વિપ્રોએ અમેરીકાની બેક ઓફિસ આઉટ સોર્સિંગ કંપની વિટિયોસ ગ્રુપને ૧૩ કરોડ ડોલરમાં ખરીદવાનો નિર્ણય લીધો છે. વ્યુહાત્મક મહત્વ ધરાવતી નાની કંપનીઓને હસ્તગત કરવાની નીતિ સાથે વિપ્રોએ ચાલુ મહિને બીજુ એક્વિઝિશન કર્યું છે. આ અહેવાલોને પગલે સ્ટોક ફોકસમાં રહેશે.

**Piramal Enterprise (રૂ. ૯૭૨.૦૦) (કોડ : ૫૦૦૩૦૨)** :- કંપનીના કન્ઝયુમર પ્રોડકટસ ડિવિઝને ઓરેગોન ઈન્ડિયા પ્રા. લી. અને MSD BV પાસેથી પાંચ બ્રાન્ડ રૂ. ૯૨ કરોડમાં હસ્તગત કરી છે જેથી તેની ઓળર ધ કાઉન્ટર (OTC) હેલ્થકેર વિભાગમાં તેની ઓફરિંગમાં વધારો કરી શકાય. હાલમાં ઓટીસી માર્કેટ રૂ. ૧૫૦૦૦ કરોડનું છે અને ૧૪ ટકાના દરે વૃદ્ધિ પામી રહ્યું છે. જેનો લાભ આ કંપનીને મળતો જોવાય.

**JBF Industries (રૂ. ૨૪૫.૦૦) (કોડ : ૫૧૪૦૩૪)** :- આ કંપનીની બોર્ડ મીટીંગ સોમવારના રોજ કંપની શેરદીઠ રૂ. ૩૦૦ ના ભાવે કેકેઆર જ્યુપીટર ઈન્વેસ્ટર્સ (સીંગાપુર) ને પ્રેફરન્શિયલ એલોટમેન્ટના નિર્ણય કરવા અંગે મળી રહી છે.

**Suven Life (રૂ. ૨૬૮.૦૦) (કોડ : ૫૩૦૨૩૯)** :- આ ફાર્મા કંપની તાજેતરમાં તેની પ્રોડકટને યુરોપ, હોંગકોંગ, જાપાન, મકાઉ અને સાઉથ કોરિયા ARIPO તરફથી કુલ સાત ઓવરસીઝ પેટન્ટ પ્રાપ્ત થતા આ સ્ટોકમાં વેલ્યુ બાઈંગ જોવાઈ રહ્યું છે.

**Sun Pharma (રૂ. ૭૯૧.૦૦) (કોડ : ૫૨૪૭૧૫)** :- ગત દિવસો દરમ્યાન USFDA તરફની વોર્નિંગ લેટર મળ્યાના અહેવાલોએ કડાકો બોલી જવા પામ્યો હતો. મોટાભાગના નિષ્ણાતોએ આ સ્ટોકનું રેટિંગ જાળવી રાખ્યું હતું પરંતુ ઘટેલા ભાવે ખરીદવાની તક મળતા આ સ્ટોક ફરી એકવાર લાઈમલાઈટમાં આવી રહ્યો છે.

**Prestige Estate (રૂ. ૧૯૨.૦૦) (કોડ : ૫૩૩૨૭૪)** :- આ કંપનીએ પીઈ ફર્મ રેડ ફોર્ડ (ઈ) ના EXORA બિઝનેસ પાર્કમાં ૬૨.૪૫ ટકા સ્ટેક રૂ. ૬૦૧ કરોડથી ખરીદી લેતા આ સ્ટોક બજારના રડાર ઉપર આવતો જોવાય.

***Disclosures*** as per SECURITIES AND EXCCHANGE BOARD OF INDIA (Research Analysts) Regulation, 2014; • I and / or my clients may have investment in this stocks • I/My family have no financial interest or beneficial interest of more than 1% in the company whose stocks I am recommending • Stop loss is useful for Short / Medium Term investor Only • Smart Investment will not be responsible / liable for any loss arising out of investment based on tis advices • Past performance may or may not be substainedin future

***(Dilip K. Shah) Research Analyst : SEBI Regn No. : INH000002152***


## ધનવર્ષા ફીનકેપ પ્રા. લી.

Ph. : 079-26584076, 40094076 Mob. : 9227204076, 8866004076
૪૦૮, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમની સામે, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૬

**We are buying following unlisted Companies shares in demat mode only**

| કંપનીનું નામ | અંદાજીત ખરીદ | અંદાજીત વેચાણ | કંપનીનું નામ | અંદાજીત ખરીદ | અંદાજીત વેચાણ |
|---|---|---|---|---|---|
| Alfa Laval Ltd. | 1500 | 1600 | Farm Enterprise | 450 | 550 |
| Amol Dicalite | 125 | 150 | Indian Wood Products | 25 | 40 |
| Atlas Copco Ltd. | 1100 | 1200 | Kamron Laboratories Ltd. | 3 | 5 |
| Bharti Telecom Ltd. | 3000 | 3200 | Mideast Intergrated Steel | 18 | 20 |
| BSE | 225 | 250 | Philips | 300 | 350 |
| Catholic Syrian Bank | 100 | 110 | Sayaji Industries | 2500 | 3000 |
| Essar Steel | 18 | 20 | Shreno Ltd. | 1100 | 1400 |

**ડિલિસ્ટેડ, અનલિસ્ટેડ શેરો તેમજ જે શેરોના કોઈ ભાવ ન આવતા હોય અને જે શેરોની કોઈ માહિતી ઉપલબ્ધ ન હોય, તેમજ જુના નામે ચઢાવેલા ફિઝીકલ શેરોના વેચાણ માટે સંપર્ક કરો.**

Please contact for Buy & Sell of any Delisted / Unlisted Demat Shares, Which are not traded At attractive price.
E-mail : dhanvarshafincap@gmail.com
Website : www.nileshkotak.com


# ડેક્કન ક્રોનિકલના પતન માટે કંપની પોતે જ જવાબદાર છે

આઈપીએલની ક્રિકેટ ટુર્નામેન્ટમાં એક સમયે ડેક્કન ચાર્જર્સની માલિકી ધરાવતી સાઉથની ટોચની મીડિયા કંપની ડેક્કન ક્રોનિકલ એક સમય મીડિયા માર્કેટ લીડર હિન્દુસ્તાન મીડિયા વેન્ચર્સ અને દૈનિક જાગરણ સાથે તેની સરખામણી થતી હતી. દક્ષિણ ભારતના પ્રિન્ટ મીડિયામાં એક સમયે વિશ્વાસપાત્ર ગણાતા આ અખબારનો શેર બેસ્ટ બાય સ્ટોક્સ તરીકે રેન્કમાં જોવાતો હતો.

આજે તેની સામે તેના ક્રેડિટર્સ દ્વારા ક્રિમિનલ અને ફોઝદારી તથા છેતરપિંડી જેવા ગુના હેઠળ કોર્ટમાં પિટિશન ફાઈલ કરવામાં આવી છે. ડેક્કન ક્રોનિકલનો શેર લોઅર સર્કિટ વાગ્યા પછી ૧૧.૬૫ ટકા ગગડી ઓલટાઈમ લો લેવલે સ્પર્શ્યો હતો. ૨૬ જુલાઈના રોજ તેનો શેર રૂ. ૨૨.૯૦ ના લેવલે ક્વોટ થતો હતો. કંપનીના પ્રમોટરે ૫૪ ટકા શેરો ફ્યુચર કેપિટલ હોલ્ડિંગમાં નાણાંકીય મુશ્કેલીથી બહાર આવવા ગિરવે મુક્યા તેવા સમાચારોની જાહેરાત સાથે થોડા જ ટ્રેડિંગ સેશનમાં ભાવ ૫૦ ટકા તુટ્યો.

કંપનીએ ફાયર ફાઈટરની જેમ નવુજ નિવેદન જાહેર કર્યું કે, મુશ્કેલી ફક્ત લિક્વિડિટીની જ હતી અને હવે કટોકટી પુરી થઈ ગઈ છે છત્તાં રોકાણકારો શેર ખરીદવા તૈયાર ન થયા.

કંપનીના માથે રૂ. ૨૦૦૦ કરોડનું જંગી દેવું છે અને તે દેવું સમયસર ચુકવાયું નથી અને કેટલાક એનસીડીને પણ તારીખ ડ્યું થવા છત્તાં રીડિમ કરાયા નથી તેના પગલે ઈન્ડસ્ટ્રીયલ ફાયનાન્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (આઈએફસીઆઈ) સીધી કોર્ટમાં ઘસી ગયું અને ડેક્કન ક્રોનિકલ હોલ્ડિંગ વિરુદ્ધ પિટિશન દાખલ કરી લીધી અને તેના પગલે ઝડપથી કાર્વિ કન્સલ્ટન્ટે પણ ડેક્કન ક્રોનિકલ હોલ્ડિંગ લિ. ના પ્રમોટરો સામે શેરો ગિરવે મુકવા બાબતે છેતરપિંડી, દગાખોરી વિગેરે ગુનાસર પોલિસ ફરિયાદ કરી દીધી.

DECCAN Chronicle
ક્યાં હુવા થા....!???

ડેક્કન ક્રોનિકલની આ વધતી મુશ્કેલીના મૂળમાં આઈપીએલ ક્રિકેટ ટીમ હોવાનું મનાય છે.

કંપનીએ આઈપીએલમાં 'ડેક્કન ચાર્જર્સ' નામની ટીમ ખરીદીને જંગી રોકાણ કર્યું હતું તેણે તેની ફ્રેન્ચાઈઝી ખરીદવા માટે રૂ. ૧૦૭ કરોડ ડોલર ચૂકવ્યા હતા તે સિવાય બીજા જંગી રિકરિંગ ખર્ચા અલગ. તેણે કારણે મોનિટરી બેનિફીટ વિગેરે કંપનીનું જંગી રોકડ ભંડોળ તેમાં ફસાઈ ગયું.

આ ઉપરાંત કંપનીએ ઓડિસી ચેઈન ઓફ બુક સ્ટોર પાછળ જંગી રૂપિયા ગુમાવ્યા કારણ કે, મોટા મોલમાં બુક ચેઈન માટે કંપની જગ્યાનું જંગી ભાડું ચુકવતી હતી તેની સામે તેને ગ્રાહકો મળથા ન હતા. આમ આ ધંધો પણ ખોટનો થયો.

આટલુ ઓછું હોય તેમ કંપની એવિટેક નામની કંપની સાથે જોઈન્ટ વેન્ચરમાં એવિએશન બિઝનેસમાં ઝંપલાવ્યું. ચાર્ટડ ફલાઈટ સર્વિસ આપવાની શરૂ કરી. બધા જાણે છે કે, તેમ હાલ એવિએશન ઉદ્યોગ ભારે સ્પર્ધાત્મક બન્યો છે અને વિજય માલ્યા જેવા ધનાઢ્ય ઉદ્યોગપતિ જ્યારે કિંગફિશર ફડચામાં જતા ડિફોલ્ટર્સ થયા તો ડેક્કનનો તેની સામે શું કલાસ ?

આમ ડેક્કન ક્રોનિકલે કરેલા બધા ધંધા ખોટના ખાડામાં જ ઉતર્યા છે તે જોતા કંપનીને હાથના કર્યા હૈયે વાગ્યા જેવો ઘાટ છે. કંપનીને તેની ભૂલનો અહેસાસ થતા તેણે આઈપીએલની ડેક્કન ચાર્જસ ટીમની ફ્રેન્ચાઈઝી પડતી મુકી પરંતુ તેનો રૂ. ૧૫૦૦ કરોડનો ભાવ સૌથી મોટી મુર્ખામી. હવે તે નુકશાન કોણ ભરશે તે સવાલ મોટો છે.

कोई आज इसलिए छांव में सुकून से बैठा है, क्योंकि आज से लंबे वक्त पहले उसने वह पौधा रोपा और उसे पेड़ बनाया।
-वॉरेन बफेट



પ્રાયમરી માર્કેટ Dilip K. Shah

Financial We[...]
SMA[...]
INVEST[...]

# વિદાય લઈ રહેલ કેલેન્ડર વર્ષ ૨૦૧૫ IPOની સંખ્યા, એકત્રિત ભંડોળ તેમજ ઈન્વેસ્ટરોને રિર્ટન બાબતે શ્રેષ્ઠ બની રહ્યું
## વર્ષના અંતિમ તબક્કામાં Dr. Lal Path અને Alkem Labs.ના બ્લોકબસ્ટર લિસ્ટીંગથી રોકાણકારોને સાન્તાનું 'ડબલ બોનસ'
## પ્રાયમરીમાર્કેટના રોકાણકારોની મલાઈદાર કમાણીથી ૨૦૧૫ ના વર્ષને ખુશખુશાલ વાતાવરણ વચ્ચે 'અલવિદા'

**અંત ભલા તો સબ ભલા : Dr. Lal ના IPOમાં હાલમાં ૬૨ ટકા અને Alkemમાં ૪૪ ટકાનું માતબર વળતર**

**Narayana Hrudayalayaના IPOમાં અંતિમ દિવસે QIBમાં સારો તેમજ HNI અને રીટેઈલમાં સાધારણ પ્રતિસાદ**

**OFS Technoના BSE-SME IPO રૂ. ૨૫ ના ફિક્સ્ડ ભાવે ૨૮ મીએ ખુલી ૩૧ ડિસેમ્બરના રોજ બંધ થશે**

**Fourth Dimension નો NSE - SME IPOનું ૩૦ ડિસેમ્બરે રૂ. ૩૦ ના ફિક્સ્ડ ભાવે માર્કેટમાં આગમન**

**Narayana Hru. IPOમાં રિફંડ-એલોટમેન્ટ અને લિસ્ટીંગ ક્યારે - કેવું રહેશે ?**

**NHAIનો ટેક્સ ફ્રી બોન્ડસનો IPO ૨૧ ગણો છલકાતા ૨૪ ડિસેમ્બરે બંધ કરાયો**

**Indian Railway Tax Free Bonds નું લિસ્ટીંગ ૨૮ ડિસેમ્બરના રોજ સોમવારે થશે**

**Muthoot Fin. નો NCDs ઈસ્યુ ૨૪ ડિસેમ્બર સુધીમાં ૯૧.૫૩ ટકા ભરાયો**

**Matrimony.com અને Quick Healના IPOને સેબીની મંજૂરી પ્રાપ્ત**

**Ujjivan Fini રૂ. ૨૦૦૦ કરોડના IPOની મંજૂરી માટે સેબીમાં દસ્તાવેજ ફાઈલ કરાવશે**

**Rashtriya Ispatના રૂ. ૧૫૦૦ કરોડનો IPO અંગેની સેબીની મંજૂરી બીજીવાર લેપ્સ થઈ**

કેલેન્ડર વર્ષ ૨૦૧૫ ની વિદાયની આડે માત્ર ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે ત્યારે ખાસ કરીને પ્રાયમરીમાર્કેટ માટે આ વર્ષ IPOની સંખ્યા, IPO દ્વારા એકત્રિત કરાયેલ ભંડોળ બાબતે તો શ્રેષ્ઠ રહ્યું છે પરંતુ IPO માર્કેટના ઈન્વેસ્ટરો માટે તો છેલ્લાં કેટલાંક વર્ષોની તુલનામાં સૌથી વધુ પોઝીટીવ વળતર આપનારૂં નિવડ્યું છે એટલું જ નહીં, વર્ષના અંતિમ તબક્કામાં Dr. Lal Path Labs. અને Alkem Laboratories ના બ્લોક બસ્ટર લિસ્ટીંગને પગલે ક્રિસમસ પૂર્વે રોકાણકારોને સાન્તાનું 'ડબલ બોનસ' મળ્યું છે. તાજેતરમાં વર્ષના અંતિમ સપ્તાહોમાં આ બન્ને ફાર્મા કંપનીઓના IPOsના લિસ્ટીંગના દિવસે મલાઈદાર કમાણીથી કેલેન્ડર વર્ષ ૨૦૧૫ ની અલવિદા ખુશ ખુશાલ વાતાવરણ વચ્ચે થઈ રહી છે.

***Dr. Lal Path Labs. અને Alkem Laboratoriesના ધમાકેદાર લિસ્ટીંગ*** :- ફાર્મા સેકટરની આ બન્ને કંપનીઓના લિસ્ટીંગ તા. ૨૩ ડિસેમ્બરના રોજ એક જ દિવસે સાથે થયા હતા અને લિસ્ટીંગ સમયે માર્કેટમાં જોરદાર અફડા-તફડીનો માહોલ સર્જાયો હતો.

● ***Alkem Laboratories (કોડ : ૫૩૯૫૨૩)*** :- રૂ. ૧૦૫૦ ની ઓફરભાવના આ IPOનું BSE ખાતે રૂ. ૧૩૮૦ ના ભાવે લિસ્ટીંગ થયા બાદ ઉછળીને રૂ. ૧૪૧૦ થયા બાદ ઘટીને રૂ. ૧૩૫૫ થઈ રૂ. ૧૩૮૧.૪૫ ના લેવલે બંધ રહેલ જે તા. ૨૪ ડિસેમ્બરે ઉછળીને ૧૫૪૪ થઈ ૧૫૨૧.૭૫ નો બંધ ભાવ આપ્યો હતો. આમ કંપનીનું લિસ્ટીંગ ઓફર ભાવ સામે ૩૨ ટકા પ્રિમિયમે થયું હતું આમ વર્તમાન બજાર ભાવે ઓફરભાવ સામે ૪૪ ટકા જેટલું માતબર રીર્ટન મળી રહ્યું છે. ગતાંકમાં આ કોલમમાં જણાવ્યા મુજબ આ શેર લાગ્ય હોય તેઓ વધુ સમય જાળવી રાખશે તો વધુ સારા રીર્ટનની સંભાવના છે.

● ***Dr. Lal Path Labs. (કોડ : ૫૩૯૫૨૪)*** :- આ IPOનું BSE ખાતે રૂ. ૫૫૦ ના ઓફરભાવ સામે ૩૧ ટકાના પ્રિમિયમે એટલે કે, રૂ. ૭૧૭ ના ભાવે લિસ્ટીંગ થયા બાદ એક તબક્કે શેરનો ભાવ ઉછળીને રૂ. ૮૪૨ થઈ ઘટીને રૂ. ૭૧૭.૫૦ થઈ રૂ. ૮૨૪.૧૫ ના ભાવે બંધ રહ્યો હતો આમ આ IPO લિસ્ટીંગના દિવસે ૫૦ ટકાના ઉછાળો દર્શાવતો હતો. જો કે, ત્યારબાદ ૨૪ ડિસેમ્બરે શેરનો ભાવ વધુ ઉછળીને રૂ. ૯૦૭.૮૦ ની ટોચ બનાવી રૂ. ૮૯૩.૬૫ ના ભાવે બંધ રહ્યો હતો જે ઓફરભાવ સામે ૬૨ ટકાનો ઉછાળો દર્શાવે છે. ડૉ. લાલના શેર જે રોકાણકારોને એલોટ થયા હોય તેઓએ પ્રત્યેક ઉછાળે ૫૦ ટકા શેરોનું પ્રોફિટ બુકીંગ કરી લેવું હિતાવહ બનશે જાણકારો રૂ. ૧૦૦૦ નો ભાવ લાવ્યા છે પરંતુ પ્રત્યેક ઉછાળે નફો ગાંઠે બાંધતા રહેવું.

કેલેન્ડર વર્ષ ૨૦૧૫ માં લિસ્ટીંગના દિવસે જોરદાર રિર્ટન આપવામાં Dr. Lal Path Labs. નો IPO પ્રથમ ક્રમે આવેલ છે ત્યારબાદ VRL Logistics ૪૩ ટકા રીર્ટન સાથે બીજા ક્રમે આવે છે.

વર્ષ ૨૦૧૫માં આમ પ્રથમ દિવસે જોરદાર રીર્ટન આપનારા ઈસ્યુઓની વિગત વચ્ચે બોક્સમાં દર્શાવેલ છે.

★ ***ગત સપ્તાહના IPOs*** :- ગત સપ્તાહે માર્કેટમાં મેઈન લાઈન IPOમાં Narayana Hrudayalayas માર્કેટમાં અસ્તિત્વ ધરાવતો હતો.

## ગ્રે માર્કેટમાં Dr. Lal PathLab[...]
## Narayana Hrudayala[...]
## સ્માર્ટ ઈન્વેસ્ટમેન્ટની Dr. Lal P[...]

વિતેલ સપ્તાહ દરમ્યાન ગ્રે માર્કેટમાં જોરદાર[...]
ના પ્રિમિયમ ભાવ વધીને રૂ. ૧૫૫/૧૬૦ ની સ[...]
સપાટીને સ્પર્શી ગયા હતા. આ બન્ને IPOના [...]

● ***Narayana Hrudayalaya*** [...]
મળતાં રૂ. ૪૦/૪૫ ના લેવલથી તુટીને રૂ. [...]
બોલાતા હતા તે તુટીને રૂ. ૩૫૦ થયા બાદ [...]
મોટી હતી જો કે, ૨૧ ડિસેમ્બરે એટલે કે, ઈ[...]
માંડ્યા છે અને એક તબક્કે વધીને ૨૦/૨૨ [...]

● ***Alkem Laboratories*** :- ઉલ્[...]
Alkemના IPO ૨.૫ થી ૩ ગણાની આસ[...]
આગાહી સામે કંપનીએ ૫૩ : ૧૦૧ નું એ[...]
IPOનું લિસ્ટીંગ ૧૩૮૦ ના ભાવે થયું હતું[...]

● ***Dr. Lal PathLabs*** :- આ IPO [...]
અને ત્યારબાદ દિવસને અંતે ૫૦ ટકાનું માત[...]
સાચો ઠર્યો હતો ઉપરાંત ભરણું ૨ થી ૩ ગ[...]
આવેલ છે. આમ સ્માર્ટ ઈન્વેસ્ટમેન્ટના મોટ[...]

## Non Convertible Debenture (NCD) Issues at a Glance

| Sr | Company | Issue Open / Issue Close | Bond size (Rs. Cr.) | F.Value (Rs.) | Min. App. | Listing | Rating | Recomm. |
|---|---|---|---|---|---|---|---|---|
| 1. | Muthoot Finance Ltd. | 11-12-2015 / 11-1-2016 | Rs. 250 Cr. Base Size of Rs. 250 Cr. with an option to Retain Oversubscription up to (Rs. 500 Cr.) | 1,000/- | 10 NCDs (Rs.10,000) | BSE | AA-/Stable By CRISIL | Lucrative but Risk Bet |
| | | | | Lead manager : ICICI Sec. A. K. Capital Services Ltd. Registrar : Link Intime India | | | | |

## Grey Market Premium

| IPOs Name | Offer Price (Rs.) | Premium (Rs.) |
|---|---|---|
| Narayana H. | 245 to 250 | 17 / 18 |

Don't subscribe IPO only on the basis of Grey Markets premium. Before Investing check the fundamentals of IPO

ગ્રે માર્કેટમાં IPOના પ્રિમિયમભાવો રોજે રોજ બદલાતા હોવાથી લેટેસ્ટ પ્રિમિયમ જાણવા માટે વેબસાઈટ www.smartinvestment.in ઉપર ક્લિક કરો.

## Listing Information

| | Alkem Labs. | Dr. Lal PathLabs |
|---|---|---|
| BSE Code | 539523 | 539524 |
| Listing Date | 23-12-15 | 23-12-15 |
| Offer Price | 1050.00 | 550.00 |
| Listing Price | 1380.00 | 717.00 |
| Listing Day High | 1410.00 | 842.40 |
| Listing Day Low | 1355.40 | 715.50 |
| Listing Day Close | 1381.45 | 824.15 |
| CMP (24-12-15) | 1521.75 | 893.65 |

## BSE SME IPO

| Sr | Company | Issue Open Dt. / Issue Close Dt. | Issue size (Rs. Cr.) | Offer price (Rs.) | Minimum Applications | Rating | Remark % |
|---|---|---|---|---|---|---|---|
| 1. | OFS Technologies | 28-12-2015 / 31-12-2015 | 17,00,000 Eq. (Rs. 4.25 Cr.) | Rs. 25 | Minimum Application Size of 6,000 Eq. Shares (Rs. 1,50,000) | 49 % | APPLY |

## NSE SME IPO

| Sr | Company | Issue Open Dt. / Issue Close Dt. | Issue size (Rs. Cr.) | Offer price (Rs.) | Minimum Applications | Rating | Remark % |
|---|---|---|---|---|---|---|---|
| 1. | Fourth Dimension | 30-12-2015 / 7-1-2016 | 28,92,000 Eq. (Rs. 8.67 Cr.) | Rs. 30 | Minimum Application Size of 4,000 Eq. Shares (Rs. 1,20,000) | 51 % | Attractive |

## Muthoot Finance Ltd. NCDs Subscribed

| Category | Qty. |
|---|---|
| Series1 | 1,80,926 |
| Series10 | 2,833 |
| Series11 | 1,15,839 |
| Series2 | 5,93,486 |
| Series3 | 8,656 |
| Series4 | 2,30,283 |
| Series5 | 4,84,684 |
| Series6 | 5,130 |
| Series7 | 2,75,464 |
| Series8 | 1,56,114 |
| Series9 | 2,34,757 |
| Total | 22,88,172 |

Date : 24-12-2015
Issue Size = 25,00,000 (100%)
BSE + NSE Quantity
= 2288172 (91.53%)

## Fourth Dimension IPO તા. ૩૦ ડિસે.ના રોજ ખુલી ૭ જાન્યુ. ના રોજ બંધ થશે
## ઓફર પ્રાઈસ રૂ. ૩૦ ફિક્સ્ડ કરાઈ છે - લિસ્ટીંગ NSE - SME પ્લેટફોર્મ ખાતે થશે
## મજબુત ફંડામેન્ટલ્સ અને વ્યાજબી P/Eને જોતાં રોકાણલાયક ઈસ્યુ છે

Fourth Dimension Solution Ltd. (FDSL) તે I.T. ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ટેકનિકલ સપોર્ટ સર્વિસીસ અને CMMI લેવલ ૫ એક્રીડેશન સાથે આઉટસોર્સિંગ ઓપરેશન્સ કરી રહી છે. આ કંપની I.T. અને કન્સલ્ટન્સી સર્વિસીસ વિવિધ રેન્જમાં પુરી પાડે છે. જેમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર સર્વીસીસ એન્ડ યુસર્સ આઈ.ટી. સપોર્ટ, આઈ.ટી. એસેટ લાઈફ અને ઈન્ટીગ્રેટેડ સોલ્યુશન્સનો સમાવેશ થાય છે.

કંપની તેની વર્કિંગ કેપિટલની જરૂરિયાત પુરી કરવા રૂ. ૧૦ ની ફેઈસવેલ્યુના ૨૮૯૨૦૦૦ ઈક્વિટી શેર્સની શેરદીઠ રૂ. ૩૦ ના ફિક્સ્ડ ભાવે ઓફર કરી માર્કેટમાંથી રૂ. ૮.૬૮ કરોડનું ભંડોળ એકત્ર કરવાની યોજના ધરાવે છે. આ ઈસ્યુ ૩૦ ડીસેમ્બરના રોજ ખુલી ૭ જાન્યુઆરી ૨૦૧૬ ના રોજ બંધ થશે. આ ભરણાંમાં ન્યુનત્તમ અરજી ૪૦૦૦ શેર્સ અને ત્યારબાદ તેના ગુણાંકમાં અરજી કરવાની રહેશે. આ ઈસ્યુના લીડ મેનેજર સારથી કેપિટલ અને રજીસ્ટ્રાર શેરપ્રો સર્વિસીસ છે.

કંપનીએ નવેમ્બર ૨૦૧૪ માં સ્થાપના સમયે ભાવોભાવ ઈક્વિટી ઈસ્યુ કર્યા બાદ સપ્ટેમ્બર ૨૦૧૫ માં શેરદીઠ રૂ. ૩૦ ના ભાવે રાઈટ શેર્સ અને ૧ શેરે ૩ શેર બોનસ તરીકે ઈસ્યુ કર્યા હતા. કંપનીની વર્તમાન ઈક્વિટી રૂ. ૮ કરોડ છે જે ઈસ્યુ બાદ વધીને રૂ. ૧૦.૮૯ કરોડ થશે. આ શેરનું લિસ્ટીંગ NSE ઈમર્જ ખાતે થશે.

***નાણાંકીય કામગીરી*** :- કંપનીએ છેલ્લાં ત્રણ વર્ષ દરમ્યાન સરેરાશ રૂ. ૭૪.૧૫ ની EPS અને ૭૭.૨૧ ટકા RONW હાંસલ કરેલ છે. જો કે, કંપનીની આ કમાણી વર્ષ ૨૦૧૩-૧૪ ની રૂ. ૧ કરોડની અને બાકીની એ વર્ષમાં રૂ. ૨ કરોડની ઈક્વિટી કેપિટલને આધારે છે. નાણાંકીય વર્ષ ૨૦૧૬ ના પ્રથમ અર્ધવાર્ષિક સમયગાળામાં કંપનીએ રૂ. ૩૨૦.૮૩ કરોડના ટર્નઓવર ઉપર રૂ. ૫.૮૮ કરોડનો નેટ નફો અને રૂ. ૧૦.૮૦ (વાર્ષિક ધોરણે) EPS નોંધાવ્યો છે.

કંપનીના રૂ. ૧૦.૮૦ ના અંદાજીત EPSને ધ્યાનમાં લેતાં કંપની માત્ર ૩ ના પીઈ મલ્ટીપલમાં શેર ઓફર કરી રહી છે જ્યારે આ સેકટરની હરીફ કંપનીઓ ૮ થી ૬૭ ના પીઈ મલ્ટીપલમાં ટ્રેડ થઈ રહી છે.

***મર્ચન્ટ બેન્કર્સની કામગીરી*** :- આ મર્ચન્ટ બેન્કરનો ૧૩ મો IPO છે અને અગાઉના ૧૨ IPOમાં રોકાણકારોને સરેરાશ રીર્ટન મળ્યું છે.

***ભલામણ*** :- કંપનીના ફંડામેન્ટલ્સ મજબુત છે તેમજ વ્યાજબી પીઈ રેશિયોને ધ્યાનમાં લેતાં મધ્યમથી લાંબાગાળા માટે રોકાણ કરાય.

***DISCLAIMER*** : No financial information whatsoever published anywhere here should be construed as an offer to buy or sell securities, or as advice to do so in any way whatsoever. All matter published here is purely for educational and information purposes only and under no circumstances should be used for making investment decisions. Readers must consult a qualified financial advisor prior to making any actual investment decisions, based on information published here. As SME issues have entry barriers and low preference from broking community, any reader taking decisions based on any information published here does so entirely at own risk. Above information is based on information available as on date coupled with market perceptions. Author has no plans to invest in this offer. - By Dilip Davda (Email: dilip_davda@rediffmail.com)

## Best Listing Gains in 2015

| IPOs | Listing Gains |
|---|---|
| Dr. Lal | 51.73 % |
| VRL Logistics | 43.46 % |
| INOX Wind | 34.89 % |
| Alkem Labs. | 31.52 % |
| S. H. Kelkar | 30.14 % |

## Best Returns in 2015

| Cos. | CMP | Retrun |
|---|---|---|
| VRL Logistics | 410 | 100 % |
| Shree Pushkar Chem. | 107 | 65 % |
| Syngene | 390 | 56 % |
| InidGo | 1183 | 55 % |
| PNC INfra | 540 | 43% |

## આ વર્ષે NSEના SME પ્લેટફોર્મ માટે પ્રોત્સાહક

નાના અને મધ્યમ સાહસો માટે લગભગ ત્રણેક વર્ષ પહેલાં શરૂ કરવામાં આવેલ SME પ્લેટફોર્મનો દેખાવ આ વર્ષે ઘણો જ પ્રોત્સાહક રહ્યો છે. ચાલુ વર્ષે NSEના SME પ્લેટફોર્મ ખાતે ૨૦ કંપનીઓ IPO લાવી છે. આ સાથે NSE SME પ્લેટફોર્મ ખાતે લિસ્ટેડ કંપનીની સંખ્યા વધીને ૩૧ થઈ છે. બીજી બાજુ BSEના SME પ્લેટફોર્મ ખાતે નવી ૩૮ કંપનીઓનો ઉમેરો થતાં કુલ સંખ્યા વધીને ૧૦૦ થઈ છે. આગામી મહિનામાં વધુ ૧૫ જેટલા SME પણ આ પ્લેટફોર્મ ખાતે લિસ્ટીંગની યોજના ઘડી રહ્યાં છે. NSE ના ચીફ બિઝનેસ. ડેવ. અધિકારીએ જણાવ્યું કે, હાલ ૫૦ જેટલાં SME લિસ્ટીંગ પ્રક્રિયાનાં વિવિધ તબક્કામાંથી પસાર થઈ રહ્યાં છે.

## os અને Alkemના લિસ્ટીંગ પહેલાં જોરદાર અફડા-તફડી જોવાઈ
## ayaના IPOના પ્રિમિયમ તુટ્યાં બાદ ફરીથી સુધારાના માર્ગે
## PathLabs અને Alkem બાબતે તમામ આગાહીઓ સચોટ રહી

**ગ્રે માર્કેટની ખાટી મીઠી**

અફડા-તફડીનું વાતાવરણ સર્જાયું હતું. Dr. Lal PathLabs પાટીને અને Alkemનો પ્રિમિયમભાવ રૂ. ૨૪૫ / ૨૫૦ ની લિસ્ટીંગ ગ્રે માર્કેટની અપેક્ષા મુજબ ધમાકેદાર રહ્યા હતા.

:- બીજી બાજુ Narayana Hrudayalayaના IPOને પ્રથમ દિવસે નબળો પ્રતિસાદ ૮/૯ ના સેલરમાં ગયા હતા. આ ઉપરાંત અરજી ફોર્મના ભાવ જે એક તબક્કે ૬૦૦/૬૫૦ સાકરબજારમાં સોદા સદંતર બંધ થઈ ગયા હતા કારણ કે, લેવાલ કરતાં વેચવાલની લાઈન સ્યુના અંતિમ દિવસે QIB કેટેગરીમાં જબરજસ્ત પ્રતિસાદથી પ્રિમિયમભાવ ફરીથી ઉછળવા બોલાયા હતા.

લેખનીય છે કે, સ્માર્ટ ઈન્વેસ્ટમેન્ટની આ કોલમમાં ગત સપ્તાહોમાં નિર્દેશ આપ્યો હતો કે, પાસ ભરાશે જે ૩.૧૭ ગણો છલકાયો. આ સાથે આ IPOમાં બે શેરે ૧ શેર એલોટ થશે તેવી લોટમેન્ટ જાહેર કર્યું હતું. આ ઉપરાંત આ શેરનો ભાવ ૧૩૨૫ પ્લસ જશે તેની સામે આ .

માટે સ્માર્ટ ઈન્વે. એ લિસ્ટીંગ ગેઈનની ભલામણ કરી હતી તે મુજબ લિસ્ટીંગમાં ૩૨ ટકા બર રીર્ટન રોકાણકારોને મળ્યું છે. આ IPOમાં ૧૧ શેરે ૪ શેર એલોટ થશે. તે નિર્દેશ પણ ણાંની આસપાસ ભરાશે તેની સામે એલોટમેન્ટ એપ્લીકેશનવાઈઝ ૨.૭ ના મલ્ટીપલમાં ભાગની આગાહીઓ તથા નિર્દેશ સચોટ રહ્યા છે.

**www.Chittorgarh.com**

Stock Broker VS Stock Broker

Share Broker Reviews
IPO/FPO/NCD
Info Website

Top 25 Share / Commodities Brokers in India - Compare

Sharekhan V/s Angel Broking | ICICIDirect V/s Kotak Securities
RKSV V/s Zerodha | Trade Smart V/s Compositedge
IIFL V/ s MotilalOswal • Ventura V/s Indiabulls

Get Latest IPOs / FPOs Information

Current IPO list | Grey Market Premium | IPO Calendar
IPO Allotment Status | IPO Performance Tracker | Free IPO Email Alerts

Visit : http://www.chittorgarh.com

**● Narayana Hrudayalaya** :- તા. ૧૭ ડિસેમ્બરે રૂ. ૨૪૫ થી ૨૫૦ ના ઓફરભાવે એકંદરે ૨,૪૫,૨૩,૨૯૭ ઈક્વિટી શેર્સ અને કુલ રૂ. ૬૧૩.૦૮ કરોડનો આ IPO ૨૧ ડિસેમ્બરના રોજ ભરાઈ જતા બંધ થયો હતો.

**● ભરણું કેટલું ભરાયું ?** :- આ IPO પ્રથમ દિવસે નબળો પ્રતિસાદ મળતાં માત્ર ૭ ટકા જ ભરાયો હતો જો કે, બીજા દિવસે ૩૦ ટકા ભરાયો હતો જ્યારે ૨૧ ડિસેમ્બરના રોજ છેલ્લાં દિવસે કુલ ૮.૭૦ ગણો છલકાયો હતો. જેમાં QIBમાં ૨૪.૪૩ ગણો, HNIમાં ૩.૬૨ ગણો, રીટેઈલમાં ૧.૮૯ ગણો ભરાયો હતો. આમ અંતિમ દિવસે QIB અને HNIમાં ખૂબજ સારો પ્રતિભાવ મળ્યો હતો જ્યારે રીટેઈલમાં સાધારણ રહ્યો હતો.

**● ડિસ્કવરી પ્રાઈસ** :- રૂ. ૨૪૫ થી ૨૫૦ ના પ્રાઈસ બેન્ડ સામે કેપ પ્રાઈસથી એટલે કે, રૂ. ૨૫૦ નો ડિસ્કવરી પ્રાઈસ ફિક્સ્ડ થઈ શકે છે.

**● એલોટમેન્ટ - રિફંડ** :- આ IPOમાં એલોટમેન્ટ - રિફંડ નવા વર્ષના આરંભે એટલે કે, ૧ જાન્યુઆરીએ આવી શકે છે. રીટેઈલ કેટેગરીમાં ૧.૮૯ ગણો ભરાયો હોવાથી એપ્લીકેશનવાઈઝ ગણતરી કરવામાં આવે તો, ૧.૩૭ ગણો થવા જાય છે.

(અનુ. પાના નં. ૧૦ ઉપર)

### NHAI Tax Free Bond Issue Subscribed

| Category | No. Bonds Reserved | No. of Time Subscribed 24-12-15 |
|---|---|---|
| Category I | 2000000 | 40.80 |
| Category II | 2000000 | 35.28 |
| Category III | 2000000 | 17.45 |
| Category IV | 4000000 | 8.00 |
| Total | 10000000 | 21.90 |

### Narayana Hrudayalaya's IPO Subscribed

| | No. Shares Offered/ Reserved | Issue Subscribed 17-12-15 | 18-12-15 | 21-12-15 |
|---|---|---|---|---|
| QIBs | 4904660 | 0.01 | 0.46 | 24.43 |
| HNI | 3678495 | 0.01 | 0.02 | 3.62 |
| Retail | 8583154 | 0.13 | 0.32 | 1.89 |
| Total | 17166309 | 0.07 | 0.30 | 8.70 |

## IPOનાં પાના ઘટાડી ૧૦ કરવા જતાં ૧૬ પાના થયાં

શેરબજારની નિયમનકાર સેબીએ IPO ભરવાના અરજીપત્રક માટે નવા નિયમો લાગુ કરીને અને ફોર્મના પાનાં ઘટાડીને ૧૦ કરીને પ્રક્રિયા સરળ કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ આ પ્રયાસ સ્થિતિમાં ખાસ સુધારો કરી શક્યા નથી. ૧૦ પાનાનું ફોર્મ હવે ૧૬ પાનાનો આખો સેટ બની ગયો છે અને જટિલતાં ઘટવાના બદલે વધી ગઈ છે. સેબીએ પહેલી ડિસેમ્બરથી IPOના અરજીપત્રક સાથે પ્રોસ્પેક્ટસનાં ૪૮ પાનાનાં વર્ઝન રિપ્લેસ કરીને ૧૦ પાનાનું ફોર્મેટ ઈસ્યુ કરવાનું નોટિફિકેશન રજૂ કર્યું હતું જેમાં બન્ને બાજુ પ્રિન્ટેડ પાંચ શીટ સામેલ છે. તાજેતરમાં આવેલા Narayana Hrudayalaya, Alkem Laboratories, Dr. Lal PathLabsના આઈપીઓના એપ્લીકેશન ફોર્મ જોતાં માલુમ પડે છે કે, કંપનીઓ વાસ્તવમાં ૧૦ પાનાંની જગ્યાએ ૧૬ પાનાનાં ફોર્મ બહાર પાડે છે. મુખ્ય એપ્લીકેશન સેટમાં ૧૨ પાનાં છે, જેમાં બે પાનાં તો જાણી જોઈને કોરા રાખવામાં આવ્યા છે અને તેની પર પેજ નંબર પણ નથી જ્યારે અન્ય પાનાંને એકથી દસ નંબર આપવામાં આવ્યા છે. ૧૦ પાનાનાં ફોર્મેટમાં બિડિંગ સેન્ટરની યાદી આપવામાં આવતી નથી. રોકાણકારોને માહિતી મેળવવામાં આવાં સેન્ટર ખૂબજ ઉપયોગી સાબિત થાય છે. આથી કંપનીઓ આઈપીઓના ફોર્મમાં વધારાની ચાર શીટ જોડવા લાગી છે, એટલે કે, ૧૨ પાનાંની એપ્લીકેશનમાં વધારાની ચાર શીટ જોડી દે છે જેથી ફોર્મ યોગ્ય જગ્યાએ પહોંચે.

# ગાગરમાં...સાગર...

### શેરધારકોના હિતમાં ન હોય તેવા કોર્પોરેટ પગલાંઓને બજાર તીવ્ર - ઝડપી પ્રત્યાઘાત આપે છે

## કંપનીઓની મુનસફી હવે નહીં ચાલે... રોકાણકારો મજબૂત બન્યા છે
## મારૂતિ, સન ફાર્મા અને DCB ના કિસ્સા શેરધારોકના કડક વલણના જલવંત ઉદાહરણ

મારૂતિ સુઝુકીને ગુજરાતમાં પેરન્ટ સુઝુકીના નવા પ્લાન્ટ માટે લઘુમત્તી શેરધારકોની મંજૂરી મેળવવામાં બે વર્ષ લાગ્યાં છે. કંપનીએ આ પ્રસ્તાવ સૌપ્રથમ જાન્યુઆરી ૨૦૧૪માં મૂક્યો હતો. જોકે તેને ચાલુ મહિને જ મંજૂરી મળી છે અન આ પ્રસ્તાવની શરતો મારૂતિ સુઝુકીના શેરધારકો માટે સાનૂકુળ છે.

સન ફાર્માએ ગયા મહિને સબસિડિયરી ટેરો ફાર્મા દ્વારા અમેરિકાના વિન્ડ એનર્જી પ્રોજેક્ટમાં રોકાણની યોજના પડતી મકી છે. વિન્ડ પ્રોજેક્ટમાં રોકાણની જાહેરાતને પગલે રોકાણકારોએ સન ફાર્માનો શેર વેચ્યો હતો અને તેના લીધે જાહેરાતના પાંચ દિવસમાં શેર ૬ ટકા ગબડ્યો હતો, અને એટલે કંપનીને યોજના રદ કરવી પડી હતી. ત્યાર પછી શેરમાં ચાર ટકાની રિકવરી નોંધાઈ છે. સંસ્થાકીય રોકાણકારો સહિત પબ્લિક શેરધારકોનું આવું આકરું વલણ ૨૦૧૬માં શેરધારકોનું મહત્વ વધારશે.

"નિયમનકર્તાએ સમયાંતરે લઘુમત્તી શેરધારકોના રક્ષણ માટે ઘણાં પગલાં ભર્યા છે. રોકાણકારો પણ તેમનું હિત જાળવવાના મુદ્દે વધુ સક્રિય બન્યા છે અને તેમણે યોગ્ય વહીવટને સારો પ્રતિસાદ આપ્યો છે." જાહેર શેરધારકોના હિતમાં ન હોય એવા કોર્પોરેટ પગલાં અંગે બજાર ઝડપી અને તીવ્ર પ્રત્યાઘાત આપે છે. સંદેશ બહુ સ્પષ્ટ છે મૂડીનો કાર્યક્ષમ ઉપયોગ નહીં કરનાર અથવા નાણાંનું નીચું વળતર આપનારા મુખ્ય બિઝનેસ સિવાયના કામકાજમાં રોકાણ કરનાર કંપનીઓને રોકાણકારો હવે નહીં ચલાવે. શેરધારકો આવા પગલાંને અટકાવી રહ્યા છે અથવા કંપનીના શેરનું વેચાણ કરી રહ્યા છે. ઓક્ટોબરમાં ડીસીબી બેન્કના શેરમાં જોરદાર વેચવાલીને કારણે મેનેજમેન્ટે મહત્વાકાંક્ષી વિસ્તરણની યોજના પડતી મૂકવી પડી હતી. ઉલ્લેખનીય છે કે, ૧૨ મહિનામાં ૧૫૦ બ્રાન્ચ શરૂ કરવાની જાહેરાત પછી શેર ૨૦ ટકા ગબડ્યો હતો. માલિકીહકમાં સંસ્થાકીય રોકાણકારોનો હિસ્સો વધી રહ્યો છે અને આગામી સમયમાં આવાં વધુ ઉદાહરણ જોવા મળશે.

## આશિમાના શેરમાં છ દિવસમાં ૬૦ ટકાના રોકેટગતિએ ઉછાળાનું રહસ્ય અકબંધ
## કંપનીના રાઇટઇસ્યૂ અંગે અનિશ્ચિતતા વચ્ચે શેરમાં ઉછાળાથી માર્કેટમાં આશ્ચર્ય

અમદાવાદ સ્થિત ટેક્સટાઇલ કંપની આશિમા લિ.ના શેરે છેલ્લાં છ ટ્રેડિંગ સત્રમાં લગભગ ૬૦ ટકા વળતર આપ્યું છે. એક તરફ કંપનીએ રાઈટ ઈશ્યૂ માટે કરેલી કાર્યવાહી અંગે મુંબઈ સ્થિત ડેટ રિકવરી ટ્રિબ્યૂનલરએ ૧૧ જાન્યુઆરીએ સુનાવણી સુધી યથાવત્ સ્થિતિ જાળવવા કહ્યું છે ત્યારે શેરના ભાવમાં ભાવમાં આટલાં વર્ષોમાં ક્યારેય જોવા મળ્યો ન હોય તેવો ઉછાળો ટ્રેડર્સની સમજ બહાર છે. પાછલા ગુરવારે બીએસઈ ખાતે કંપનીનો શેર ૨૦ ટકાની બાયર સર્કિટ સાથે રૂા. ૨૦.૮૬ ના સ્તરે બંધ રહ્યો હતો. ૧૬ ડિસેમ્બરના રોજ કંપનીનો શેર રૂા. ૧૩.૧૦ના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. ગત ગુરવારે બીએસઈ ખાતે આશિમાના કાઉન્ટરમાં ૧૭.૫૦ લાખ શેર્સનું જંગી ટ્રેડિંગ થયું હતું. વર્તમાન શેર હોલ્ડિંગ પેટર્ન મુજબ કંપનીમાં પ્રમોટર્સનો હિસ્સો ૩૩ ટકાથી સહેજ વધુ છે. કંપનીએ બીએસઈને જણાવ્યું છે કે, ૨૩ ડિસેમ્બરે ડેટ રિકવરી ટ્રિબ્યૂનલ-૨એ પસાર કરેલા ઓર્ડરને કારણે રાઈટ્સ શેર્સની ફાળવણી, રિફંડ અને રાઈટ્સ શેર્સના લિસ્ટિંગની કામગીરીમાં વિલંબ થશે. ટ્રિબ્યૂનલ હવે ૧૧મી જાન્યુઆરીને સુનાવણી હાથ ધરશે. અગાઉ બીજી ડિસેમ્બરે કંપનીનો રાઈટ ઈશ્યૂ બંધ થયા બાદ ડેટ રિકવરી ટ્રિબ્યૂનલ-૨એ ડિસેમ્બર સુધી રાઈટ ઈશ્યૂ અંગેની કામગીરીમાં આગળ નહીં વધવા અને રાઈટ ઈશ્યૂ પેટે ઉઘરાવેલાં નાણાં પર 'સ્ટેટ્સ ક્વો' જાળવવા આદેશ કર્યો હતો. આ આદેશ લંબાવીને ૧૧ જાન્યુઆરી પર ઠેલ્યો છે. દરમિયાન કંપનીએ ડેટ રિકવરી એપેલટ ટ્રિબ્યૂનલમાં અપીલ કરી હતી અને ટ્રિબ્યૂનલે ૧૬ ડિસેમ્બરે રિફંડ માટે આદેશ આપ્યો હતો. જોકે બીજા જ દિવસે એટલે કે ૧૭ ડિસેમ્બરે એપેલટ ટ્રિબ્યૂનલે આ આદેશ સામે સ્ટે આપ્યો હતો, અને ૨૩ ડિસેમ્બર સુધી આ મુદ્દે નિર્ણય મોકૂફ રાખ્યો હતો. ૨૩ ડિસેમ્બરે તેણે ફરી એકવાર નિર્ણયને ૩૦ ડિસેમ્બર સુધી પરત ઠેલ્યો હતો. આમ કંપનીના રાઈટ ઈશ્યૂને લઈને હાલમાં રોકાણકારોને કોઈ સ્પષ્ટતા મળી રહી નથી. કંપનીનો રાઈટ ઈશ્યૂ કેટલો સબસ્ક્રાઈબ થયો? ડેટ રિકવરી ટ્રિબ્યૂનલે શા માટે રાઈટ ઈશ્યૂને લઈને દખલગીરી કરવી પડી? વગેરે બાબતોને લઈને શેરબજારમાં ટ્રેડર્સને કોઈ યોગ્ય ઉત્તર મળતા નથી. સપ્ટેમ્બર ક્વાર્ટરના અંતે કંપનીની બેલેન્સ શીટ પર રૂા. ૫૫૧ કરોડનું ઋણ હતું. જ્યારે રાઈટ ઈશ્યૂ મારફતે કંપની અંદાજે રૂા. ૮૦ કરોડ એકત્ર કરવા માંગતી હતી. શેરબજાર પર કંપનીનું માર્કેટકેપ રૂા. ૨૩૭ કરોડનું રહ્યું હતું.

### નરેન્દ્ર મોદીની રશિયાની મુલાકાત દરમિયાન સંરક્ષણ ક્ષેત્રે શ્રેણીબધ્ધ કરારોની સંભાવનાએ

## ભારત - રશિયા વચ્ચે મોટા ડીલ્સની ધારણાએ ડિફેન્સ શેરો સર્કિટબ્રેકર બન્યા
## પીપાવાવ ડિફેન્સ, એસ્ટ્રામાઇક્રોવેવ, BEL અને સોલર ઇન્ડ.ના શેરોમાં જોરદાર ઉછાળો

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીની રશિયા મુલાકાત દરમિયાન સંરક્ષણ ક્ષેત્ર માટે શ્રેણીબધ્ધ સમજૂતી થવાની ધારણાએ પીપીવાર ડિફેન્સ, એસ્ટ્રા માઈક્રોવેવ પ્રોડક્ટ્સ, સોલાર ઈન્ડસ્ટ્રીઝ સહિતના ડિફેન્સ શેરોમાં ૨૦ ટકા સુધીની તેજી આવી હતી. બીએસઈમાં પીપાવાવ ડિફેન્સનો શેર ૧૯.૯૯ ટકા ઉછળીને રૂા. ૧૦૦.૨૫ના સ્તરે બંધ આવ્યો હતો. એસ્ટ્રા માઈક્રોવેવ પ્રોડક્ટ્સના શેરનો ભાવ ૧૦.૫૭ ટકાના ઉછાળા સાથે રૂા. ૧૪૮.૫૦એ બંધ આવ્યો હતો. આ ઉપરાંત સોલર ઈન્ડસ્ટ્રીઝનો શેર ૩.૦૨ ટકા ઉછળીને રૂા. ૩૪૦૨.૧૦ અને ભારત ઈલેક્ટ્રોનિક્સના શેરનો ભાવ ૩.૭૧ ટકા ઉછળીને રૂા. ૧૩૧૬.૮૦એ બંધ આવ્યો હતો. રિલાયન્સ ડિફેન્સે ભારતીય નૌકાદળ માટે ચાર ફ્રિગેટના નિર્માણ માટે રશિયાની ડિફેન્સ કંપની સાથે સમજૂતી કરી છે તેવા અહેવાલને પગલે પીપાવાવ ડિફેન્સ એન્ડ ઓફશોર એન્જિનિયરીંગનો શેર ૨૦ ટકા ઉછળ્યો હતો. પીપાવાવ ડિફેન્સમાં રિલાયન્સ ડિફેન્સ હાલમાં ૪૪ ટકા ઈક્વિટી હિસ્સો ધરાવે છે, અને આ સોદો આશરે રૂા. ૬૦,૦૦૦ કરોડનો છે. બીએસઈમાં પીપાવાવમાં શેરનો ભાવ ૧૯.૯૯ ટકા ઉછળીને રૂા. ૧૦૦.૨૫ના સ્તરે બંધ આવ્યો હતો. જે તેનો બાવન સપ્તાહનો નવો ઊંચો ભાવ છે. પીપાવાવનો શેર ૨૪ ડિસેમ્બર, ૨૦૧૪ના રોજ રૂા. ૩૮.૮૦ ના બાવન સપ્તાહના નીચા સ્તેર હતા.

### બેન્કો મહેરબાન તો.... દેવાદાર કંપનીઓ પહેલવાન...

## RBI - સરકાર બેન્કોની NPA થી ચિંતિંત છતાં બેન્કોએ તિજોરીઓ ખૂલ્લી મૂકી
## SBI, ICICI & Yes બેન્કે J. P. Associates ને છૂટથી લોન આપી

બેન્કોની વધતી બેડ લોનને લઈને રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (RBI) ચિંતિત છે અને બેન્કિંગ સિસ્ટમની NPA માં કંપનીઓના વધતાં હિસ્સાને લઈને ચેતવણી પણ ઉચ્ચારી છે ત્યારે દેવાના બોજ તળે દબાયેલી જયપ્રકાશ એસોસિયેટ્સને ખાનગી અને સરકારી બેન્કોએ છેલ્લાં ત્રણ વર્ષમાં જંગી માત્રામાં લોન આપી હોવાનું મોગર્ન સ્ટેન્લીના રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે.

કંપનીને મળેલા ફંડિંગમાં મહત્તમ ભંડોળ તો બેન્કો તરફથી મળ્યું હતું અને હિસાબી વર્ષ ૨૦૧૧-૨૦૧૨માં કંપનીના કુલ ઋણમાં બેન્કોનો હિસ્સો ૫૮ ટકાથી વધીને ૨૦૧૪-૨૦૧૫માં ૮૨ ટકા થઈ ગયો હતો. માર્ચ ૨૦૧૫ના અંતે કંપનીનું કુલ ઋણ રૂા. ૨૯,૦૦૦ કરોડ નોંધાયું હતું. ICICI Bank, SBI, Yes Bank, IDBI Bank અને કેનેરા બેન્કે જયપ્રકાશ એસોસિયેટ્સને લોન મંજૂર કરવામાં નોંધપાત્ર વધારો કર્યો હતો. ૨૦૧૧-૨૦૧૨માં ICICI બેન્કે જે.પી. ગ્રૂપને રૂા. ૩૬૧૫.૩ કરોડનું ધિરાણ આપ્યું હતું. જે ૨૦૧૪-૨૦૧૫માં વધીને રૂા. ૬૬૨૪.૨ કરોડ થઈ ગયું હતું. જે હિસાબે કુલ ઋણમાં ICICI બેન્કનો હિસ્સો ૩૨.૮ ટકા થાય છે. સમાન સમયગાળામાં સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા (ગ્રૂપ)નું કુલ ધિરાણ રૂા. ૧૬૩૩.૬ કરોડથી વધીને રૂા. ૩૧૮૫.૭ કરોડ થયું હતું. છેલ્લાં ત્રણ વર્ષમાં કંપનીને લોન આપવામાં યસ બેન્કે ૬૯ ટકા સાથે સૌથી વધુ ઉછાળો નોંધાવ્યો હતો. ક્રેડિટ રેટિંગ એજન્સી CARE એ જુલાઈ ૨૦૧૫માં જે.પી. એસોસિયેટ્સને ડાઉનગ્રેડ કરીને "D" રેટિંગ (ઋણ ચૂકવવામાં વિલંબ થવાથી ડિફોલ્ટ અને નબળી લિક્વિડીટી પોઝિશન) આપ્યું હતું.

### Corporate Meetings for this week

| BSE Code | Company name | Agenda | Date | BSE Code | Company name | Agenda | Date |
|---|---|---|---|---|---|---|---|
| 532816 | BROADCAST | General | 26-Dec-15 | 517224 | SUJANAUNI | General | 28-Dec-15 |
| 526269 | CRSTCHM | General | 26-Dec-15 | 523878 | TOTEX | General | 28-Dec-15 |
| 532614 | IMPEXFERRO | General | 26-Dec-15 | 530801 | DIAMOND | General | 29-Dec-15 |
| 539229 | MRSS | General | 26-Dec-15 | 532716 | GILLANDERS | General | 29-Dec-15 |
| 511523 | VEERHEALTH | General | 26-Dec-15 | 533239 | PRAKASHSTL | General | 29-Dec-15 |
| 531247 | ALPHA | General | 28-Dec-15 | 533239 | PRAKASHSTL | Stock Split | 29-Dec-15 |
| 503637 | DHANLEELA | General | 28-Dec-15 | 523756 | SREINFRA | General | 29-Dec-15 |
| 530055 | HRMNYCP | General | 28-Dec-15 | 538834 | MEL | General | 30-Dec-15 |
| 533152 | MBLINFRA | General | 28-Dec-15 | 526481 | PHOENXINTL | General | 30-Dec-15 |
| 532163 | SAREGAMA | General | 28-Dec-15 | 531802 | PRERINFRA | General | 30-Dec-15 |
| 531893 | SAWABUSI | Bonus issue | 28-Dec-15 | 502761 | BLUBLND-B | General | 31-Dec-15 |
| 531893 | SAWABUSI | General General | 28-Dec-15 | 523489 | CMMHOSP | General | 31-Dec-15 |
| 513414 | SMPL | General | 28-Dec-15 | 511535 | NDASEC | General | 31-Dec-15 |

Financial Weekly
SMART INVESTMENT

# સ્માર્ટ ગાઈડ ફોર સ્માર્ટ ઈન્વેસ્ટર - M.N. Gandhi

## બ્રોકિંગ કંપનીઓએ સાપ્તાહિક ધોરણે દરેક ગ્રાહકને ટ્રેડિંગની માહિતી આપવી પડશે

બ્રોકિંગ કંપનીઓને સાપ્તાહિક ધોરણે દરેક ગ્રાહકના ટ્રેડિંગની વિસ્તૃત માહિતી એક્સચેન્જિસને આપવી પડે તેવી શક્યતા છે. સેબી આ મુદ્દે વિચારણા કરી રહી છે. બ્રોકિંગ હાઉસિસ પાસે ગ્રાહકોનાં નાણાં અને શેરનું મોટું ભંડોળ હોય છે અને આ આંકડો કરોડોમાં છે. જોકે, અત્યાર સુધી બ્રોકરે વ્યક્તિગત ગ્રાહકના ખાતાની માહિતી આપવાની જોગવાઈ નથી. બ્રોકર્સ અત્યારે તેની પાસેનાં નાણાં અને શેરનો ઉપયોગ પ્રોપ્રાઈટી એકાઉન્ટના ડેરિવેટિવ્ઝની માર્જિન જરૂરિયાત પૂરી કરવા તેમજ અન્ય ટ્રેડર્સને ટૂંકાગાળાનું ધિરાણ આપવા કરે છે. ટ્રેડિંગની માહિતીના નવા નિયમને કારણે આવા ડિફોલ્ટર્સની જાણ મેળવી શકાશે. રોકાણકારો તરફથી બ્રોકર્સ નાણાં પરત નહીં કરતાં હોવાની ફરિયાદ મળે છે. તાજેતરમાં સેબીને જાણવા મળ્યું છે કે, એક્સચેન્જિસને નાણાં નહીં ચૂકવી શકનારા બ્રોકર્સે પૂલ એકાઉન્ટમાં નાણાં હોવા છતાં ગ્રાહકોને પરત કર્યા ન હતા. અધિકારીના જણાવ્યા અનુસાર સેબીએ બ્રોકર્સને પ્રોપ્રાઈટી ટ્રેડિંગ અને ક્લાયન્ટ એકાઉન્ટ માટે અલગ પૂલ એકાઉન્ટ રાખવા જણાવ્યું છે. બ્રોકર્સને ગ્રાહકોની લેખિત મંજૂરી લીધા પછી જ સેબીએ ટ્રેડિંગ એકાઉન્ટમાં તેમનાં નાણાં કે શેર રાખવાની મંજૂરી આપી હતી. ડેરિવેટિવ સેગમેન્ટમાં આ સિસ્ટમ પ્રિ-પેઇડ સર્વિસની જેમ કામ કરે છે. ગ્રાહકો ફંડ કે શેર ટ્રાન્સફર થવાની રાહ જોયા વગર તરત પોઝિશન લઈ શકે છે. જોકે બ્રોકર્સે દરેક ત્રિમાસિક ગાળામાં ગ્રાહકના ખાતાનું સેટલમેન્ટ કરવાનું હોય છે.

## સાર્વત્રિક તેજી સાથે ૧૩ શેરો બાવન સપ્તાહના ઊંચા સ્તરે સ્પર્શ્યા

શેરબજારમાં સાર્વત્રિક તેજીને પગલે ટ્રેન્ટ, ફ્યુચર્સ રિટેલ, ટીવી ૧૮ બ્રોડકાસ્ટ અને ટીવી ટુડે સહિતના આશરે ૧૩ કંપનીઓના શેરો તેમના બાવન સપ્તાહના ઊંચા સ્તરે પહોંચ્યા હતા. એફએમસીજી શેર મેરિકો, એરલાઇન કંપની જેટએરવેઝ, જાહેર ક્ષેત્રની કંપની જીઆઈસી અને ડિલિસ્ટિંગ ઉમેદવાર એસ્સાર ઓઇલ સહિતના શેરો નવી ઊંચાઈએ પહોંચ્યા હતા. બીએસઈ ૫૦૦ ઇન્ડેક્સના શેરોમાં બજાજ ફાયનાન્સ, ક્વોલિટી, નીલકમલ, ટીએનપીએલ અને જીએસકે કન્ઝ્યુમર હેલ્થકેર પણ બાવન સપ્તાહના ઊંચા સ્તરે સ્પર્શ્યા હતા. દરમિયાન ઇન્ડિયન બેન્ક અને કાવેર સીડ તેમના બાવન સપ્તાહના નીચા સ્તરે સ્પર્શ્યા હતા. રિટેલ કંપની ફ્યુચર રિટેલના શેરનો ભાવ રૂા. ૨૫.૯૫ના ઊંચા સ્તરે સ્પર્શ્યા બાદ ૬.૪૬ ટકાની તેજી સાથે રૂા. ૨૫.૫૫એ બંધ આવ્યો હતો. ટ્રેન્ટનો શેર રૂા. ૧૭૨૪ના નવા ઊંચા સ્તરે સ્પર્શ્યો હતો. ટીવી ૧૮ બ્રોડકાસ્ટનો શેર ઉછળીને રૂા. ૪૬.૨૫ના બાવન સપ્તાહના ઊંચા સ્તરે સ્પર્શ્યા બાદ રૂા. ૪૫.૮૦એ બંધ આવ્યો હતો. ટીવી ટુડેના શેરનો ભાવ બાવન સપ્તાહના ઊંચા સ્તરે પહોંચ્યા બાદ રૂા. ૩૧૨.૩૫એ બંધ આવ્યો હતો. બીએસઈમાં નીલકમલ લિમિટેડના શેરનો ભાવ ઉછળીને રૂા. ૧,૨૪૧.૭૦ થયો હતો. એસ્સાર ઓઇલના શેર ભાવ પણ ઝડપી ઉછાળે ૨૫૪ બંધ રહ્યો હતો.

### જૂનવાણી સિસ્ટમ દૂર કરાશે

## નિષ્ફળ ગયેલા બિઝનેસ માટે નાદારી જાહેર કરવાનું સરળ બનશે

નિષ્ફળ ગયેલા બિઝનેસ માટે નાદારી જાહેર કરવાનું કામ વધુ સરળ બનશે અને આ માટેની જૂનવાણી સિસ્ટમ દૂર કરવામાં આવશે. નાણાંમંત્રી અરૂણ જેટલીએ "ઇનસોલ્વેન્સી એન્ડ બેન્કરપ્સી કોડ ૨૦૧૫" રજૂ કર્યો છે જેથી નિષ્ફળ ગયેલા બિઝનેસને ૧૮૦ દિવસમાં સમેટી શકાશે. આ ઉપરાંત વૈશ્વિક સ્તરે પ્રવર્તમાન નીતિ પ્રમાણે લીડર્સ, ઓપરેશનલ ક્રેડિટર્સ અને કંપની જાતે ઇન્સોલ્વેન્સીની પ્રક્રિયા પાર પાડી શકશે. "ઇનસોલ્વેન્સી અને બેન્કરપ્સી અંગેનું અત્યારનું માળખું અપૂરતું અને બિનઅસરકારક છે, તેના કારણે વિવાદના ઉકેલમાં વધારે સમય લાગે છે. તેથી આ કાયદાની દરખાસ્ત કરવામાં આવે છે." જેટલીએ ૨૦૧૫-૨૦૧૬ના બજેટના વક્તવ્ય વખતે "ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ"ની સ્થિતિ સુધારવા બેન્કરપ્સી (દિવાળું)ના કાયદાને મુખ્ય પ્રાથમિકતા ગણાવી હતી. તેમણે કહ્યું હતું કે, વૈશ્વિક સ્તરનો એક સમગ્રલક્ષી બેન્કરપ્સી કોડ રજૂ કરવામાં આવશે, જે પૂરતા પ્રમાણમાં ન્યાયિક ક્ષમતા ધરાવતો હોય. આ ખરડાને નાણાં ખરડા તરીકે રજૂ કરવામાં આવ્યો છે જેથી તેને પસાર કરવામાં રાજ્યસભાની ભૂમિકા મર્યાદિત બનશે.

### માર્કેટ સ્કેન

(પાના નં. ૧ નું ચાલુ)

જો આ પુલ બેક આગળ વધે તો સેન્સેક્સમાં ૨૫૯૧૮-૨૬૨૪૩-૨૬૫૬૭ તથા નિફ્ટીમાં ૭૮૫૧-૭૯૪૪-૮૦૩૬ના લેવલ જોવા મળી શકે.

આ પુલ બેક રેલીને કારણે બેરીશ ફોલિંગ ગેપ પાર થઈ ગયો છે, જે સેન્સેક્સ માટે ૨૫૮૧૦-૨૫૮૫૭ હતો અને નિફ્ટી માટે ૭૮૨૧-૭૮૫૩ હતો. ગુરુવારે આ લેવલને પાર કરી જતા જણાય છેકે પુલ બેક રેલી વધુ આગળ ધપશે.

આગળ જતા સેન્સેક્સ માટે ૨૬૨૪૩-૨૬૨૫૬ અને નિફ્ટીમાં ૭૯૪૪-૭૯૭૯નો મજબૂત અવરોધ છે. વળી, તે ૫૦ ટકા રિટ્રેસમેન્ટ લેવલ(સેન્સેક્સ ૨૬૨૪૩, નિફ્ટી ૭૯૪૪) અને ઈન્ટરમીડિયેટ રેલી ટોપ(સેન્સેક્સ ૨૬૨૫૬, નિફ્ટી ૭૯૭૯)ની ખૂબ નજીક છે. આથી આ ઝોન મહત્વના બની રહેશે.

એમએસીડી અને પ્રાઈસ આરઓસી ખરીદીનો સંકેત કરે છે. આરએસઆઈ બાવન થયો છે, જે સતત બુલીશ મોમેન્ટમ દર્શાવે છે. સ્ટોકેસ્ટિક ઓસિલેટર પર્સન્ટેજ કે ૮૪ છે, જે પર્સન્ટેજ ડી કરતાં વધારે છે. આથી ખરીદીનો સંકેત કરે છે. ઓબીવી લોઅરટોપ લોઅર બોટમ ફોર્મેશન બનાવે છે, જે વેચવાલીનો સંકેત કરે છે. મની ફ્લો ઈન્ડેક્સ ૪૮ છે, જે દર્શાવે છેકે બજારમાંથી નાણાં પાછા ખેંચાઈ રહ્યા

### વિતેલ સપ્તાહની ભલામણોનો ધડાકો

| | Stocks | Reco.Price | TGT | Reached | Lot Size | Profit |
|---|---|---|---|---|---|---|
| Sell | Dr. Reddy | 2974 | 2870 | 2962 | 125 | 1,500 |
| Sell | Ultratech | 2815 | 2718 | 2782 | 125 | 4,125 |
| Sell | ACC | 1349 | 1312 | 1338 | 250 | 2,750 |
| Sell | Strides | 1306 | 1260 | 1278 | 250 | 7,000 |
| Sell | Wipro | 554 | 539 | 548 | 500 | 3,000 |
| | | | | | Total Rs. | 18,375 |




છે. એડીએક્સ ઘટીને ૨૫ થઈ ગયો છે, જે શાવે છેકે ઘટાડાનો વ્યાપક ટ્રેન્ડ હજી યથાવત્ છે. ડિરેક્શનલ ઈન્ડિકેટર્સ વેચવાલીનો સંકેત કરે છે. આમ, ઓસિલેટર્સ મિશ્ર ચિત્ર રજૂ કરી રહ્યા છે.

ગત સપ્તાહે બન્ને ઈન્ડાઈસીસ તેમના ટૂંકા ગાળાના ૨૦ દિવસના મુવિંગ એવરેજ(સેન્સેક્સ ૨૫૬૨૮, નિફ્ટી ૭૭૯૧)ની ઉપર બંધ આપવામાં સફળ રહ્યા છે. આથી ટૂંકા ગાળાનો ટ્રેન્ડ સુધારાતરફી થઈ ગયો છે. જોકે બન્ને હજી તેમના મધ્યમ ગાળાના ૫૦ દિવસના મુવિંગ એવરેજ(સેન્સેક્સ ૨૬૧૬૧, નિફ્ટી ૭૯૩૩)ની નીચે જ બંધ રહ્યા છે. આ ઉપરાંત લાંબા ગાળાના ૨૦૦ દિવસના મુવિંગ એવરેજ(સેન્સેક્સ ૨૭૧૧૨, નિફ્ટી ૮૨૧૭)ની નીચે જ બંધ છે. આથી મધ્યમ અને લાંબાગાળાનો ટ્રેન્ડ હજીઘટાડા તરફી જ છે.

ડિસેમ્બરની પૂરી થઈ રહેલી સીરિઝના ઓપ્શન્સ ડેટા પરથી માલૂમ પડે છે કે નિફ્ટીમાં ૮૦૦૦ના સ્ટ્રાઈકથી સૌથી વધુ કોલ જોવા મળ્યા છે, જ્યારે ૭૫૦૦ના સ્ટ્રાઈકથી સૌથી વધુ પુટ જોવા મળ્યા છે. આમ,નિફ્ટી આગામી સપ્તાહે આ ૫૦૦ પોઈન્ટની રેન્જમાં અથડાતો જોવા મળશે. આગામી ગુરુવારે આ સીરિઝ પૂરી થઈ રહી છે.


### સ્માર્ટ પ્લસ ન્યુઝ લેટરની અદ્વિતિય લોકપ્રિયતા

#### માત્ર ૪ જ દિવસમાં જોવાયેલ ૨૯ % નો જોરદાર ઉછાળો

| Company | Reccom. 21-12-15 | Weekly High | % | Company | Reccom. 21-12-15 | Weekly High | % |
|---|---|---|---|---|---|---|---|
| Idea | 133.5 | 142 | 6.4 | Berger Paints | 232 | 257 | 10.8 |
| Rel. Infra | 451 | 493 | 9.3 | ARVIND | 321 | 340 | 5.9 |
| Dish TV | 97 | 101 | 4.1 | J. K. Tyre | 107 | 114 | 6.5 |
| Digjam | 12 | 14 | 16.7 | Omkar Sp. | 220 | 241 | 9.5 |
| SMS Pharma | 122 | 134 | 9.8 | Anuh Pharma | 329 | 344 | 4.6 |
| Assam Co. | 5 | 5.36 | 7.2 | Voltas | 303 | 320 | 5.6 |
| Moser Baer | 9 | 9.85 | 9.4 | Aurobindo PH. | 831 | 882 | 6.1 |
| T.N.Petro | 18 | 19 | 5.6 | Axis Bank | 432 | 455 | 5.3 |
| Stone (I) | 91 | 94 | 3.3 | Biocon | 482 | 513 | 6.4 |
| Zentec | 118 | 124 | 5.1 | IDBI Bank | 89 | 92 | 3.4 |
| Wanburry | 63 | 76 | 20.6 | Godrej Ind. | 376 | 388 | 3.2 |
| Manugraph | 67 | 69 | 3 | Ambuja Cements | 199 | 204 | 2.5 |
| Bharat Gears | 86 | 96 | 11.6 | IndiGo | 1140 | 1205 | 5.7 |
| V-Mart | 452 | 586 | 29.6 | Pennar Ind. | 52 | 56 | 7.7 |
| Elants Beck | 1427 | 1547 | 8.4 | Nelcast | 69 | 74 | 7.2 |
| Heritage Foods | 577 | 594 | 2.9 | Spice Jet | 67 | 71 | 6 |
| BEML | 1263 | 1311 | 3.8 | Austin Engg. | 66 | 70 | 6.1 |
| IdoIndo Count | 1086 | 1113 | 2.5 | IFCI | 27 | 29 | 7.4 |
| Jet Airways | 618 | 638 | 3.2 | Global Vectra | 97 | 115 | 18.6 |
| PC Jew. | 400 | 418 | 4.5 | Adani Trans. | 36 | 38 | 5.6 |
| J. Kumar Infra | 347 | 397 | 14.4 | TV 18 | 42 | 45 | 7.1 |
| Wonderla Holiday | 380 | 430 | 13.2 | SCI | 97 | 101 | 4.1 |
| I. B. Housing Fin. | 702 | 720 | 2.6 | Windsor Machine | 32 | 34 | 6.3 |
| BATA India | 492 | 512 | 4.1 | Kilburn Engg. | 83 | 87 | 4.8 |
| Tata Elxsi | 2194 | 2330 | 6.2 | Lyka Labs. | 117 | 132 | 12.8 |
| Akzo Nobel | 1358 | 1393 | 2.6 | Jamna Auto | 129 | 135 | 4.7 |
| E-Clerx | 1457 | 1495 | 2.6 | Tamilnadu News | 244 | 272 | 11.5 |
| Sutlej Tex. | 493 | 508 | 3 | Compuage Info | 139 | 147 | 5.8 |
| Force Motors | 3045 | 3139 | 3.1 | Milk Food | 190 | 220 | 15.8 |
| BEL | 1235 | 1334 | 8 | Everest Kanto | 14.76 | 16 | 8.4 |
| Alkyl Amines | 376 | 394 | 4.8 | Philips Carbon | 123 | 127 | 3.3 |
| VRL Logistics | 410 | 420 | 2.4 | Ador Fontech | 111.05 | 120 | 8.1 |
| Can Fin Homes | 1034 | 1120 | 8.3 | Taxmaco Rail | 147 | 157 | 6.8 |

આજે જ લવાજમ ભરી જબરજસ્ત સ્ક્રીપોનો લાભ ઉઠાવો

Only Subscribers will get
SMART PLUS NEWS LETTER on their E-mail Address.
www.smartinvestment.in


### પ્રાયમરી માર્કેટ

(સેન્ટર પેજનું ચાલુ)

બીજા શબ્દોમાં એમ કહી શકાય કે, પ્રત્યેક ચારમાંથી લગભગ ત્રણ અરજદારોને ૬૦ શેર્સ એલોટ થશે.

● **લિસ્ટીંગ**:- આ IPOનું લિસ્ટીંગ ૪/૫ જાન્યુઆરીએ થવા વકી છે. હાલના તબક્કે એમ કહી શકાય કે, આ IPOનું શેરબજાર સારૂં રહેતા રૂ. ૨૭૦ થી ૨૭૫ ના ભાવે લિસ્ટીંગ થઈ લિસ્ટીંગ બાદ ગમે ત્યારે રૂ. ૩૦૦ ની સપાટીને પણ સ્પર્શી શકે છે.

★ **SME IPOs** :- આ સપ્તાહે બે SME IPOs માર્કેટમાં પ્રવેશી રહ્યા છે જેમાં BSE SME પ્લેટફોર્મમાં OFS Technologies અને NSE SME ઈમર્જમાં Fourth Dimensionનો સમાવેશ થાય છે. આ બન્ને IPO કેલેન્ડર વર્ષ ૨૦૧૫ ના BSE અને NSE સેગમેન્ટના અંતિમ એસએમઈ ઈસ્યુઓ બની રહેશે.

● **OFS Technologies** :- આ BSE - SME IPO ૨૮ ડીસેમ્બરના રોજ ખુલીને ૩૧ ડિસેમ્બરના રોજ બંધ થશે. રૂ. ૨૫ ની ઓફરભાવના આ આઈપીઓમાં કંપની રૂ. ૪.૨૫ કરોડનું ભંડોળ એકત્ર કરવાની યોજના ધરાવે છે. આ IPO અંગેની વિસ્તૃત એનાલિસીસ ગત સપ્તાહે આ કોલમમાં પ્રસિદ્ધ થઈચુકેલ છે. રીટેઈલ ઈન્વેસ્ટરો આ ઈસ્યુમાં લોંગ ટર્મ માટે રોકાણ કરી શકે છે.

● **Fourth Dimension** :- I.T. સેક્ટરની આ કંપનીઓ આઈપીઓ ૩૦ ડિસેમ્બરે ખુલીને ૭ જાન્યુઆરી ૨૦૧૬ ના રોજ બંધ થશે. રૂ. ૩૦ ના ફિક્સ્ડ ભાવના આ IPOમાં કંપની ૨૮.૯૨ લાખ ઈક્વિટી દ્વારા રૂ. ૮.૬૭ કરોડનું ફંડ એકત્ર કરવા સજ્જ બની છે. આ IPOનું લિસ્ટીંગ NSE - SME ઈમર્જ પ્લેટફોર્મ ખાતે થશે. આ ઈસ્યુની વિસ્તૃત માહિતી આ સાથે અલગ બોક્સમાં દર્શાવેલ છે.

★ **Tax Free Bonds ઈસ્યુ** :- ગત સપ્તાહે માર્કેટમાં અસ્તિત્વ ધરાવતા NHAI નો ટેક્સ ફ્રી બોન્ડ ઈસ્યુને ખુબજ સારો પ્રતિસાદ મળતાં ૨૧.૯૦ ગણો છલકાયો હતો.

● **NHAI બોન્ડ** :- તા. ૧૭ ડિસેમ્બરે ખુલી રૂ. ૧૦૦૦ કરોડના આ બોન્ડ ઈસ્યુમાં કંપનીમને રૂ. ૧૦,૦૦૦ કરોડ સુધીની રકમ રીટેઈન કરવાની મંજૂરી પ્રાપ્ત થઈ હતી. આ ઈસ્યુ તા. ૨૪ ડિસેમ્બર એટલે કે, ૩૧ ડિસેમ્બરના બંધ થવાના શિડ્યુલ કરતાં ખુબજ વહેલો બંધ જાહેર થયો હતો. આ ઈસ્યુ કેટેગરી I માં ૪૦.૮૦ ગણો, કેટેગરી II માં ૩૫.૨૮ ગણો, કેટેગરી III માં ૧૭.૪૫ ટાઈમ અને કેટેગરી IV માં ૮ ગણો છલકાયો છે.

● **IRFC** :- Indian Railway Finance Corp. ના ગત સપ્તાહોમાં માર્કેટમાં પ્રવેશેલ ટેક્સ બોન્ડઈસ્યુ લિસ્ટીંગ ૨૮ ડિસેમ્બરના રોજ સોમવારે થશે.

★ **NCDs ઈસ્યુઓ** :- હાલમાં માર્કેટમાં એકમાત્ર Muthoot Financeનો NCDs ઈસ્યુ ચાલી રહ્યો છે. ૧૧ ડિસેમ્બરે ખુલેલ ૨૫૦ કરોડના આ IPOsમાં રૂ. ૫૦૦ કરોડનું ભંડોળ રીટેઈન કરવાની મંજૂરી પ્રાપ્ત છે. તા. ૨૪ મી ડીસેમ્બર સુધીમાં કંપની આશરે રૂ. ૨૨૯ કરોડનું ફંડ મળતા ભરણું ૯૧.૫૩ ગણું ભરાયું છે. આ ઈસ્યુની બંધ તારીખ ૧૧ જાન્યુઆરી પરંતુ રૂ. ૧૦ કરોડનું ભંડોળ શિડ્યુલ કરતાં વહેલું મળવાની શક્યતા છે.

★ **નવા પબ્લિક ઈસ્યુઓની ભિતરમાં** :- તાજેતરમાં સેબીએ Matrimony.Com અને Quick Heal ના IPOને લીલીઝંડી આપતા આ બન્ને કંપનીઓ IPO મારફતે રૂ. ૧૦૦૦ કરોડ એકત્ર કરશે.

● **Matrimony.Com** :- Just Dial બાદ બીજી એક ઈન્ટરનેટ કંપની માર્કેટમાં પ્રવેશવા સજ્જ બની છે. Matrimony.Com તેના IPOમાં રૂ. ૩૫૦ કરોડ સુધીના નવા ઈક્વિટી શેર્સના વેચાણ તથા હાલના શેર હોલ્ડરો દ્વારા રૂ. ૧૬.૬૦ લાખ શેર્સ ઓફર ફોર સેલ દ્વારા વેચાણ કરશે. આ IPOનું કદ ૬૦૦ થી ૭૦૦ કરોડનું રહેશે.

● **Quick Heal Techno** :- આ કંપની રૂ. ૨૫૦ કરોડના નવા શેર ઈસ્યુ કરશે અને ઉપરાંત ૬૮.૧૪ લાખ શેર્સની ઓફર ફોર સેલ કરશે.

● **Nihilent Technologies** :- પુને બેઝ્ડ I.T. સેક્ટરની આ કંપની રૂ. ૩૫૦ કરોડના IPO માટે ટુંક સમયમાં સેબીમાં દસ્તાવેજ ફાઈલ કરશે.

● **Ujjivan Fin. Techno** :- RBI તરફથી સ્મોલ ફાયનાન્સ બેન્ક સ્થાપવાની મંજૂરી મેળવી ચુકેલ Micro Finance આ કંપની રૂ. ૨૦૦૦ કરોડનો IPO લાવવા ચાલુ વર્ષના અંત સુધીમાં સેબીમાં DRHP ફાઈલ કરાવશે.

● **Rashtriya Ispat Nigam** :- RINLના નામથી ઓળખાતી જાહેર ક્ષેત્રની આ કંપનીને સેબીએ રૂ. ૧૫૦૦ કરોડના આઈપીઓ માટે મંજૂરી આપી હતી જે ૨૨ ડિસેમ્બર પુરી થઈ રહી છે. કંપની આ સમયગાળામાં IPO લાવવામાં નિષ્ફળ રહેતાં તે લેપ્સ થઈ જવા પામી છે. આમ છેલ્લા ચાર વર્ષમાં બીજી વખત સેબીની મંજૂરી લેપ્સ થવા પામી છે. કોમોડિટીઝના ભાવોમાં જોરદાર ગાબડા પડતાં સરકારે આ આઈપીઓ મુલત્વી રાખ્યો હતો.

### દિવાને ખાસ

(પાના નં ૧ નું ચાલુ)

**Tata Motors તથા Tata Steel** :- છેલ્લાં બે મહિનામાં વધેલા આ બન્ને શેરો ઉપરના ભાવે થાક ખાય છે. ટાટા મોટર્સ રૂ. ૩૮૫ તથા ટાટા સ્ટીલ રૂ. ૨૬૬ ની આસપાસથી વેચાતા હોય એવું લાગે છે.

**RBI** ની ડીવીડંડ પોલીસીની જાહેરાત પછી પીએસયુ બેન્કો આઈડીબીઆઈ, કેનેરા બેન્ક, બેન્ક ઓફ બરોડા વગેરે ઉપરના ભાવમાં ટકતા નથી. સ્ટેટ બેન્કને ૨૨૫ નો સપોર્ટ છે. પ્રાઈવેટ સેક્ટર બેન્કમાં એક્સીસ બેન્કમાં ભારે વેચાણ હતું તે કપાતું હોય તેમ લાગે છે. એફ એન્ડ ઓ ના છેલ્લાં દિવસ સુધી વેચાણ કપાશે ૪૪૬ નો સપોર્ટ સમજી વેપાર ગોઠવવો.

**Sun Pharma** એ યુએસમાંથી આવેલ વોર્નીંગ લેટરનો જવાબ આપતા શેરમાં ૭૫૦ ના ભાવથી લેવાલી - વેચાણ કપાયા હતા. લાંબાગાળા માટેના રોકાણ માટે એક સારો શેર ગણી શકાય.

**LUPIN** માં હજી ઉપરના ભાવે વેચવાની સલાહ અપાય છે.

**ADAG** ગ્રુપના રિલાયન્સ ઈન્ફ્રા.માં હજી થોડી તેજી બાકી છે.

**MCX**માં જાન્યુઆરીનું કોપર લેનાર ફાયદો કરશે.

### Derivative Strategies

(પાના નં ૧ નું ચાલુ)

નિફ્ટી ખરીદીના દબાણનો સામનો કરે છે. ૫૦ ઉપરના લેવલે મની ફ્લો ઈન્ડેક્સ ૫૩.૯૬ ટકાએ તેજીના સંકેત આપે છે.

ઓપન ઈન્ટરેસ્ટ પુટ કોલ રેશિયો ૦.૮૮૨ એવું સૂચવે છે કે, કોલ ઓપ્શન પુટ કરતાં ઊંચો છે. જે તેજીના સેન્ટિમેન્ટના સંકેત આપે છે અને નિફ્ટીમાં અપવર્ડ મુવમેન્ટ જોવાય. નિફ્ટી ૨૦, ૫૦, ૨૦૦ SMAથી નીચે ટ્રેડ થાય છે. તે ૭૭૯૧ ના સપોર્ટ સાથે ડાઉન ટ્રેન્ડના સંકેત આપે છે. નિફ્ટીનો P/E ૨૧.૨૬ છે જે સૂચવે છે કે, નિફ્ટીનું નીચું લેવલ ૨૨ ઓવરઓલ ઝોન રેન્જના સંકેત આપે છે અને આ રેન્જમાં તેનો નફો બુક કરી શકો, પરંતુ ROC ના ઈન્ડિકેટર ૨.૩૧ આસપાસ છે અને William% R (-8.203) એવું દર્શાવે છે કે, નિફ્ટી સાઈડવે મુવમેન્ટમાં છે. આ અઠવાડિયે નિફ્ટી નીચામાં ૭૫૫૮ અને ઉપરમાં ૮૨૯૫ ના ટાર્ગેટ રેન્જ જાળવે.

www. smartchat.com

## F&Oની એક્સપાયરીને પગલે વોલેટિલિટી વચ્ચે કોન્સોલિડેશન જોવાશે
## ડોલર સામે રૂપિયાની અને ક્રૂડ ઓઈલની ચાલ પર નજર રાખો
## રાજને PSU બેન્કોની NPAની ગંભીર ચિંતા દર્શાવી
## ફેડ રિઝર્વના વ્યાજદર વધારા પછી FIIની નેટ ખરીદી
## GST બિલ લટકી ગયું, એપ્રિલથી અમલની સંભાવના ઓછી

**કે.પી :** બજારમાં બીજા સપ્તાહે પણ આગેકૂચ જોવા મળી છે. સેન્સેક્સ ૩૧૯ પોઈન્ટ વધ્યો અને નિફ્ટી ૯૯ પોઈન્ટ વધ્યો.

**નેમચંદ :** હા. બજારમાં સાંકડી વધ-ઘટ જોવા મળી રહી છે. બજાર એક પ્રકારે કોન્સોલિડેશન મોડમાં હોય તેવું લાગે છે.

**માલપાની :** સંસદનું શિયાળું સત્ર જીએસટી બિલ પસાર કર્યા વગર પૂરું થઈ ગયું. એટલું જ નહીં, વિપક્ષ અને સરકાર વચ્ચે વૈમનસ્ય જે પ્રકારે વધી ગયું છે તે જોતા જીએસટીનું ભાવિ અદ્ધરતાલ થઈ ગયું છે.

**કે.પી :** હા. કોંગ્રેસના ગુલામનબી આઝાદ તો ત્યાં સુધી બોલી ગયા કે બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ ત્રણેય આવે તો પણ એપ્રિલ-૨૦૧૬થી જીએસટી બિલનો અમલ નહીં થાય.

**નેમચંદ :** ટૂંકમાં કોંગ્રેસ છેલ્લી પાટલીએ બેસી ગઈ છે.

**માલપાની :** જે કહો તો, પણ આ હકીકત છે. કોંગ્રેસના કેટલાક નેતાઓ ખાનગીમાં કહી રહ્યા છે કે સોનિયા અને રાહુલના કહેવાથી જ સંસદમાં હોબાળો ચાલી રહ્યો છે અને તેમનો વિરોધ કોઈનાથી થઈ શકે તેમ નથી.

**કે.પી :** જીએસટી બિલ અંગે જોકે, કેટલીક આશંકા પણ વ્યક્ત થઈ રહી છે અને આ બિલ ખરેખર કેટલા અંશે ફાયદાકારક રહેશે તે કહી શકાય તેમ નથી. એવું લાગે છે કે બિઝનેસ જગત માટે આ બિલ વધારે સારું છે, પણ ગ્રાહકોને એટલો લાભ નહીં થાય.

**નેમચંદ :** આ રઘુરામ રાજને પીએસયુ બેન્કોની એનપીએ અંગે ગંભીર ચિંતા દર્શાવી છે અને તાત્કાલિક તેનો નિવેડો લાવવા કહ્યું છે.

**માલપાની :** વાત સાચી. તેમના મતેકેટલીક બેન્કોની ગ્રોસ એનપીએ ૬ આસપાસથી વધીને ૮ને પાર કરી ગઈ છે, જે ખરેખર ચિંતાજનક છે.

**કે.પી :** તેમણે સપ્ટેમ્બરના ક્વાર્ટરના આંકડા કહ્યા છે, નક્કર તથ્ય છે. આથી સંકેત મળે છે કે આગામી સપ્તાહોમાં બેન્કિંગ ક્ષેત્રના ત્રિમાસિક પરિણામ સારા નહીં રહે. અર્થાત માત્ર નફાના આંકડા જ જોવાથી નહીં ચાલે, બેન્કની એનપીએ કેટલી વધી છે તે જોવું પડશે.

**નેમચંદ :** બેનકિંગ શેરો નરમ રહેશે તો ઈન્ડેક્સમાં મોટા ઉછાળાની બહુ આશા ન રાખી શકાય.

**માલપાની :** હા.મહત્ત્વનું કોઈ ટ્રિગર હાલ તો દેખાતું નથી. એફઆઈઆઈ નફો બુક કરીને ક્રિસમસની રજા માણવા જતા રહ્યા છે.

**કે.પી :** ડીઆઈઆઈ પણ થર્ટીફર્સ્ટની તૈયારીમાં પડી ગયા છે.

**નેમચંદ :** જાન્યુઆરીથી સાતમા પગાર પંચની ભલામણોનો અમલ થવાની સંભાવના છે તે જોતા કન્ઝ્યુમર ડ્યૂરેબલ્સ અને કેટલાક એફએમસીજી શેરોમાં ચમકારો જોવા મળ્યો છે.

**માલપાની :** વાત સાચી. લોકોની ખરીદશક્તિ વધશે તે આશાએ આ શેરોમાં લેવાલી શરૂ થઈ છે.

**કે.પી :** પણ આવી સંભાવનાઓવાળા સેક્ટર કે સેગમેન્ટમાં તેજી ટૂંકા ગાળાની જ હોય છે. આ જુઓને, સ્માર્ટ સિટીના નામે કેવા-કેવા શેર ચાલી ગયા. તે પૈકી ઘણા શેરમાં પીછેહઠ સારી એવી જોવામળી છે.

**નેમચંદ :** ક્રૂડ ઓઈલના ભાવમાં સતત થઈ રહેલો ઘટાડો અને કોમોડિટીના ભાવમાં કડાકા જેવા પરિબળો ભારતની તરફેણમાં છે જેને કારણે અચ્છે દિનનો આશાવાદ હજી પણ જીવંત રહ્યો છે.

**માલપાની :** ભઈ, અચ્છે દિનની વાત જ ન કરો. કોંગ્રેસ સહિતના વિપક્ષો હવે મોદી પરથી લોકોનો વિશ્વાસ ઓછો થઈ રહ્યો છે.

**કે.પી :** મોદીના મામલે પણ બજારના સેન્ટિમેન્ટ જેવું થઈ ગયું છે. ફન્ડામેન્ટલ ગમે તેવું હોય, પણ બજાર સેન્ટિમેન્ટ પર વધુ આધાર રાખતું હોય છે. મોદી સરકારે કામ ભલેગમે તેવા કર્યા હોય કે કરી રહી હોય, પણ સેન્ટિમેન્ટ ખરાબ થઈ ગયું છે. તે સુધારવું પડશે.

**નેમચંદ :** મોદી સરકાર આટલી જંગી બહુમતી હોવા છતાં બચાવની ભૂમિકામાં શા માટે છે તે સમજાતું નથી.

**માલપાની :** હવે તો કોર્પોરેટ જગતે જ જીએસટી મામલે હસ્તાક્ષર ઝુંબેશ શરૂ કરી છે.

**કે.પી :** આવતા સપ્તાહે એફ એન્ડ ઓની એક્સપાયરીને ધ્યાનમાં લેતા વોલેટિલિટી જોવા મળશે.

**નેમચંદ :** એફ એન્ડ ઓની પોઝિશન-કોલ અને પુટ-જોઈને ધ્યાન રાખવું.

**માલપાની :** ડોલર સામે રૂપિયાની ચાલ અને એ જ રીતે ક્રૂડ ઓઈલની ચાલ ધ્યાનમાં રાખવી પડશે.

**કે.પી :** એફઆઈઆઈ ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજના દરમાં વધારો કરાયા પછીથી રૂ.૧૨૦૦ કરોડ જેવી નેટ ખરીદી કરીને આશ્ચર્ય સર્જ્યું છે.

**નેમચંદ :** વાત સાચી. ૧૬મીએ રૂ.૬૦૦ કરોડથી વધુની નેટ વેચવાલી પછીથી તેઓ ખાસ્સા લેવાલ રહ્યા છે.

**માલપાની :** ડીઆઈઆઈએ ૧૬-૧૭ ડિસેમ્બરે રૂ.૭૫૦ કરોડથી વધુની નેટ વેચવાલી કર્યા બાદથી રૂ.૯૦૦ કરોડથી વધુની નેટ ખરીદી કરી નાખી છે અને બજારમાં મોટું કરેક્શન આવવા નથી દીધું.

**કે.પી :** આગામી સપ્તાહ કદાચ ઊતાર-ચઢાવ વચ્ચે કોન્સોલિડેશનનું જ રહેશે.

**નેમચંદ :** જાન્યુઆરીના પ્રથમ સપ્તાહ સુધી આવી જ ડામાડોળ સ્થિતિ રહેશે તેમ લાગે છે.

**માલપાની :** ઘણાં એનલિસ્ટ્સ તો નવું આખું વર્ષ (૨૦૧૬) પણ આ જ રીતે ડામાડોળ રહેશે તેમ કહીરહ્યા છે. હવે જે થાય તે ખરું.

## Book Closure & Recored Date

| BSE Code | Company | Purpose | From | To |
|---|---|---|---|---|
| 507717 | DHANUKA | Dividend - Rs. - 4.50 | 28-Dec-15 | 29-Dec-15 |

## Ex-date Details

| BSE Code | Company | Ex Date | Purpose | Record Date |
|---|---|---|---|---|
| 530307 | CHAMANSE | 28-Dec-15 | Split From Rs.10/- to Rs.2/- | 29-Dec-15 |

## દિલ્હી અને મુંબઈના બુકીઓ માટે સસ્તુ હોવાથી ફેવરિટ હતુ
## રાજકોટનું દૈનિક ૨૫૦૦ કરોડનું ડબ્બા ટ્રેડિંગ માર્કેટ પતનના માર્ગે
## રિયલ એસ્ટેટના મોટા માથાઓ ડિફોલ્ટર્સ બનતા તેમજ પોલિસની તવાઈ વધી

જૂના રાજકોટના છેવાડાના વિસ્તારમાં ૩૧૪ ગાળા નંબરની જગ્યા અત્યારે ભેંકાર છે, જ્યાં એક સમયે દૈનિક ૨,૫૦૦ કરોડનું ડબ્બા માર્કેટ ધમધમતું હતું. એ વખતે રાજકોટમાં ડબ્બા ટ્રેડિંગ કરાવતા બુકીઓની બોલબાલા હતી પરંતુ આજે તેમનો ભાવ પૂછનારા બહુ ઓછા લોકો છે. રિયલ એસ્ટેટ માર્કેટમાં મંદી, અનેક મોટા માથાના ઉઠમણા અને પોલીસની ધોંસ વધવાથી ડબ્બા માર્કેટનું કદ ઘટી રહ્યું છે. દૈનિક ટ્રેડ વોલ્યુમ ૪૫૦ કરોડ થઈ ગયું છે અને માત્ર વાયદા બજારમાં જ ટ્રેડિંગ થાય છે. રાજકોટમાં એક સમયે આવા ૨૦૦ બુકીઓનો ધીકતો ધંધો હતો પરંતુ આજે માંડ ૨૦-૨૫ સુધીમાં રોકાણકારો રિયલ એસ્ટેટ માર્કેટ તરફ વળ્યા હતા. શેર અને કોમોડિટીનું રોકાણ રિયલ એસ્ટેટમાં જતું રહ્યું હતું.

૨૦૧૨ સુધીમાં રિયલ એસ્ટેટના ભાવ ઘટવા લાગતા તેમાં રોકાણ કરનારા ફસાઈ ગયા આથી ડબ્બા ટ્રેડિંગમાં ડિફોલ્ટરની સંખ્યા વધી ગઈ. ડબ્બા ટ્રેડિંગમાં બૂકી મુખ્ય ભૂમિકા ભજવે છે. ઘણીવાર, બુકીઓને અન્ય રોકાણકારો તરફથી કાઉન્ટર-ટ્રેડિંગ મળે છે. પોઝિશન ગુમાવનારા ઘણા લોકોએ ગેપ ડાઉન માટે પૈસા ચૂકવ્યા નહોતા. અધુરામાં પુરું, પૂરું નાણાં ગુમાવનારા કેટલાક રોકાણકારોએ બુકીઓ સામે પોલીસ ફરિયાદો કરી હતી. રાજકોટના પોલીસ કમિશનર મોહન જહા કહે છે કે, લગભગ બે વર્ષ પહેલાં અમે બુકીઓને પકડ્યા હતા. રોકાણકારોમાં જાગૃતિ વધતાં અને પોલીસની ઘોંસ વધતાં ડબ્બા ટ્રેડિંગનં માર્કેટ નબળું પડ્યું છે. જ્યારે ડિફોલ્ટ થવાનું પ્રમાણ વધ્યું છે ત્યારે બુકીઓએ ગ્રાહકો પાસેથી ઊંચું માર્જિન અને પર્સનલ ગેરન્ટી માંગવાનું શરૂ કર્યું હતું. બુકીઓ કહે છે કે, કેટલાક ઝવેરીઓ, કમોડિટીના હાજર બજારના વેપારીઓને બાદ કરતા સ્થાનિક રોકાણકારોએ સર્વિસ લેવાનું બંધ કરી દીધું છે. આજકાલ મોટાભાગનો ધંધો મુંબઈ અને દિલ્હીથી મળે છે. તેમના શહેરોમાં ૧ કરોડના ટ્રેડિંગ માટે ૯૦૦ ચાર્જ ચાલે છે જ્યારે અમે માત્ર ૩૦૦ લેતાં હોવાથી તેઓ અમારી પાસે આવે છે. મોટાભાગના બુકીઓએ હવે ડબ્બા ટ્રેડિંગની સાથે સાથે અન્ય બિઝનેસમાં પણ વિસ્તરણ કર્યું છે. શેરમાર્કેટ ઉપરાંત, ઘણા બુકીઓ ક્રિકેટ, સોનું અને ચાંદીમાં પણ દાવ ખેલતા થયા છે. જો તમારી પાસે અન્ય સ્ત્રોત મારફતે પૈસા આવતા હોય તો જ તમે ડબ્બા ટ્રેડિંગમાં બૂક કરવા રાજકોટમાં ડબ્બા ટ્રેડિંગમાં મંદી આવવાથી ભૂજને ડબ્બા ટ્રેડિંગની દુકાનો ધમધમતી કરાનો મોકો મળ્યો છે. રાત્રે ૧૨ થી ૧ વાગ્યા સુધી સોદો કરતો ત્યાંનો ભૂજ નિફ્ટી પંટરોમાં એટલો પ્રખ્યાત બન્યો છે કે હવે દરરોજ ૭૦૦ કરોડના કામકાજ થવા લાગ્યા હોવાનું માનવામાં આવે છે

### ડબ્બા માર્કેટના 'ડબ્બા ડૂલ' થતાં ટ્રેડિંગ વોલ્યુમ તુટીને રૂ. ૪૫૦ કરોડ થયું !

---

## બજારના અગ્રણી નિષ્ણાતોના મતે.....
## આગામી ૫ થી ૨૧ સેશન માટે ટોચના ૮ સ્ટોક્સની ઈન્વેસ્ટીગેશન સ્ટ્રેટેજી
## બજાર નકારાત્મક પરિબળોને પચાવીને ધીમે-ધીમે પ્રગતિ કરતું જોવાશે

ભારતીય ઈક્વિટી માર્કેટ યુએસ ફેડ રેટના વધારાની અસરમાંથી બહાર આવી ગયેલું દેખાય છે ત્યારે ઓઈલનો ઘટતો જતો ભાવ તથા ગુડઝ એન્ડ સર્વિસ ટેક્સ ખરડા સામેની અડચણ જેવા પરિબળો બજાર પર તેની અસર દર્શાવી રહ્યા છે.

એક્લા ડિસેમ્બરમાં જ એફપીઆઈએ રૂ. ૫૫૦૦ કરોડની ઈક્વિટીનું વેચાણ કર્યું હતું તથા હવે એ જોવું રસપ્રદ રહેશે કે, રેટના મુદ્દે લાંબાગાળાનાં પગલાં વૈશ્વિક બજાર પર કેવી અસર કરે છે. આગામી ૧૦-૧૫ દિવસમાં બજાર ૭૯૫૦-૮૦૦૦ તરફ ધીમે ધીમે પ્રગતિ કરી શકે. બજારમાં પ્રવેશ માટે નીચા સ્તરનો ઉપયોગ લાંબાગાળા માટે કરી શકાય.

બજારના કેટલાક નિષ્ણાતો તરફથી આગામી ૫-૨૧ ટ્રેડિંગ સેશન માટેની ટ્રેડિંગ વ્યુહરચના ઉપલબ્ધ છે. આગામી ૫-૨૧ ટ્રેડિંગ સેશન માટે ટોચની આઠ ટ્રેડિંગ વ્યુહરચના

**વિશ્લેષક :** વિવેક ગુપ્તા : સીએમટી - ડિરેક્ટર રિસર્ચ, કેપિટલવાયા ગ્લોબલ રિસર્ચ

**સિમેન્સ :-** રૂ. ૧૧૯૪ પર ખરીદી કરો, સ્ટોપલોસ રૂ. ૧૧૨૫, ટાર્ગેટ ભાવ રૂ. ૧૨૫૯. :- થોડા સમય માટે શેર્સમાં કરેક્શન આવ્યું પણ હવે તે સુધરવા લાગ્યા છે તથા રૂ. ૧૧૨૫ પર ટેકો મળ્યો છે. સ્ટોક્સમાં મહત્વપુર્ણ પ્રતિકારક રૂ. ૧૧૯૪ ના સ્તરે છે. ઉપરોક્ત પ્રતિકારક લેવલને પાર કરીને હવે વિપરીત ટ્રેન્ડ દેખાઈ રહ્યો છે. નજીકના ભવિષ્યમાં તેમાં તેજીની રેલી જોવા મળી શકે જેમાં રૂ. ૧૨૫૯ ના ટાર્ગેટ માટે લોંગ પોઝિશન લઈ શકાય તથા સ્ટોપલોસ રૂ. ૧૧૨૫ રાખી શકાય.

**ઝી એન્ટરટેઈનમેન્ટ :-** રૂ. ૪૨૦ ઉપર ખરીદી કરો, સ્ટોપલોસ રૂ. ૪૦૪, ટાર્ગેટ રૂ. ૪૪૦ :- આ કાઉન્ટરનો પ્રાયમરી ટ્રેન્ડ હજુ પણ બુલિશ છે. આ શેર હકારાત્મક સેન્ટિમેન્ટ સાથે તેના પ્રતિકારકના લેવલ રૂ. ૪૨૦ ની નીચે મજબુત થઈ રહ્યો છે. ટુંકા ગાળાના કરેક્શનના તબક્કા દરમ્યાન શેર ઉપર દર્શાવેલા પ્રતિકારક સ્તરને પાર કરી જાય તો રોકાણકાર રૂ. ૪૪૦ ના ટર્ગેટ માટે લોંગ પોઝિશન લઈ શકે. શેર તેની ૫૦ દિવસની તથા ૧૦૦ દિવસની મુવિંગ એવરેજની ઉપર ટ્રેડ થઈ રહ્યો છે તેથી રૂ. ૪૦૪ નો સ્ટોપલોસ મુકી શકાય.

**એશિયન પેઈન્ટસ :-** રૂ. ૮૯૨.૫૦ ઉપર ખરીદી કરો, સ્ટોપલોસ રૂ. ૮૫૯, ટાર્ગેટ રૂ. ૯૨૬ :- આ શેરનો સમગ્રતયા ટ્રેન્ડ બુલિશ છે તથા તે લાંબાગાળાના ચાર્ટમાં કન્ટિન્યુએશન ચાર્ટ પેટર્ન બનાવી રહ્યો છે. આ શેરમાં રૂ. ૮૯૨.૫૦ ના સ્તરની આસપાસ થોડો પ્રતિકારક (રેઝિસ્ટન્સ) આવી શકે. વધુમાં તે ૬૦ ના આરએસઆઈ સાથે ૫૦ તથા ૨૦૦ દિવસની મુવિંગ એવરેજની ઉપર જળવાઈ રહ્યો છે.

**શ્રીરામ ટ્રાન્સપોર્ટ ફાયનાન્સ :-** રૂ. ૮૩૦ ની આસપાસ ખરીદો, સ્ટોપલોસ રૂ. ૭૮૯, ટાર્ગેટ રૂ. ૮૬૯ :- ઘણા સમયથી આ શેર મંદીના ટ્રેન્ડમાં હતો, પરંતુ હવે તેણે રિકવરીની શરૂઆત કરી દીધી છે. રૂ. ૭૮૦ ની આસપાસ ટેકો લીધો છે. નજીકના ભવિષ્યમાં તે સુધારાની રેલી જોવાય.

**વિશ્લેષક :** સમીત ચવાણ, એન્જલ બ્રોકિંગના ટેકનિકલ વિશ્લેષક :-

**યુનિયન બેન્ક :-** બુલિશ, સ્ટોપલોસ રૂ. ૧૪૫, ટાર્ગેટ રૂ. ૧૫૯ :- છેલ્લાં કેટલાક સમયથી સમગ્ર પીએસયુ બેન્કિંગ સેકટરમાં ભારે કરેક્શન હતું. તેના હરિફોની માફક આ શેર પણ તિવ્ર કરેક્ટીવ તબક્કામાંથી પસાર થયો છે.

**ટાટા ગ્લોબલ બેવરેજિસ :-** બુલિશ, સ્ટોપલોસ : ૧૩૨, ટાર્ગેટ રૂ. ૧૫૫ :- પાછલા કેટલાક મહિનાથી આ શેર બ્રોડ રેન્જમાં કોન્સોલિડેટ થઈ રહ્યો છે તથા વિકલી ચાર્ટમાં હેડ એન્ડ શોલ્ડર પેટર્ન બનાવી છે.

---

## જે. કે. પેપર, બાલાજી ટેલિ., ઓમકાર સ્પે. અને લાયકા લેબ્સના....
## પ્રમોટર્સ હિસ્સો વધારી રહ્યા છે જે કંપનીમાં વિશ્વાસનો અહેસાસ કરાવે છે
## તેઓને શેરોના ભાવ સસ્તા લાગતા હશે પરંતુ રોકાણકારો માટે હકારાત્મક સંકેત

પ્રમોટર્સ કંપનીમાં તેમનો હિસ્સો વધારી રહ્યા હોય તો તેને હકારાત્મક સંકેતો માનવામાં આવે છે અને તેથી હાલમાં સસ્તા ભાવે ઉપલબ્ધ શેર લાંબા ગાળે વૃદ્ધિ કરશે તેમ મનાય છે પણ પ્રમોટરો દ્વારા શેર હોલ્ડિંગમાં કરવામાં આવેલો વધારો શેર ખરીદવા માટે એકમાત્ર માપદંડ ન હોઈ શકે.

વિતેલા સમયગાળા દરમ્યાન કંપનીની નાણાંકીય કામગીરી અને મજબુત મેનેજમેન્ટ પણ મહત્વના પરિબળો છે. આવા ચાર સ્મોલ અને મિડકેપ શેરો પસંદ કર્યા છે જેમાં પ્રમોટરોએ તાજેતરના ક્વાર્ટરમાં હોલ્ડિંગમાં વધારો કર્યો છે.

### પ્રમોટરનો હિસ્સો વધ્યો હોય તેવી કંપનીઓ

| Co. Name | Dec. 2014 | Sep. 2015 | Return (%) |
|---|---|---|---|
| Balaji Tele | 42.93 | 47.29 | 51.76 |
| J. K Paper | 54.05 | 57.74 | 16.93 |
| Omkar Sp. | 63.04 | 66.34 | 28.84 |
| Lyka Labs. | 23.3 | 24.9 | 58.637 |

**જે. કે. પેપર :-** કંપની મુખ્યત્વે પેપરના ઉત્પાદન, પ્રિન્ટીંગ અને પેકેજિંગના ક્ષેત્રમાં કામ કરે છે. મેનેજમેન્ટને તેની આવકમાં છ થી સાત ટકાના દરે વૃધ્ધિ થાય તેમ લાગે છે.

કંપનીમાં નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬ ની આવકે ૭ ગણા ભાવે ટ્રેડિંગ થાય છે. કંપની પર રૂ. ૧૭૦૦ કરોડના ઊંચા ઋણબોજ અને ૯૫ ટકા ક્ષમતા ઉપયોગિતાને ધ્યાનમાં રાખતા જે કે ને ભાવિ વૃધ્ધિ માટે ભંડોળની જરૂર પડશે, પરિણામે તેની ઈક્વિટીમાં ઘટાડો થઈ શકે અને શેરમાં આગળ વધવાની સંભાવના મર્યાદિત છે. જો કે, કંપનીમાં રોકાણ કરતાં પૂર્વે તેના ઋણબોજ પર ચાંપતી નજર રાખવી જરૂરી છે.

**લાયકા લેબ્સ :-** ફાર્મા કંપની ઈન્જેક્ટેબલ્સ અને ડર્મેટોલોજીમાં હાજરી ધરાવે છે. કંપનીનો નફો અસ્થિર રહ્યો હોવાથી તેનો અંદાજ લગાવવો મુશ્કેલ છે કંપનીએ સપ્ટેમ્બર ક્વાર્ટરમાં તેના નફામાં ગયા વર્ષના સમાન સમયગાળાના રૂ. ૬.૫ કરોડની તુલનાએ રૂ. ૧૮ કરોડનો નફો નોંધાવ્યો હતો.

**ઓમકાર સ્પેશ્યાલીટી :-** કંપની ફાર્મા ઈન્ગ્રેડિયન્ટસ અને સ્પેશ્યાલીટી કેમિકલ્સમાં ઉપયોગમાં લેવાતા કેટેલિસ્ટનું ઉત્પાદન કરે છે. છેલ્લાં કેટલાંક ક્વાર્ટરોમાં તેણે ૪૦ ટકાથી વધારે દરે વિકાસ સાધ્યો છે.

**બાલાજી ટેલિફિલ્મ્સ :-** પ્રમોટરોએ સ્ટાર પાસેથી શેરો ખરીદી તેનો હિસ્સો વધાર્યો છે. બાલાજી વિવિધ ભાષાઓમાં તેનાં ઉત્પાદનો માટે કન્ટેન્ટ ડેટાબેઝમાં ઉત્તરોત્તર વધારો કરી રહી છે અને તેનું પ્રસારણ તે ડીટીએચ અને ઈન્ટરનેટ દ્વારા કરી રહ્યું છે તેના લીધે ટુંક સમયમાં કંપની માટે આવકનો નવો પ્રવાહ ખુલે તેમ મનાય છે.

Financial Weekly
SMART INVESTMENT

## Last Week Sensex & Nifty Moves

| Sensex | Open | High | Low | Close | Diff |
|---|---|---|---|---|---|
| 21/12/2015 | 25,425.32 | 25,757.84 | 25,413.54 | 25,735.90 | 216.68 |
| 22/12/2015 | 25,731.07 | 25,787.21 | 25,485.17 | 25,590.65 | -145.25 |
| 23/12/2015 | 25,697.66 | 25,875.27 | 25,689.70 | 25,850.30 | 259.65 |
| 24/12/2015 | 25,893.84 | 25,922.47 | 25,763.40 | 25,838.71 | -11.59 |
| 25/12/2015 | X-Mass | Holiday | | | NA |
| | | Net | Weekly | Gains | 319.49 |

| NSE - Nifty | Open | High | Low | Close | Diff |
|---|---|---|---|---|---|
| 21-Dec-15 | 7745.65 | 7840.75 | 7733.45 | 7834.45 | 72.5 |
| 22-Dec-15 | 7829.4 | 7846.3 | 7776.85 | 7786.1 | -48.35 |
| 23-Dec-15 | 7830.45 | 7871.45 | 7826.1 | 7865.95 | 79.85 |
| 24-Dec-15 | 7888.75 | 7888.75 | 7835.5 | 7861.05 | -4.9 |
| 25-Dec-15 | X-Mass | Holiday | | | NA |
| | | Net | Weekly | Gains | 99.1 |

## Expert's Eye

(પાના નં ૧૬ નું ચાલુ)

ની સપાટીએ બંધ રહ્યા. જીએસટી બિલ છેલ્લીં મિનિટે પાસ થશે તેવા આશાવાદે માર્કેટ ઉછળવાની અપેક્ષા હતી. એફઆઈઆઈ ટોકન એમાઉન્ટ સાથે નેટ બાયર હતા જ્યારે ક્રુડ છેલ્લાં ૧૧ વર્ષની નીચી સપાટીને સ્પર્શ્યું હતું.

મંગળવારે બજાર સૂચકાંકોના નબળા ઓપનિંગ બાદ ઈન્ટ્રાડેનો સુધારા બાદ ઘટતુ રહ્યું. સેન્સેક્સ ૧૪૫.૨૫ પોઈન્ટ ગગડીને ૨૫૫૯૦.૬૫ અને નિફ્ટી પણ તેજ માર્ગે ૪૮.૩૫ પોઈન્ટ ઘટીને ૭૭૮૬.૧૦ના લેવલે બંધ રહ્યા. ચીનના સ્ટિમ્યુલસ વધારાએ, ક્રુડના ભાવોમાં ઉછાળા અને સર્વિસ ટેક્સ ૧૬ ટકા થશે તેવી અફવાને પગલે બળતામાં ઘી હોમ્યુ હતું. એફઆઈઆઈ રોકડમાં નેટ બાયર હતા.

બુધવારે બજાર ઊંચા લેવલે ગેપથી ખુલ્યું હતું અને સુધારો જાળવી અંતે ગ્રીનમાં બંધ રહ્યું હતું. સેન્સેક્સ ૨૫૯.૬૫ પોઈન્ટ વધીને ૨૫૮૫૦.૩૦ અને નિફ્ટી ૭૯.૮૫ પોઈન્ટ વધીને ૭૮૬૫.૯૫ ના લેવલે બંધ રહ્યા હતા. મેટલ, પાવર, ઓઈલ - ગેસ, બેન્કિંગ, ફાર્મા કાઉન્ટરોમાં યુએસ ઈકોનોમિક ડેટામાં સુધારાને પગલે નવી ખરીદી નિકળી. રૂપિયો સુધરતા આઈ.ટી. કાઉન્ટરોમાં નફારૂપી વેચવાલી જોવા મળી હતી.

ગુરૂવારે :- સૂચકાંકો ઊંચા લેવલે ગેપથી ખુલ્યાં પરતુ વીક એન્ડ એડજસ્ટમેન્ટ અને આગામી લાંબો વીક એન્ડ વિગેરે પરિબળો વેચવાલીના દબાણે બજાર ફ્લેટમાં બંધ રહ્યું. સેન્સેક્સ ૧૧.૫૯ ઘટીને ૨૫૮૩૮.૭૧ અને નિફ્ટી ૪.૯૦ પોઈન્ટ ઘટીને ૭૮૬૧.૦૫ના લેવલે બંધ રહ્યા.

પોઝિટિવ કોર્પોરેટ રિઝલ્ટને પગલે એચસીસી, બીએફ યુટીલીટી, સ્ટીલ સ્ટ્રીપ્સ વ્હીલ્સ, રિલાયન્સ ઈન્ફ્રા. વિગેરે ઉછળ્યા હતા જ્યારે એફઆઈઆઈ કેશમાં નેટ સેલર રહ્યા હતા.

શુક્રવારે ક્રિસમસની રજાને કારણે બજારો બંધ રહ્યા હતા.

ચાર સેશનવાળા ટુંકા અઠવાડિયામાં સેન્સેક્સમાં ૩૧૯.૪૯ પોઈન્ટ અને નિફ્ટીમાં ૯૯.૧૦ પોઈન્ટના સુધારા જોવા મળ્યા હતા.

અઠવાડિયા દરમ્યાન ડોલર સામે રૂપિયો ૬૬.૨૫ ના લેવલે અને ક્રુડ છેલ્લાં ૧૧ મહિનાના તળિયે સ્પર્શ્યું હતું. કેલેન્ડર વર્ષ પુરૂં થવા સાથે ડેરિવેટીઝ એક્સપાયરી ૩૧-૧૨-૨૦૧૫ ને ગુરૂવાર છે આમ, આ અઠવાડિયે માર્કેટમાં એફઆઈઆઈની રજાને કારણે હાઈવોલ્ટ ડ્રામા જોવા મળશે.

ઉપરોક્ત સિનેરિયો જોતાં આ અઠવાડિયે સેન્સેક્સ ૨૬૮૦૦ થી ૨૪૮૦૦ અને નિફ્ટી ૮૦૫૦-૭૫૫૦ ની રેન્જમાં ટ્રેડ થઈ શકે છે.

ટાઈડ વોટર ઓઈલ તેની મીટીંગમાં બોનસ ઈસ્યુ ઉપરાંત ત્રીજા ક્વાર્ટરના પરિણામો સાથે સ્ટોક સ્પ્લીટ જાહેરાત કરે તેવી શકયતા છે.

***AVT Natural* (રૂ. ૩૭.૧૦) (કોડ : ૫૧૯૧૦૫)** :- ટેક્ષ્ટાઈલ્સ ક્ષેત્રની આ કંપનીએ ચાલુ નાણાંકીય વર્ષના પ્રથમ ૬ માસ દરમ્યાન રૂ. ૧૪૦.૪૪ કરોડના ટર્નઓવર ઉપર રૂ. ૧૧.૯૩ કરોડનો નેટ પ્રોફિટ દર્શાવ્યો છે જે પાછલા વર્ષે સમાનગાળા દરમ્યાન રૂ. ૧૪૧.૦૮ કરોડના ટર્નઓવર ઉપર રૂ. ૧૮.૨૨ કરોડનો નેટ પ્રોફિટ દર્શાવ્યો હતો. ક્વાર્ટર ૨ ના આકર્ષક માર્જીન કંપનીના આગામી ક્વાર્ટરમાં મજબુત પરિણામોના સંકેત દર્શાવે છે. નાણાંકીય વર્ષ ૨૦૧૪-૧૫ દરમ્યાન કંપનીએ રૂ. ૨૫૬.૫૯ કરોડના ટર્નઓવર ઉપર રૂ. ૩૦.૦૮ કરોડનો નેટ પ્રોફિટ દર્શાવ્યો હતો. ૩૦-૯-૨૦૧૫ ના રોજ રૂ. ૧૫.૨૩ કરોડની ઈક્વિટી શેરમુડી ઉપર રૂ. ૧૯૦ કરોડનું જંગી રીઝર્વ ધરાવે છે. સ્ક્રીપને દરેક ઘટાડે મધ્યમથી લાંબાગાળા માટે ધ્યાનમાં રાખી શકાય. સ્ક્રીપનો બાવન સપ્તાહનો હાઈ ભાવ રૂ. ૪૫ અને લો ભાવ રૂ. ૨૫ છે. (ફેઈસવેલ્યુ ૧)

***Eveready Ind.* (રૂ. ૨૯૮.૦૦) (કોડ : ૫૩૧૫૦૮)** :- FMCG ક્ષેત્રની આ કંપનીએ ચાલુ નાણાંકીય વર્ષના પ્રથમ છ માસ દરમ્યાન રૂ. ૭૧૫.૯૧ કરોડના ટર્નઓવર ઉપર રૂ. ૨૯.૭૦ કરોડનો નેટ પ્રોફિટ દર્શાવ્યો છે જે પાછલા વર્ષે સમાનગાળા દરમ્યાન રૂ. ૬૭૮.૩૭ કરોડના ટર્નઓવર ઉપર રૂ. ૨૮.૨૫ કરોડનો નેટ પ્રોફિટ દર્શાવ્યો હતો. નાણાંકીય વર્ષ ૨૦૧૪-૧૫ દરમ્યાન કંપનીએ રૂ. ૧૨૭૮.૯૨ કરોડના ટર્નઓવર ઉપર રૂ. ૪૯.૦૩ કરોડનો નેટ પ્રોફિટ દર્શાવ્યો છે. ૩૦-૯-૨૦૧૫ ના રોજ રૂ. ૩૬.૩૪ કરોડની ઈક્વિટી શેરમુડી ધરાવતી આ કંપની રૂ. ૬૦૯ કરોડ કરતાં જંગી ધરાવે છે. સ્ક્રીપનો બાવન સપ્તાહનો હાઈ ભાવ રૂ. ૩૭૫ અને લો ભાવ રૂ. ૧૭૦ છે. દરેક ઘટાડે લાંબાગાળા માટે ધ્યાનમાં રાખી શકાય. (ફેઈસવેલ્યુ રૂ. ૫)

***Andrew Yule* (રૂ. ૩૦.૦૦) (કોડ : ૫૨૬૧૭૩)** :- ચા, ઈલેક્ટ્રીક, એન્જીનીયરીંગ ક્ષેત્રે પ્રવૃત્ત આ પીએસયુ કંપનીએ ચાલુ નાણાંકીય વર્ષના પ્રથમ છ માસ દરમ્યાન રૂ. ૧૭૩.૩૯ કરોડના ટર્નઓવર ઉપર રૂ. ૫.૭૯ કરોડનો નેટ પ્રોફિટ દર્શાવ્યો છે જે પાછળા વર્ષે સમાનગાળા દરમ્યાન રૂ. ૧૫૯.૯૮ કરોડના ટર્નઓવર ઉપર રૂ. ૮.૧૧ કરોડોનો નેટ પ્રોફિટ દર્શાવ્યો હતો. નાણાંકીય વર્ષ ૨૦૧૪-૧૫ દરમ્યાન કંપનીએ રૂ. ૩૭૭.૬૪ કરોડના ટર્નઓળર ઉપર રૂ. ૧૨.૯૬ કરોડનો નેટ પ્રોફિટ દર્શાવ્યો હતો. ૩૦-૯-૨૦૧૫ ના રોજ રૂ. ૬૬.૭૮ કરોડની ઈક્વિટી શેરમુડી ધરાવતી આ કંપની પાસે રૂ. ૧૨૮ કરોડ કરતાં વધુનું જંગી રીઝર્વ છે. આ કંપની બાયફરમાંથી બહાર આવેલ છે. કંપની ૨૬.૨૨ ટકા સ્ટેક ટાઈડ વોટરમાં ધરાવે છે જે હાલમાં લાઈફ ટાઈમ હાઈ લેવલે ક્વોટો થઈ રહ્યો છે. સ્ક્રીપને દરેક ઘટાડે લાંબાગાળા માટે ધ્યાનમાં રાખી શકાય. સ્ક્રીપનો બાવન સપ્તાહનો હાઈ ભાવ રૂ. ૩૪ અને લો ભાવ રૂ. ૧૮ છે. (ફેઈસવેલ્યુ રૂ. ૨)

*__DISCLAIMER__ : No financial information whatsoever published anywhere here should be construed as an offer to buy or sell securities, or as advice to do so in any way whatsoever. All matter published here is purely for educational and information purposes only and under no circumstances should be used for making investment decisions. Readers must consult a qualified financial advisor prior to making any actual investment decisions, based on information published here. Any reader taking decisions based on any information published here does so entirely at own risk. Above information is based on the details available as on date along with market perceptions. Author has no holdings or plans to invest in any scrip referred above. (Email: dilip_davda@rediffmail.com )*

## માર્કેટ મુવમેન્ટ

(પાના નં ૧૬ નું ચાલુ)

***(૫) તાતા સ્ટીલ (૨૬૪)*** :- રૂ. ૨૫૪ નો પ્રથમ તેમજ રૂ. ૨૪૬ ના સ્ટ્રોંગ સપોર્ટથી રોકાણલક્ષી આ સ્ટોક ટુંકાગાળે રૂ. ૨૭૩ થી ૨૮૧ સુધીના ભાવની સપાટી સ્પર્શી શકે તેવી શકયતા.

***(૬) સન ટીવી નેટવર્ક (૪૧૩)*** :- સ્થાનિક ફંડોની લેવાલીની શકયતાએ આ સ્ટોકમાં રૂ. ૩૯૪ આસપાસના સપોર્ટથી ડિલેવરી બેઈઝ રોકાણ રૂ. ૪૨૭ થી રૂ. ૪૩૯ ના ભાવની સપાટી દર્શાવે તેવી સંભાવના છે.

***(૭) અબાન ઓફશોર (૨૧૮)*** :- ઓઈલ સેકટરનો ફંડામેન્ટલ્સ આ સ્ટોક ટ્રેડિંગ સંદર્ભે રૂ. ૨૦૩ ના સ્ટોપલોસથી ખરીદવાલાયક. તેજી તરફી ઉછાળે રૂ. ૨૨૭ થી રૂ. ૨૩૫ ના ભાવ આસપાસ નફો બુક કરવો.

***(૮) બાયોકોન લી. (૫૦૭)*** :- આ સ્ક્રીપમાં નજીકનો પ્રથમ રૂ. ૪૯૪ ના સ્ટ્રોંગ સ્ટોપલોસે સાપ્તાહિક અંદાજીત રૂ. ૫૧૯ થી રૂ. ૫૩૧ ના સંભવિત ભાવની શકયતા છે.

***(૯) સેન્ચુરી ટેક્ષ્ટાઈલ્સ (૫૯૮)*** :- ટેકનિકલ ચાર્ટ મુજબ સિમેન્ટ સેકટરનો આ સ્ટોક રૂ. ૫૯૦ આસપાસ રોકાણકારે રૂ. ૬૧૦ થી રૂ. ૬૧૯ ના ટાર્ગેટ ભાવની શકયતાએ તબક્કાવાર રોકાણ કરવું. ટુંકાગાળે રૂ. ૫૭૬ નો સ્ટોપલોસ ધ્યાને લેવો.

***(૧૦) જેએસડબલ્યુ સ્ટીલ (૧૦૬૫)*** :- રૂ. ૧૦૮૧ આસપાસ ઓવરબોટ પોઝિશન નોંધાવતો આ સ્ટોક રૂ. ૧૦૯૩ ના સ્ટોપલોસે વેચાણ લાયક. સાપ્તાહિક ટ્રેડિંગ લક્ષી રૂ. ૧૦૩૭ થી રૂ. ૧૦૨૩ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે. રૂ. ૧૦૯૭ ઉપર તેજી તરફી ધ્યાન.

***__ડિસ્કલોઝર :__ આ કોલમમાં પ્રસિદ્ધ કરાયેલ સ્ક્રિપમાં લેખકનું રોકાણ નથી તેમજ લેખકનો અભિપ્રાય અંગત છે., વાંચકવર્ગ, રોકાણકાર વર્ગે રોકાણ કરતાં અગાઉ આ સેકટરના નિષ્ણાતની સલાહ લેવી. , સ્માર્ટ ઈન્વેસ્ટમેન્ટના તંત્રી - મેનેજમેન્ટ નુકશાની માટે જવાબદાર રહેશે નહી.***

## સ્ટોક વેવ

(પાના નં ૧૬ નું ચાલુ)

ઉપરમાં ૧૬૯૩૦ ઉપર ૧૬૯૮૦, ૧૭૦૭૫ પ્રતિકારક સપાટી ગણાય. નીચામાં ૧૬૭૪૨ નીચે નબળાઈ સમજવી.

***Biocon* (૫૦૮.૦૫)** :- ૪૩૩.૮૫ ના બોટમથી સુધારા તરફી છે. દૈનિક અને અઠવાડીક ધોરણે ઓવરબોટ તેમજ માસીક ધોરણે ઓવરબોટ તરફની પોઝીશન દર્શાવે છે. ઉપરમાં ૫૪૩ મહત્વની પ્રતિકારક સપાટી ગણાય. સપોર્ટ ૪૮૧ ગણાય.

***Century Textiles* (૬૦૦.૦૦)** :- ૫૨૩ ના બોટમથી ઉછાળો દર્શાવે છે. દૈનિક ધોરણે ઓવરબોટ, અઠવાડીક ધોરણે ઓવરબોટ તરફની તેમજ માસીક ધોરણે ન્યુટ્રલ તરફની પોઝીશન દર્શાવે છે. ઉપરમાં ૬૦૩ ઉપર ૬૧૮ થી ૬૩૦ ની રેન્જ ગણાય. નીચામાં ૫૭૮ સપોર્ટ ગણાય.

***Jubilant Food* (૧૩૨૪.૩૦)** :- ૧૩૫૯ ના બોટમથી ઉછાળો દર્શાવે છે. દૈનિક ધોરણે ઓવરબોટ, અઠવાડીક ધોરણે ઓવરબોટ થી ન્યુટ્રલ તેમજ માસીક ધોરણે ઓવરસોલ્ડ પોઝીશન દર્શાવે છે. ઉપરમાં ૧૫૫૮ ઉપર ૧૫૭૩ પ્રતિકારક સપાટી ગણાય. નીચામાં ૧૪૫૯ નીચે નબળાઈ સમજવી.

***Reliance Ind.* (૧૦૦૫.૫૫)** :- ૯૧૨.૮૫ ના બોટમથી ઉછાળો દર્શાવે છે. દૈનિક ધોરણે ઓવરબોટ થી ન્યુટ્રલ, અઠવાડીક ધોરણે ઓવરબોટ તરફ તેમજ માસીક ધોરણે ન્યુટ્રલ પોઝીશન દર્શાવે છે. ઉપરમાં ૧૦૧૫ ઉપર ૧૦૨૧ કુદાવે તો, ૧૦૩૫ સુધીની શકયતા. નીચામાં ૯૯૧ નીચે ૯૮૪ તુટે તો નબળાઈ સમજવી.

***Tata Steel* (૨૬૩.૩૫)** :- ૨૧૨.૬૫ ના બોટમથી ઉછાળો દર્શાવે છે. દૈનિક અને અઠવાડીક ધોરણે ઓવરબોટ તેમજ માસીક ધોરણે ન્યુટ્રલ તરફની પોઝીશન દર્શાવે છે. ઉપરમાં ૨૬૯ ઉપર ૨૮૧, ૨૯૧ પ્રતિકારક સપાટી ગણાય. નીચામાં ૨૫૬ નીચે ૨૫૨ તુટે તો નબળાઈ સમજવી.

***(ડિસકલેમર : ઉપરોક્ત અભિપ્રાય ટેકનીકલ એનાલીસીસ આધારીત છે. એમાં લેખકનું કોઈ જ અંગત હિત નથી)***

## ચાર્ટીસ્ટની નજરે.... (પાના નં ૧ નું ચાલુ)

આવીને બજારમાં લે-વેચ કરવાની પ્રવૃત્તિથી કામચલાઉપણએ ફારેગ થઈ ગયેલા હોઈને તથા મોટા ઓપરેટરો પણ એમની પાછળ કામચલાઉ પણે નિસ્પૃહ ભાવમાં ચાલી જતાં કામકાજના ગુરૂવાર સુધીના ચાર દિવસમાં વોલ્યુમ પ્રતિદિન ઘટવા પર રહ્યું હતું અને ઘટેલા વોલ્યુમ થકી વ્યક્તિગત શેરોના ભાવની રેન્જ પણ પ્રમાણમાં નાની થતી ગઈ હતી વળી, શુક્રવારે બજારો ક્રિસમસની રજાના કારણે સત્તાવાર રીતે બંધ રહેનાર હોવાથી પણ કામકાજો પર ઘટાડાની અસર થઈ હતી. વિતેલા સપ્તાહમાં કામકાજોનું પ્રમાણ તથા વ્યક્તિગત શેરોના ભાવ તેમજ ભાવાંકોની રોજીંદી વધઘટની રેન્જ સંકડાઈ હતી તેવી અસર આગામી સપ્તાહમાં પણ જળવાઈ રહેવાની શકયતા હોવા છત્તાં બજારોની રૂખ સુધારા તરફી જળવાઈ રહેવાની શકયતા વધુ રહેશે કારણ કે, મોટા ભાગે દર વરસે ૨૫ મી ડિસેમ્બર બાદના કામકાજના દિવસોમાં બજારોનું વલણ તેજીનું કે સુધારાનું થઈ જતું વધુ જોવાયું છે અને તે બાદ જાન્યુઆરીમાં કોઈપણ સમયે બજારોની ચાલ નિર્દિષ્ટપણે તેજીની જોવા મળતી હોવાનું પણ મોટાભાગે જોવા મળતું આવેલું હોવાનું પણ મોટાભાગે જોવા મળતું આવેલું છે જેને બજારની રૂઢિગત ભાષામાં "અંદાજપત્ર પૂર્વેની તેજી" તરીકે પણ ઓળખવામાં આવે છે. અલબત્ત, જાન્યુઆરીમાં તેજી થાય તેને અંદાજપત્રની તેજી તરીકે ઓળખવામાં આવતી હોવા છત્તાં તેની માત્રા અન્ય અનેક અને અલગ અલગ પરિબળોના આધારે જુદી જુદી રહેતી હોય છે અને એવું આ વખતે પણ બનનાર છે. આ વખતે જાન્યુઆરીથી શરૂ થનાર કંપનીઓના તૃતિય ત્રિમાસિક ગાળાનાં પરિણામોની સીઝન દ્વિતિય ત્રિમાસિક પરિણામોની સીઝનના મુકાબલે ખાસ કોઈ જુદી નહીં હોવાની ધારણા છે અને દ્વિતિય ત્રિમાસિક ગાળાની સિઝન કોઈપણ રીતે તેજીની કારક તો નહોતી જ સાબિત થઈ તે ઉપરાંત વિદેશી રોકાણકાર સંસ્થાઓને ભારતના શેરબજારોમાં દર વરસે રોકાણ કરવા માટે એમની વિદેશી માતૃસંસ્થાઓ તરફથી વરસના આરંભે એટલે કે, જાન્યુઆરીમાં જ, નવી નાણાંની ફાળવણી થતી હોય છે અને આ વરસે અમેરિકાની મધ્યસ્થ બેન્કે ડિસેમ્બર મધ્યમાં જ ત્યાંનાં વ્યાજના દરમાં ૦.૨૫ ટકાનો વધારો જાહેર કરેલ હોવાથી આ વખતે વિદેશી રોકાણકાર સંસ્થાઓએ ભારતનાં શેરબજારોમાં રોકાણ કરવા માટે નાણાંની કેટલી ફાળવણી કરાય છે તેના પર પણ મોટો મદાર રહેનાર છે. અલબત્ત, ખાસ કરીને અમેરિકામાં વ્યાજનો દર વધારાયા બાદ વિદેશી વિદેશી રોકાણકાર સંસ્થાઓએ એમની સતત વેચવાલી હતી તે અટકાવી દીધી છે અને તે ત્યારબાદથી તે અત્યાર લગી ચોખ્ખા ધોરણે નવી અને ચોખ્ખા ધોરણે ખરીદી કર્યાના પણ હેવાલ છે. જો કે, આવી ખરીદી કુલ મળીને પણ એકંદરે ખાસ મોટી નથી થઈ છત્તાં વિદેશી રોકાણકાર સંસ્થાઓનું માનસ બદલાઈને વેચવાલીમાંથી લેવાલીનું થયું છે તે ઘણી સૂચક ઘટના છે અને એથી એવી આશા પણ રાખી શકાય કે, ૨૦૧૬ ના આરંભથી જ એમની નવેસરથી લેવાલી શરૂ થઈ શકે છે. આથી નવા સપ્તાહમાં એમની લેવાલીની ધારણાએ જ બજારોની સુધારાની દિશા જળવાઈ રહેવાની શકયતા વધુ રહેશે.

***Indian Metals* (રૂ. ૧૫૧.૦૦) (કોડ : ૫૩૩૦૪૭)** :- ઈન્ડિયન મેટલ્સનો શેર ૨૦૦૯ ના જાન્યુઆરીમાં રૂ. ૯૯.૪૫ ના ભાવે ખુલી, ત્યાંથી જ વધવાના પંથે માડીને ૨૦૧૦ ના મે માં, એટલે કે, ફક્ત દોઢ વરસથી પણ ઓછા સમયગાળામાં રૂ. ૮૯૯.૯૫ સુધી વધી ગયો હતો. જો કે, ત્યારબાદ તેમાં પ્રત્યાઘાતી ઘટાડો આવીને ભાવ ૨૦૧૦ ના જ ઓગસ્ટમાં નીચામાં રૂ. ૬૩૨ જેવો થઈને પાછો વધ્યો ત્યારે એ જ વરસના ઓક્ટોબરમાં રૂ. ૮૩૩ સુધી જ જઈ શક્યો હતો અને તે પછીના મહિને પણ એણે રૂ. ૮૩૦ ની ત્રીજી અને ક્રમિક નીચી ટોચ દ્વારા ટ્રિપલ ટોપની રચના ચાર્ટ પર કરી હતી જેની અસર રૂપે તેમાં લાંબાગાળાની મંદી થઈને બજારની ચાલ પણ સતત ઘટાડાથી થતાં ભાવ ક્રમશઃ ઘટીને ૨૦૧૩ ના ઓગસ્ટમાં શેરબજારમાં છેલ્લી મંદીની તળિયાં બનાવાયો ત્યારે રૂ. ૧૩૭.૬૦ નીચી સપાટી સુધી ઉતરી ગયો હતો. રૂ,. ૧૩૭.૬૦ થી બજારની તેજીના સહારે વધીને ૨૦૧૪ ના મે મહિનામાં રૂ. ૪૪૬.૯૦ સુધી ઊંચકાયેલા આ શેર ત્યાંથી પુનઃ ઘટાડા તરફી થઈને ચાલુ વરસના સપ્ટેમ્બરમાં જ રૂ. ૧૧૬.૫૦ જેટલે નીચે ગયો હતો જે સપાટી તેનાથી નજીકની નીચી એવી રૂ. ૧૩૭.૬૦ ની સપાટીથી પણ નીચો ગયો હતો પરંતુ તેના લિસ્ટીંગના મહિનાના રૂ. ૯૯.૪૫ ના ભાવથી સહેજ ઊંચો જ રહેતાં તેમાં ધીમી લેવાલી શરૂ થઈ ગઈ હતી અને ભાવ પણ વધવા તરફી વલણ ધારણ કરીને છેવટે વિતેલા સપ્તાહના કામકાજના છેલ્લાં એવા ગરૂવારના દિવસે તિવ્રતાથી ઉછળીને રૂ. ૧૫૫ સુધી જઈને છેવટે રૂ. ૧૫૧.૩૦ માં બંધ રહ્યો હતો જે દ્વારા એણે તાજેતરની મધ્યવર્તી ટોચની સપાટી ઉપરાંત ટુંકા અને મધ્યમગાળાની એમ બે મુવિંગ એવરેજો ઓળંગી લીધી છે જે આમાં વધુ તેજી થઈ શકે એવો નિર્દેશ આપનાર ચાર્ટ સંકેત છે અને તેથી આની ટુંકાગાળાના ટ્રેડીંગથી લઈને મધ્યમગાળાના રોકાણ હેતુથી ખરીદી કરી શકાય.

***Chartered Logistics* (રૂ. ૨૫.૦૦) (કોડ : ૫૩૧૯૭૭)** :- ચાર્ટડ લોજિસ્ટિક્સ કંપનીએ ૨૦૧૦માં તેના રૂ. ૧૦ ની મૂળ કિંમતના શેરનું એક રૂપિયાની મૂળ કિંમતના એવા ૧૦ શેરોમાં વિભાજન કર્યું હતું અને ૨૦૧૧ ના વરસમાં એક શેરની સામે શેરના પ્રમાણમાં તેના શેર રોકાણકારોને બોનસ શેરનું પ્રદાન પણ કર્યું હતું. જે બન્ને માટે એડજસ્ટ કરાયેલા ભાવની દ્રષ્ટિએ જોઈએ તો ૧૯૯૬ના સપ્ટેમ્બરમાં તેનું મુંબઈ શેરબજાર પર લિસ્ટીંગ થવા વખતે ભાવ ફક્ત ૫૧ પૈસા ખુલી ૧૯૯૯ના ડિસેમ્બરમાં તો ફક્ત ૨૩ પૈસાના નીચા સ્તરે ઉતરી ગયો હતો. જો કે, તે બાદની તેની ચાલ વધઘટે તેજીની બદલાઈ હતી જેને બજારનાં અને બજાર બહારના પરિબળોનો પણ સરકાર મળી જતાં ભાવ ૨૦૧૧ ના સપ્ટેમ્બરમાં તો રૂ. ૬૧.૫૦ સુધી ઊંચકાઈ ગયો હતો. જો કે, તે પછી તેની ચાલ પુનઃ મંદીની થઈને ભાવ ૨૦૧૩ ના મે મહિનામાં રૂ. ૫.૭૫ સુધી નીચો ચાલી ગયો હતો જે બાદ એણે મામૂલી તેજી પણ જોઈ હતી અને પાછો ઘટાડા તરફી થયો હતો જેમાં ૨૦૧૪ ના મે માં રૂ. ૬.૧૬ બોલાયો હતો અને એ જ રીતે તેમાં આગલી રૂ. ૫.૭૫ ની સામે રૂ. ૬.૧૬ ની ઉંચી એવી ડબલ બોટમ માટે અનિવાર્ય ગણાય એવી દ્વિતિય તળીયાની સપાટી બની હતી. અહીંથી થોડાક વધીને પાછો ઘટ્યો ત્યારે તેમાં ૨૦૧૫ ના મે મહિનામાં રૂ. ૭.૪૦ ની તૃતિય અને અગાઉની બે ઉથી ઉંચી તળિયાની સપાટી દ્વારા ટ્રિપલ બોટમની અને સંગીન ગણાય એવી તેજીની રચના થઈ હતી અને તેની સીધી અસર રૂપે ભાવ વધવા તરફી થઈને છેલ્લે ગતિ પકડીને વિતેલા સપ્તાહના કામકાજના ચારે ચાર દિવસે વધીને છેવટે ગુરૂવારે રૂ. ૨૫.૨૫ થઈને રૂ. ૨૫.૦૫ નો બંધ રહ્યો હતો. આવી ચાલ બજારના સાથમાં વધુ આગળ વધી શકે છે એવી શકયતાના આધારે આવી ટુંકાગાળાના નફા કે બે મહિનાના રોકાણની દ્રષ્ટિએ ખરીદી કરી શકાય.

***ARSS Infra* (રૂ. ૫૦.૦૦) (કોડ : ૫૩૩૧૬૩)** :- એ.આર.એસ.એસ. ઈન્ફ્રાનો શેર મુંબઈ શેરબજાર પર ૨૦૧૦ ના માર્ચ મહિનામાં રૂ. ૬૪૦ ના ભાવમાં લિસ્ટ થઈને ત્યાંથી વધીને ફક્ત ચાર મહિનામાં જ જુલાઈ, ૨૦૧૦ માં રૂ. ૧૪૧૬.૨૦ ની અપૂર્વ ઊંચી સપાટીને સ્પર્શી ગયો હતો. જો કે, ત્યારબાદ તેમાં જે લાંબાગાળાની મંદીની ચાલ શરૂ થઈ તેમાં ભાવ પ્રત્યેક મહિને નીચો ઉતરતો જઈ" છેવટે શેરબજારોએ આખરી મંદીના તળિયાં સ્થાપ્યા ત્યારે ઓગસ્ટ ૨૦૧૩ માં નીચામાં રૂ. ૧૩.૭૦ ના સ્તર સુધી ઘટી ગયો હતો.

તે બાદની બજારની તેજીમાં જોડાઈને ભાવ જુલાઈ, ૨૦૧૪માં રૂ. ૭૧.૭૦ પર્યત વધ્યો હતો પણ ત્યાંથી પણ પાછો ઘટવા તરફી થઈને ૨૦૧૫ના ઓગસ્ટમાં નીચામાં રૂ. ૨૧.૫૦ જેટલે ઉતરીને છેવટે એ ફરીથી તેજીના માર્ગે ફંટાયો હતો અને તેમાં ભાવ વિતેલા સપ્તાહના ગુરૂવારે સપ્તાહના કામકાજના અંતિમ દિવસે, તિવ્રતાથી વધીને રૂ. ૫૦.૪૦ ની તે દિવસની સૌથી ઊંચી સપાટીએ જ બંધ રહ્યો છે જે આમાં તેજી આગળ વધી શકે એમ દર્શાવતો ચાર્ટનો સંકેત છે અને તેથી આની માત્ર ટુંકાગાળાના નફાની ગણતરીએ જ ખરીદી કરી શકાય.

# માર્ચ ૨૦૧૬માં સેન્સેક્સ લાઇફટાઇમ ટોચે સ્પર્શશે

ડિસેમ્બર ૨૦૧૫નું આ ચોથા અઠવાડિયાનો માલિક ગ્રહ કેતુ છે જ્યારે ૨૦૧૫ના વર્ષનો માલિકગ્રહ શનિ છે. ક્રૂડઓઈલમાં અમે અગાઉ કરેલ પોઝિટિવ મૂવમેન્ટની આગાહી સાચી પડી છે. ગ્લોબલ કોમોડિટી માર્કેટમાં ક્રૂડઓઇલમાં સૌથી મોટું બાઉન્સબેક હતું. જ્યારે અમે ભલામણ કરેલા ઇન્ડિયા સિમેન્ટ, કેઇર્ન ઇન્ડિયા અને વેદાંતા જેવા સ્ટોક્સમાં ટોપગેઇનર લિસ્ટમાં ટોચે રહ્યા હતા. આશા છે કે, વાંચકોએ કોમોડિટી અને ઈક્વિટી માર્કેટમાં નફો બુક કર્યો હશે. ૨૦૧૫ના કેલેન્ડર વર્ષને ગુડબાય અને ૨૦૧૬ના નવા વર્ષને વેલકમ કરવાનો આ સમય છે. અજય માર્કેટ થિયરી મુજબ મંગળનો ગ્રહ તાકત, ઊર્જાનો ગ્રહ છે, તે જોતાં એનર્જી અને પાવર સેક્ટરના શેરો નવો રેકર્ડ બનાવશે. અજય માર્કેટ થિયરી મુજબ ૨૦૧૬નું નવું કેલેન્ડર વર્ષમાં સેન્સેક્સ અને નિફ્ટી જેવા ઇન્ડેક્સ માર્ચ ૨૦૧૬ સુધીમાં નવી ટોચ બનાવી તેવી શક્યતા છે.



એસ્ટ્રોનોમી ગુરૂ
Lt Col Ajay
09414056705,
9887056704

**ક્રૂડઓઈલ :** ૨૦૧૫નું વર્ષ ક્રૂડ માટે સૌથી ખરાબ પુરવાર થયું છે. હવે આર્થિક જ્યોતિષ મુજબ ૨૦૧૬થી ૨૦૧૮ના વર્ષ ક્રૂડ ઓઇલનું ભાવિ નક્કી કરશે. ૨૦૧૭થી ૨૦૧૮નું વર્ષ દરમિયાન ક્રૂડઓઇલનું અપેક્ષિત લેવલ બેરલદીઠ ૪૫થી ૧૩૦ ડોલરનું રહેશે.

**કોપર :** કોપરને બેઝ મેટરનો રાજા માનવામાં આવે છે. ગ્લોબલ ગ્રોથનું પ્રતિક કોપરને માનવામાં આવે છે. ૨૦૧૬-૨૦૧૭નું વર્ષ ઇલેક્ટ્રોનિક ટ્રેડિંગ એક્સચેન્જમાં કોપર માટે અપેક્ષિત લેવલ કિલોદીઠ રૂા. ૩૬૦થી ૩૭૫ બની શકે છે.

**સોનું :** કોમોડિટી માર્કેટમાં કિંમતી ધાતુ સોનાનો હાલ સૌથી ખરાબ સમય ચાલી રહ્યો છે. આર્થિક જ્યોતિષ્ય મુજબ ૨૦૧૬-૨૦૧૭ના વર્ષમાં સોનું ઔંશદીઠ ૧૧૩૦થી ૧૨૩૦ ડોલર વચ્ચેનું લેવલ બનાવે.

**ભારતીય રૂપિયો :** ૨૦૧૫ના વર્ષમાં સોનું અને ક્રૂડ અનેક વર્ષો બાદના નીચા લેવલે સ્પર્શતા ડોલર સામે રૂપિયો પણ ઘસાયો અને મલ્ટિયર લો લેવલે સ્પર્શ્યો હતો. હવે આર્થિક જ્યોતિષ મુજબ રૂપિયો અમેરિકી ડોલર સામે વધુ સુધરી ૬૦થી ૬૨ની મજબૂત સપાટી બનાવશે.

**ગ્લોબલ ઈક્વિટી માર્કેટ :** ગ્લોબલ ઈક્વિટી માર્કેટમાં ૨૦૧૬માં અમેરિકા, ઓસ્ટ્રેલિયા, ભારત, દક્ષિણ કોરિયા, બ્રાઝિલ, જાપાન સ્ટોક એક્સચેન્જોએ નવી ઐતિહાસિક સપાટી બનાવતા મિક્સ ટ્રેન્ડ જોવા મળે. ચીન, રશિયા, નોર્થ કોરિયા સ્ટોક એક્સચેન્જો ગ્લોબલ ગ્રોથ સાથે તેમનો તાલમેલ સાધી શકશે નહીં. વૈશ્વિક રાજકારણ અને અર્થતંત્ર માટે ૨૦૧૬ - ૨૦૧૮ના વર્ષો મહત્વના પુરવાર થશે. ઉપરોક્ત વિશ્લેષણ ફંડામેન્ટલ એનાલિસીસ, અજય માર્કેટ થિયરી અને ગ્રહોના અભ્યાસના આધારે કરાયું છે. સ્ટોક અને કોમોડિટી માર્કેટમાં ટ્રેડિંગ કરવું હોય તો જોખમનું મેનેજમેન્ટ મહત્વનું પરિબળ છે.

GaneshaSpeaks.com™
accuracy • reliability • trust
FOR ASTROLOGY DIAL 55181*



Senior Astrologer
Dharmesh Joshi
Mob. : 9909941816
E-mail : stockmarket@ganeshaspeaks.com

## જ્યોતિષની દ્રષ્ટિએ શેરબજાર....

- દરેક ફળકથનમાં દસ મિનિટનો ગાળો પ્લસ - માઇનસ સમજીને પ્રિડીક્શન સમજવું. - ફળકથનને આગળના વાક્ય અને સમયની સરખામણીમાં સમજવું.

**૨૮-૧૨-૨૦૧૫ સોમવાર :-** - ચંદ્ર આજે પોતાની સ્વગૃહી રાશિ કર્કમાં જ બિરાજમાન છે. - શુક્ર - શનિ હવે વૃશ્ચિક રાશિમાં યુતિ કરશે. - ૯.૧૫થી ૧૦.૩૨ દરમિયાન સરફેસની આજુબાજુ પોઝિટિવ સાઇડ રહેવાની સંભાવના ગણેશજી ૨૪-૧૨-૨૦૧૫ના દિવસે લખી રહ્યા છે. - ૧૦.૩૨થી ૧૨.૧૨ દરમિયાન ડાઉન આવે. - ૧૨.૧૨થી ૧૩.૧૩ દરમિયાન નિફ્ટી અપ બાજુ જઈ શકે છે. - ૧૩.૧૩થી ૧૫.૩૦ દરમિયાન નિફ્ટી ડાઉન પેટર્ન હોઈ શકે છે.

**૨૯-૧૨-૨૦૧૫ મંગળવાર :-** - ચંદ્ર - ગુરુની યુતિ આપે પર્સનલ કુંડળી માટે સારું રિઝલ્ટ આપશે. - ઓપનિંગ અપ ટ્રેન્ડ અને ક્લોઝિંગમાં ડાઉન ટ્રેન્ડ રહેવાની સંભાવના છે. - ૯.૫૦થી નિફ્ટી સ્ટેપ બાય સ્ટેપ ડાઉન આવે જે સ્થિતિ ૧૦.૫૪ સુધી રહેશે. - ૧૦.૨૭થી નિફ્ટી સ્ટેપ બાય સ્ટેપ અપ જાય જે સ્થિતિ ૧૨.૪૪ સુધી હોઈ શકે છે. - ૧૪.૦૫થી નિફ્ટી સ્ટેપ બાય સ્ટેપ ડાઉન સાઈડ આવે.

**૩૦-૧૨-૨૦૧૫ બુધવાર :-** - ગ્રહોની દૃષ્ટિએ આજે બહુ મોટા ફેરફારો જણાતા નથી. - ૯.૧૫થી ૧૦.૧૫ "A" ગ્રૂપના સ્ટોક્સમાં બાઈંગ આવવાથી પોઝિટિવ અસર નિફ્ટી પર જોવા મળે. - ૧૦.૧૫થી ૧૦.૩૫ કોઈપણ પોઝિશન ઉભી ના રાખો. - ૧૦.૩૫થી ૧૧.૩૫ નિફ્ટી ડાઉન રહી શકે છે. - ૧૧.૩૫થી ૧૨.૩૫ નિફ્ટી અપ સાઈડ જોવા મળે. - ૧૨.૩૫થી ક્લોઝિંગ બેલ દરમિયાન માર્કેટ બહુ ભરોસાપાત્ર જણાતુ નથી માત્ર જોબિંગથી સંતોષ માનજો.

**૩૧-૧૨-૨૦૧૫ ગુરૂવાર :-** - આજનો દિવસ બહુ જ કન્ફ્યુઝનવાળો જણાઈ રહ્યો છે માટે બિલકુલ ભરોસો ના કરતાં. એલર્ટ થઈને રમજો. - ઓપનિંગથી ૯.૫૦ દરમિયાન કોઈપણ પોઝિશન ના લેતા. - ૯.૫૦થી નિફ્ટીમાં પ્રેશર આવે જે ૧૦.૫૦ સુધી હોઈ શકે છે. - ગણેશજીની કૃપાથી જેટલું ડાઉન આવે કદાચ એટલું જ અપ આવે તે ૧૦.૫૦થી ૧૨.૩૦ વાગ્યા સુધીમાં બાઉન્સ થઈ શકે છે, પરંતુ ખૂબ જ રિસ્કી છે તે ધ્યાનમાં રાખજો. - ૧૨.૩૦થી ૧૪.૦૦ દરમિયાન આપને બંને બાજુએ મૂવમેન્ટ જોવા મળશે.

**૦૧-૦૧-૨૦૧૬ શુક્રવાર :-** - ચંદ્ર - રાહુની યુતિ આજે આપને અને નિફ્ટી બંનેને કન્ફ્યુઝનમાં રાખશે. - ગુરુ - રાહુની યુતિ ૨૦૧૬માં આપના માટે અને માર્કેટ બંને માટે ખૂબ મહત્વપૂર્ણ સાબિત થશે. - કી - સેક્ટરમાં આર્ટિક્લમાં ગણેશજીએ લખ્યું હતું કે, ટેલિકમ્યુનિકેશનમાં રિવોલ્યુશન આવશે અને આપ 4G લોન્ચિંગ જોઈ રહ્યા છે. - ૯.૧૫થી ૧૧.૫૦ ના બે ભાગ કરો, જેમાં પહેલાં ભાગમાં અપ અને બીજા ભાગમાં ડાઉન પેટર્ન બનશે.

## દેશ-વિદેશની કંઈ ઓટો કંપનીઓએ કેટલાં વ્હિકલ્સ રિકોલ કર્યા ?

| Company | No. of Veh. Recalled | Models | Period |
|---|---|---|---|
| Ford | 131922 | Figo, Fiesta Classic | July 2012 |
| | 166021 | Figo, Fiesta Classi | Sep. 2013 |
| GM | 114000 | Tavera | July 2013 |
| | 1550001 | Spark, Beat, Enjoy | July 2015 |
| Maruti Suzuki | 103331 | Swift, Dzire, Ertiga | April 2014 |
| Honda | 223578 | City, Civic, Jazz, CR-V | Sep. 2015 |
| Volkswagen | 323000 | Volkswagen, Skoda, Audi | Dec. 2015 |

## પરદે કે પીછે.... - ચકોર પંડિત

### US ફેડે વ્યાજદર વધારતા

### લાન્કો ઇન્ફ્રા, ભૂષણ સ્ટીલ અને અદાણી પોર્ટને જંગી વિદેશી દેવું મુશ્કેલીમાં મૂકે!!!

ભારતીય કંપનીઓ તેમની નાણાં જરૂરિયાતો પૂરી કરવા વિવિધ વિકલ્પો દ્વારા જંગી માત્રામાં વિદેશી દેવું છેલ્લાં કેટલાક વર્ષોમાં વધાર્યું છે. હવે અમેરિકન ફેડરલ બેન્કે વ્યાજદરમાં વધારો કરતાં અને ડોલરનું મૂલ્ય વધતા કંપનીઓએ ડોલરમાં લીધેલું દેવું તેમને ભારે પડી શકે તેમ છે. આવી કંપનીઓ જ્યારે જંગી માત્રામાં જ્યારથી વિદેશી ભંડોળનો વધારો થયો ત્યારથી સારી કામગીરી દર્શાવતી હતી અને જંગી કેશ ફ્લોને કારણે તેમનું દેવું ઘટાડવામાં મદદ થતી હતી. આવી કેટલીક સર્વિસિસ કંપનીઓ જેવી કે, અદાણી પોર્ટ, ભૂષણ સ્ટીલ, લાન્કો ઈન્ફ્રા, રિલાયન્સ પાવર વગેરે જંગી વિદેશી દેવા નીચે દબાયેલી છે. જ્યારે HPCL, IOC, BPCL જેવી PSU ઓઇલ માર્કેટિંગ કંપનીઓના માતે વર્કિંગ કેપિટલની જરૂરિયાત માટે તેમણે વિદેશી લોન લીધેલી છે. ક્રૂડ ખરીદવા લીધેલી લોન હવે ક્રૂડના ભાવ ગગડતા અને ડોલર મજબૂત બનતા તથા યુએસ ફેડે વ્યાજદર વધારતા આવી કંપનીઓ પર વ્યાજની ભારણ વધ્યું છે. જ્યારે ભારતી એરટેલ, આઇડિયા સેલ્યુલર, પાવરગ્રીડ અને રૂરલ ઇલેક્ટ્રિફિકેશન કોર્પો જેવી કંપનીઓએ પાસે મોટા પ્રમાણમાં રોકડ ભંડોળ હોય તે કારણે ઓછી અસર થશે. જ્યારે લાન્કો ઈન્ફ્રા અને ભૂષણ સ્ટીલ જેવી કંપનીઓ જ્યાં નફો કમાવા માટે સંઘર્ષ કરી રહી છે ત્યારે દેવું કઈ રીતે ભરશે તે પ્રશ્ન છે. અદાણી પોર્ટ પણ રૂા. ૮,૫૨૭ કરોડનું દેવું ધરાવે છે, તે પણ મુશ્કેલીમાં મૂકાશે.

| | FY-15 Foreign Debt (Rs. Cr.) | Increase (times) * |
|---|---|---|
| **More Impcat** | | |
| Adani Port | 8527 | 4.8 |
| Bhushan Steel | 9188 | 1.7 |
| Lanco IKnfra | 5927 | 2.1 |
| Rel. Power | 16023 | 7.8 |

**Less Impcat** :- Bharti Airtel, HPCL, IDEA, IOC, NTPC, PGCIL & REC

* Increase between FY11 and FY15

### સેબીએ દગાબાજી - છેતરપિંડીના કેસમાં બ્રોકરેજ ફર્મ MKM Finsec. ને પાંચ વર્ષ માટે સસ્પેન્ડ કરી

વોચડોગ સેબી આજકાલ વધુ સક્રિય અને કડક બની રહી છે. રોકાણકારોની હિતમાં અને છેતરપિંડી કે ગેરરીતિ કરતી કંપની સામે લાલ આંખ કરતાં થઈ છે. તાજેતરમાં સેબીએ બ્રોકરેજ ફર્મ MKM Finsec ને છેતરપિંડીના કિસ્સામાં પાંચ વર્ષ માટે સસ્પેન્ડ કરી છે અને તેની પાસેથી માહિતી પણ માગી છે. સેબીના કહેવા મુજબ MKM Finsec બોગસ કોન્ટ્રેક્ટ નોટ અને ખોટા બિલ વાઉચર ઈસ્યૂ કરીને છેતરપિંડી કરવામાં સંડોવાયેલી છે. કંપનીના હેતુ કેટલીક સ્ટીલ ઉત્પાદક કંપનીઓને એકાઉન્ટ બુકમાં ચાલાકીપૂર્વક ગેરરીતિ કરવાની સગવડ કરવાનો હેતુ હતું. આ ઉપરાંત તેણે સ્ટોક માર્કેટને જાણ કર્યા વગર બજાર બહાર કેટલાક ટ્રાન્ઝેક્શન કર્યા હતા. આ ઉપરાંત સેબીના કહેવા મુજબ કંપની તેના ક્લાયન્ટના બેન્ક સ્ટેટમેન્ટ અને અન્ય દસ્તાવેજો પૂરા પાડવામાં નિષ્ફળ ગઈ હતી. આમ સેબીએ MKM Finsec ને અયોગ્ય ટ્રેડ પ્રેક્ટિસ અને છેતરપિંડીના કેસ હેઠળ માર્કેટમાં ટ્રેડિંગ અને ટ્રાન્ઝેક્શન કરવા પર પાંચ વર્ષ માટે સસ્પેન્ડ કરી છે. આ હુકમનો અમલ ૨૧ દિવસ પછી થશે.

### BMWને અમેરિકાની ઓટો સેફ્ટી રેગ્યુલેટર્સે ૪૦ કરોડ ડોલરની પેનલ્ટી ફટકારી

જર્મન કાર ઉત્પાદક કંપની BMW ને સેફ્ટી લેમ્પને કારણે અમેરિકન ઓટો સેફ્ટી રેગ્યુલેટર્સે સિવિલ સેટલમેન્ટના ભાગરૂપે ૪૦ કરોડ ડોલરની પેનલ્ટી ફટકારી છે. ૨૦૧૨ પછી BMW ને આ બીજી વખત દંડ રૂપે ચૂકવણી કરવી પડી છે, અન BMW ને નેશનલ હાઈવે ટ્રાફિક સેફ્ટી એડમિનિસ્ટ્રેટર (NHTSA) દ્વારા ફટકારવામાં આવેલ લેટેટેસ્ટ સિવિલ પેનલ્ટી છે.

NHTSA સાથે થયેલા સેટલમેન્ટ મુજબ BMW એ તેની કારમાં મિનિમમ ક્રેસ પ્રોટેક્શન સ્ટાન્ડાર્ડનો અમલ કરવામાં નિષ્ફળ ગઈ હતી અને તેના ક્લાયન્ટને તેની માહિતી આપી નહતી. NHTSA ૨૦૧૨માં પણ આજ પ્રોબ્લેમને કારણે BMW ને ત્રણ કરોડ ડોલરની પેનલ્ટી કરી હતી. સેટલમેન્ટના અંતે NHTSA તેની તપાસમાં જાણ્યું કે, ૨૦૧૪ અને ૨૦૧૫માં કંપની તેની મીનિકૂપર મોડલ રેગ્યુલેટરીના ધારાધોરણ મુજબ સાઇડ-ઈમ્પેક્ટ ક્રેશ પ્રોટેક્શન પૂરા પાડવામાં નિષ્ફળ ગઈ હતી.

BMW ને ફટકારેયલ ૪૦ કરોડ ડોલરની પેનલ્ટીમાં ૧૦ કરોડ દંડ અને ૨૦ કરોડ ડોલર ડિફર્ડ પેનલ્ટી વસૂવાયા છે. કંપની NHTSA ની કાર્યવાહી મુજબ અપડેટ કરવા સહમત થઈ છે.

### સેબી સમક્ષ પુનઃ નોંધણીનો છેલ્લો દિવસ તા. ૨૨મી ડિસેમ્બર હોવા છતાં....

### ૬૩ ટકા કોમોડિટી દલાલો રજીસ્ટ્રેશન કરાવવાથી દૂર - સોદા સ્કવેર કરવાની ચેતવણી

સેબી દ્વારા નક્કી કરાયેલ નિયમ સમય તા. ૨૨મી ડિસેમ્બર હતો અને તે મુદ્દત વીતી ગઈ છે, તેમ છતાં મોટાભાગના કોમોડિટીઝ એક્સચેન્જ સભ્યોએ હજુ સુધી પુનઃ નોંધણી કરાવી નથી એટલું જ નહીં પરંતુ આશરે ૬૩ ટકા જેટલા સભ્યોએ હજુ રજીસ્ટ્રેશન કરાવ્યું નહીં હોવાના નિર્દેશો મળે છે. પહેલાં કોમોડિટી બજારોનું નિયમન FMC પાસે હતું, પરંતુ FMC ને તા. ૨૮મી સપ્ટેમ્બરથી સેબીમાં મર્જ કરી દેવાના સેબીએ તેની સમક્ષ નોંધણી માટે કોમોડિટીઝ સભ્યોને ત્રણ મહિનાની મુદ્દત આપવા નક્કી કર્યું હતું. નિયત સમય પહેલાં સભ્યોને નોંધણીની અરજી તથા સભ્ય ફી મોકલી દેવાની ચેતવણી આપવા સાથે જે સભ્યો આમ કરવામાં નિષ્ફળ રહેશે તો તેમના સોદા સ્કવેર ઓફ કરવાની ચેતવણી આપી હતી. બજારના સૂત્રોના મતે સેબીની ઊંચી ફિ ના કારણે સંખ્યાબંધ નિષ્ક્રિય સભ્યો 'બાયબાય' કરી દેશે. CCT પછી ગ્રાહકો વધુ સારા પ્રોત્સાહનો ઓફર કરતાં મોટા દલાલો તરફ વળ્યા છે.

### અદાણી એબોટ પોઇન્ટ ટર્મિનલનું રેટિંગ મૂડીઝ ડાઉનગ્રેડ કરશે

### અદાલત માટે હવે ઓસ્ટ્રેલિયામાં નવી આફત

અગ્રણી રેટિંગ એન્જસી 'મૂડીઝ' દ્વારા અદાણી ગ્રૂપની ઓસ્ટ્રેલિયન કંપની 'અદાણી એબોટ પોઇન્ટ ટર્મિનલ'ને ડાઉનગ્રેડના માટે અદાણી પોર્ટસ દ્વારા એબોટ પોઇન્ટ કોલ ટર્મિનલ ૯૯ વર્ષના લીઝ ઉપર બે અબજ ડોલરમાં ખરીદવામાં આવી હતી. અદાણી ગ્રૂપની અદાણી પોટર્સ તેની હોલ્ડિંગ કંપની છે. વિશ્વભરમાં સ્લોડાઉન અને કોલસાના ભાવમાં મોટાપાયે ઘટાડાને પગલે કંપનીના બિઝનેસ ઉપર નોંધપાત્ર માઠી અસર થવાની દહેશત જાગી છે. કોલ સેક્ટર ભારે અવદશામાં છે અને અદાણી એબોટની મુખ્ય ચાલક કાઉન્ટરપાર્ટ કોન્ટ્રેક્ટસ છે હવે આ કોન્ટ્રેક ટર્મિનલ થવાની અગર તો રિન્યુઅલ નહીં થવાની આશંકા છે. મૂડીઝની ધારણા મુજબ અદાણી એબોટના દેવામાં સંદર્ભમાં ટર્મિનલની આવકનો રેશિયો આગામી બે વર્ષમાં છ ટકાથી વધુ ઘટશે. આ નવા પ્રકરણથી ઓસ્ટ્રેલિયાના મામલે અદાણી ગ્રૂપની સબસ્યામાં વધુ ઉમેરો થશે. આશરે ૧૬.૫ અબજ ડોલરનો કારમાઇકલ પ્રોજેક્ટ તો ઘણા સમયથી વિવાદમાં અટવાયેલ છે.

### કાળા નાણાંને અંકુશમાં લેવા

### રૂા.૨ લાખ કરતા વધુના વ્યવહાર માટે ટૂંક સમયમાં પાન ફરજીયાત

ઘરેલું કાળાબજારના સર્જન ઉપર અંકુશ રાખવા સરકાર ટૂંક સમયમાં રૂા.૨ લાખ કરતા વધુ રોકડ વ્યવહાર માટે પાન આપવાને ફરજીયાત બનાવવા નોટિફિકેશન ઈસ્યુ કરશે. કાળા નાણાંને અંકુશમાં લાવવા પગલું લેવાઈ રહેલ છે. નાણાપ્રધાન અરૂણ જેટલીએ ૨૦૧૫/૧૬ના તેમના બજેટ ભાષણમાં રૂા.૧ લાખથી વધારે મુલ્યના ખરીદી અથવા વેચાણ માટે પાન ક્વોટ કરવું ફરજીયાત બનાવવાની દરખાસ્ત કરી હતી. જોકે ત્યાર પછી એમપી, એમએલએ, વેપાર ઉદ્યોગ મંડળો સહિત વિવિધ વ્યક્તિઓ તરફથી રૂા.૧ લાખથી વધારે રકમની ખરીદી અથવા વેચાણ માટે પાન ક્વોટ કરવાને ફરજીયાત બનાવવાની દરખાસ્ત વિરૂદ્ધ રજુઆત કરી હતી.

### "મિસ સેલિંગ" ખાતેદારો માટે મોટી સમસ્યા

બેન્કિંગ કોડ્સ એન્ડ સ્ટાન્ડર્ડસ બોર્ડ ઓફ ઈન્ડિયા (બીસીએસબીઆઈ) ના ચેરમેને જણાવ્યું હતું કે, "પ્રોડકટનું ખોટી રીતે વેચાણ અથવા મિસ - સેલિંગ કોડ ઓફ કમિટમેન્ટનું ઉલ્લંઘન છે. સમસ્યાનો ભોગ બનનારા ગ્રાહકો ફરિયાદ નિવારણ મિકેનિઝમનો ઉપયોગ કરી શકે. નવા અને ખાસ કરીને સમૃધ્ધ રોકાણકારોએ સાવચેત રહેવું જરૂરી છે. બેન્કિંગ સ્ટાફ પાસે ગ્રાહકોનાં ખાતાની પૂરતી માહિતી હોય છે અન એટલે રોકાણનું ખાસ જ્ઞાન નહીં ધરાવતા તગડા બેલેન્સવાળા ખાતાધારકોને આ પ્રકારનું 'મિસ સેલિંગ' સામાન્ય બાબત છે. સર્વે મુજબ બેન્કનો સ્ટાફ ૩૦ વર્ષતી ઓછી વયના અને મહિને રૂ. ૧.૫ લાખથી વધુની આવક ધરાવતા ખાતાધારકોનો સતત સંપર્ક કરે છે. મિસ - સેલિંગની ફરિયાદોથી પરેશાન વીમા નિયમનકર્તાએ બેન્કો દ્વારા વેચાયેલી ઈન્સ્યોરન્સ પોલિસી માટે તેમને જવાબદાર બનાવવાનો નિર્ણય લીધો છે.. ગ્રાહકોના જણાવ્યા અનુસાર બેન્ક સાથેના વ્યવહારમાં પ્રોડકટસનું મિસ સેલિંગ એકમાત્ર સમસ્યા નથી. ઊંચા ચાર્જિસ, બિનકાર્યક્ષમ સેવા અને પેનલ્ટીના આકરા નિયમો અંસતોષ અન્ય મુદ્દા છે.

Financial Weekly
SMART INVESTMENT

## શ્યોર શોટ્સ

(પાના નં ૧૬ નું ચાલુ)

અને કંપનીને ગત વર્ષે Bombardier નો મોટો ઓર્ડર પ્રાપ્ત થયો છે. રાજસ્થાનમાં ભિવાડી ખાતે ઉત્પાદન કેન્દ્ર ધરાવે છે. હીમાચલ પ્રદેશમાં Karla-Amb ખાતે બીજો પ્લાન્ટ શરૂ કર્યો છે. જ્યાં હીટ એક્ષ્ચેન્જર્સ અને વિંડો તેમજ સ્પ્લીટ એ.સી.નું ઉત્પાદન કરે છે. કંપની રેલ્વે, મેટ્રો રેલ્વે અને બસીસને એરકન્ડીશન પુરા પાડે છે. હાલમાં કંપની ૭૦૦૦ થી વધુ ડિલર્સ નેટવર્ક, ૩૦ બ્રાન્ચીસ, ૩૦૭ ઓથોરાઈઝડ સર્વિસ સેન્ટર તેમજ ૮૧ જેટલા પોતાના સર્વિસ સેન્ટરો ધરાવે છે. છેલ્લાં ચાર વર્ષ દરમ્યાન આવક વધીને બે ગણી થઈ છે. નેટ નફો ૨.૪ ગણો વધ્યો છે. ૩૧ માર્ચ ૨૦૧૫ ના વર્ષાંતે કંપનીએ ૧૮૩૫ કરોડના નેટ વેચાણ ઉપર રૂ. ૮૨ કરોડનો નેટ નફો અને ૩૫.૩૨ કરોડની ઈક્વિટી ઉપર રૂ. ૨૩.૧૧ નો ઈપીએસ નોંધાવ્યો છે. ૩૦ સપ્ટેમ્બર ૨૦૧૫ ના ક્વાર્ટરમાં આવક ૩૧ ટકા વધીને રૂ. ૩૯૯.૪૯ કરોડ જોવાઈ હતી. જ્યારે નેટ નફો રૂ. ૪.૩૯ કરોડથી ઉછળીને ૧૦.૪૮ કરોડ નોંધાયો હતો. ગત વર્ષે કંપનીએ ૧૩ ટકા ડિવિડંડ જાહેર કર્યું હતું. બુકવેલ્યુ રૂ. ૨૦૩, પ્રમોટર્સ હોલ્ડિંગ ૪૯.૯૮ ટકા છે. આગામી દિવસોમાં આ સ્ટોક બાવન સપ્તાહની સપાટી કુદાવી રૂ. ૩૫૦ ના લેવલને કુદાવતો જોવાય.

***Jubilant Food (રૂ. ૧૫૨૦.૦૦) (કોડ : ૫૩૩૧૫૫)*** :- આજકાલ લોકોની લાઈફ સ્ટાઈલ સતત બદલાતી રહી છે જેના કારણએ યુએસ પીત્ઝા, ડોમિનોઝ પિત્ઝા, મેકડોનાલ્ડ, સબવે, કોફી ડે જેવી ફૂડ ચેઈનની બોલબાલા વધી રહી છે અને આગળ જતાં આ પ્રકારની ફૂડ ચેઈનની માંગ વધતી જોવા મળી શકે છે કેમ કે, આ કંપનીઓ હવે નાના શહેરોમાં પોતાનું નેટવર્ક વધારી રહી છે. જુબીલન્ટ ફુડ ડોમિનોઝ પીત્ઝા બ્રાન્ડથી ચેઈન ધરાવે છે જે દેશભરમાં કાર્યરત છે. કંપની છેલ્લાં ઘણા વર્ષોથી મજબુત ગ્રોથ દર્શાવી રહી છે અને હવે બાજુના નાના દેશોના માર્કેટોમાં પણ પ્રવેશી રહી છે. BSE ખાતે A ગ્રુપમાં લિસ્ટેડ આ કંપનીના શેરની ફેસવેલ્યુ રૂ. ૧૦ છે. વર્ષ દરમ્યાન શેરનો ભાવ વધીને રૂ. ૧૯૮૪ અને ઘટીને રૂ. ૧૨૯૭ જોવાયો છે. કંપનીમાં પ્રમોટરો ૪૮.૭૯ ટકા, FII ૪૧.૪૬ ટકા, DII ૩.૯૬ ટકા જ્યારે પબ્લિક માત્ર ૫.૭૯ ટકા સ્ટેક ધરાવે છે. નાણાંકીય વર્ષ ૨૦૧૫ માં કંપનીની આવક રૂ. ૧૭૩૬ કરોડથી વધીને રૂ. ૨૦૯૨.૩૯ કરોડ થઈ હતી જ્યારે નફો રૂ. ૧૧૮.૨૪ કરોડથી થોડો ઘટીને રૂ. ૧૧.૦૮ કરોડ થયો હતો. નાણાંકીય વર્ષ ૨૦૧૬ ના પહેલા ૬ મહિનામાં કંપનીની આવક રૂ. ૯૭૭.૯ કરોડથી વધીને રૂ. ૧૧૫૮.૨૨ કરોડ થઈ છે જ્યારે નફો રૂ. ૫૬.૭૩ કરોડથી ઘટીને રૂ. ૫૩.૩૫ કરોડ થયો છે. કંપની આક્રમક માર્કેટિંગ અને વિસ્તરણ કરી રહી છે જેના કારણે આ કંપનીનો નફો દબાયો છે જેને કારણે આગળ જતા કંપની મજબુત દેખાવ કરી શકે છે જેના કારણે એફઆઈઆઈ કંપનીમાં મોટું હોલ્ડિંગ ધરાવે છે હાઈ ગ્રોથ ધરાવતી આ કંપનીના સ્ટોકમાં લોંગ ટર્મ એન્ગલથી રોકાણ કરી શકાય. વર્તમાન ભાવે કંપનીની માર્કેટ કેપ રૂ. ૧૦૦૦૦ કરોડ છે. કેલેન્ડર વર્ષ ૨૦૧૬ ના વર્ષમાં સ્ટોક ફરીથી રૂ. ૨૦૦૦ તરફ આગેકુચ કરતો જોવા મળી શકે છે.

***Arvind Ltd. (રૂ. ૩૩૭.૦૦) (કોડ : ૫૦૦૧૦૧)*** :- કંપનીની ઈક્વિટી રૂ. ૨૫૮.૨૪ કરોડ છે જેની સામે કંપની પાસે રૂ. ૨૧૯૬ કરોડનું જંગી રીઝર્વ છે. કંપનીમાં પ્રમોટરો ૪૩.૭૮ ટકા, FII ૧૫.૨૩ ટકા, DII ૧૬.૧૩ ટકા અને પબ્લિક ૨૪.૮૬ ટકા સ્ટેક ધરાવે છે. BSE ખાતે A ગ્રુપમાં લીસ્ટેડ આ કંપનીના શેરની ફેસવેલ્યુ રૂ. ૧૦ છે. વર્ષ દરમ્યાન શેરનો ભાવ વધીને રૂ. ૩૪૧ અને ઘટીને રૂ. ૨૧૬ જોવાયો છે. નાણાંકીય વર્ષ ૨૦૧૫ માં કંપનીની આવક રૂ. ૬૮૬૨.૧૨ કરોડથી વધીને રૂ. ૭૮૫૧.૪૦ કરોડ થઈ હતી જ્યારે કંપનીનો નફો રૂ. ૩૫૩.૮૯ કરોડથી ઘટીને રૂ. ૩૪૧.૧ કરોડ રહ્યો હતો. કંપનીએ રૂ. ૧૩.૨૧ ની EPS હાંસલ કરી હતી. નાણાંકીય વર્ષ ૨૦૧૬ ના પહેલા ૬ મહિનામાં કંપનીની આવક રૂ. ૩૭૩૭.૧૮ કરોડથી વધીને રૂ. ૩૯૭૩.૩૬ કરોડ થઈ છે જ્યારે નફો રૂ. ૧૮૩.૭૭ કરોડથી ઘટીને રૂ. ૧૪૯૦.૦૭ કરોડ થયો છે જ્યારે કંપનીએ આ છ મહિનામાં રૂ. ૫.૭૭ ની ઈપીએસ હાંસલ કરી છે. કંપનીએ ગત વર્ષે વિદેશી બ્રાન્ડ કેલ્વીન ક્લેઈન સાથે ભારતમાં વેચાણ અંગે કરાર કર્યા હતા. વધુમાં કંપની નોનવુલન ફેબ્રિક્સ મેન્યુફેક્ચરીંગ સેગમેન્ટમાં દાખલ થઈ રહી છે અને ૩ વર્ષમાં આ સેગમેન્ટમાંથી ૧૦૦ કરોડની રેવન્યુનો ટાર્ગેટ રાખ્યો છે. થોડા સમય પહેલાં કંપનીએ અમેરિકાની જાણીતી બ્રાન્ડ ગેપ અને અન્ય બાળકોની બ્રાન્ડ સાથે પણ ભારતમાં સ્ટોર ખોલવા માટે કરાર કર્યા છે. પોતાના રીટેઈલ સ્ટોર્સની સંખ્યા પણ વધારી રહી છે. આ સ્ટોકમાં જાણકારોએ છેલ્લાં ૬ મહિનામાં મોટા પાયે હોલ્ડિંગ વધાર્યું છે ને હવે સ્ટોક બાવન સપ્તાહના હાઈ ઉપર પહોંચ્યો છે. સ્ટોકમાં આવનાર ૬ મહિનામાં રૂ. ૪૦૦ ઉપરનાં આંક જોવા મળી શકે છે. વર્તમાન ભાવે કંપનીની માર્કેટ કેપ રૂ. ૮૭૬૦ કરોડ છે.

***Amar Raja Batteries (રૂ. ૮૬૨.૦૦) (કોડ : ૫૦૦૦૦૮)*** :- ઓટો પાર્ટસ એન્ડ ઈક્વિપમેન્ટ ક્ષેત્રે કાર્યરત A ગ્રુપની આ કંપનીના શેરની ફેઈસવેલ્યુ રૂ. ૧ છે. શેરનો ભાવ વધીને રૂ. ૧૧૩૨ અને ઘટીને રૂ. ૭૭૮ જોવાયો હતો. અમર રાજા બેટરી ઓટોમોટીવ ક્ષેત્રે અને ટેલિકોમ બેટરીઝનું માર્કેટના સ્થિર આઉટલુક અને સ્થિર કિંમતોને કારણે બેટરી બનાવાના રો-મટીરીયલ્સની નીચી કિંમતોને કારણે ઉત્પાદનની નીચી પડતર આવે છે. કંપનીની આવકનો મોટો હિસ્સો ઓટોમોટીવ બેટરીઝમાંથી આવે છે અને તે હિસ્સો ૫૫ ટકા જેટલો છે. કંપનીના ગ્રાહકોમાં મારૂતિ સુઝુકી, હ્યુન્ડાઈ, તાતા મોટર્સ, રોયલ એનફિલ્ડ વિગેરે છે. છેલ્લાં બે ત્રણ વર્ષથી ઓટો ક્ષેત્રે સ્લોડાઉન રહ્યા બાદ ૨૦૧૫-૨૦૧૬ માં કારોના વેચાણમાં ૧૧ ટકાનો વધારો થયો હતો જ્યારે હેવી ટ્રકોના વેચાણમાં ૩૧ ટકાની વૃધ્ધિ થઈ હતી. કંપનીના ઓટો ઉત્પાદકોને ડાયરેક્ટ વેચાણમાં ૧૭ ટકાનો (વાર્ષિક) વૃધ્ધિ નોંધાઈ છે અને ૨૩ ટકાનો વધારો રિપ્લેસમેન્ટ બેટરીના વેચાણ થકી થયો હતો. કંપનીના રિપ્લેસમેન્ટ સેગમેન્ટમાં માર્ચ ૨૦૧૫ ના અંતે ૭.૮ ટકા વધુ જોવાયો હતો. ટેલીકોમ બેટરીની માંગ અંગે કંપની ખૂબજ આશાવાદી છે. કંપનીની અડધી આવક ઈન્ડસ્ટ્રીયલ બેટરીઝના ડિવિઝન થકી થાય છે. નાણાંકીય વર્ષ ૨૦૧૪-૧૫ ના વર્ષાંતે કંપનીએ રૂ. ૪૨૩૦.૦૭ કરોડના ટર્નઓવર ઉપર રૂ. ૪૧૦.૮૬ કરોડનો નેટ પ્રોફિટ અને રૂ. ૨૪.૦૫ નો ઈપીએસ નોંધાવ્યો હતો. જુન ૨૦૧૫ ના ક્વાર્ટરમાં ૧૧૪૪.૯૭ કરોડની આવક ઉપર રૂ. ૧૨૨.૦૯ કરોડનો નેટ પ્રોફિટ અને ૭.૧૫ નો EPS નોંધાવ્યો છે. સપ્ટેમ્બર ૨૦૧૫ ના ક્વાર્ટરમાં રૂ. ૧૧૫૮.૨૯ કરોડનું ચોખ્ખુ વેચાણ ગત વર્ષની તુલનામાં ૯.૨ ટકાની વૃધ્ધિ સાથે કંપનીએ ૧૨૨.૬૦ કરોડનો નેટ પ્રોફિટ નોંધાવ્યો છે અને EPS રૂ. ૭.૧૮ જોવાયો હતો. ચીનની નબળી માંગનો લાભ મળશે. પરિણામે ઊંચુ માર્જીન ચાલુ રહેશે. ૨૦૧૫ ની ટોચથી અત્યાર સુધીમાં ૨૫ ટકા કરેક્શન જોવાયેલ છે. આ સ્ટોકમાં મધ્યમથી લાંબાગાળે ભાવવૃધ્ધિની સંભાવના છે.

***Disclosures*** as per SECURITIES AND EXCCHANGE BOARD OF INDIA (Research Analysts) Regulation, 2014; • I and / or my clients may have investment in this stocks • I/My family have no financial interest or beneficial interest of more than 1% in the company whose stocks I am recommending • Stop loss is useful for Short / Medium Term investor Only • Smart Investment will not be responsible / liable for any loss arising out of investment based on tis advices • Past performance may or may not be substainedin future ***" (Dilip K. Shah) Research Analyst : SEBI Regn No. : INH000002152***

## ન્યુઝ ટ્રેક

### MRSSને ટાઈમ્સ ગ્રુપનો કોન્ટ્રાક્ટ મળ્યો

MRSS India Ltd. (જે ભારતની સૌ પ્રથમ લિસ્ટેડ માર્કેટ રિસર્ચ કંપની છે) એ તાજેતરમાં જાહેરાત કરતાં જણાવ્યું હતું કે, ટાઈમ્સ ગ્રુપે જે ભારતની સૌથી મોટી મીડિયા કંપની છે તેને MRSS ઈન્ડિયાને ત્રણ પ્રોજેક્ટ માટે રિસર્ચ પાર્ટનર તરીકે પસંદ કર્યા છે જેમાં ટાઈમ્સ આર્કિટેક્ટ, સ્ટડી, ટાઈમ્સ ટેક સ્ટડી અને ટાઈમ્સ બેસ્ટ બ્રાન્ડસનો સમાવેશ થાય છે. આ ત્રણે પ્રોજેક્ટ કન્ઝયુમર / ઈન્ફ્યુન્ર્સ રેન્કીંગ બેઝડ વિવિધ સેકટર્સની ટોચની બ્રાન્ડસ / કંપનીઓની ઓળખ અપાવતા અભ્યાસમાં મહત્વનું યોગદાન ધરાવે છે.

આ ડેવલપમેન્ટના સંદર્ભમાં MRSS ઈન્ડિયા લી. ના ચેરમેન રાજ શર્માએ જણાવ્યું હતું કે, આ પ્રોજેક્ટને કારણે કંપનીને ભારતના અગ્રણી પબ્લિકેશન્સના ત્રણ પ્રોજેક્ટસ પર કામ કરવાની તક પ્રાપ્ત થશે. આ કરારથી ટાઈમ્સ ગ્રુપ જેવા અન્ય ગ્રાહકો માટે પણ અમારા માર્કેટ રિસર્ચની ક્વોલિટી અને અમારા સતત કમિટમેન્ટનું પ્રતિબિંબ પુરૂં પાડે છે. કંપનીના મેનેજિંગ ડાયરેકટર સારંગ પંચાલે જણાવ્યું હતું કે, અમારા માર્કેટ રિસર્ચ તેમજ ઈનોવેટિવ ટેકનોલોજિસનો વિશાળ અનુભવનો લાભ ટાઈમ્સ જેવા પાર્ટનરને પુરો પાડવા ખુબજ આનંદ અનુભવીએ છીએ.

## સ્માર્ટ ટીપ્સ

(પાના નં ૧૬ નું ચાલુ)

***First Source (રૂ. ૪૩.૦૦) (કોડ : ૫૩૨૮૦૯)*** :- A ગ્રુપની આ કંપની BPO/KPO ક્ષેત્રે કાર્યરત છે. શેરની ફેઈસવેલ્યુ રૂ. ૧૦ છે. શેરનો ભાવ બાવન સપ્તાહ દરમ્યાન વધીને રૂ. ૪૫ અને ઘટીને ૨૫ જોવાયો છે. નાણાંકીય વર્ષ ૨૦૧૫માં કંપનીએ તેના કલાયન્ટ સાથેના કેટલાક પ્રોબ્લેમ તેમજ ડેબ્ટને કારણે કંપનીની કામગીરી ઉપર અસર પડી હતી. આ શેરમાં ડિસેમ્બર ૨૦૧૪ થી ઓક્ટોબર ૨૦૧૫ ના ગાળામાં સારૂં એવું ધોવાણ થયું હતું. કંપનીએ તેનો કલાયન્ટ પોર્ટફોલિયો રીસ્ટ્રકચર્સ કરતાં કંપનીની કામગીરીમાં સુધારા થયો હતો. ત્રણ મહિનામાં ભાવમાં ૬૩ ટકાનો ઉછાળો જોવાયો હતો. કંપનીનું મેનેજમેન્ટ શોર્ટ ટર્મમાં સ્ટ્રેટેજીક એક્વીઝીશન કરવા સજ્જ બની છે અને ચાલુ નાણાંકીય વર્ષના બીજા અર્ધવાર્ષિક ગાળામાં કંપનીની કામગીરીમાં સારો એવો સુધારો જોવાયો હતો. જે સમગ્ર ભારત ઉપરાંત ફિલીપાઈન્સ, શ્રીલંકા, UK અને USA ખાતે ડીલીવરી સેન્ટર્સનો નેટવર્ક ધરાવે છે. કંપની હાલમાં બેન્કિંગ - ફાયનાન્સિયલ સર્વિસ ઈન્સ્ટીટ્યુશન, હેલ્થકેર, ટેલીકોમ અને મીડિયા વર્ટીકલ્સ સેગમેન્ટમાં સર્વિસ પ્રોવાઈડ કરે છે. આ કંપની હાલમાં તેના વિશ્વભરમાં ૪૬ સેન્ટર્સ દ્વારા ૧૦૦ ગ્લોબલ કલાયન્ટો તે લગભગ ૨૩૦૦૦ એમ્પ્લોઈઝ દ્વારા સર્વિસ પ્રોવાઈડ કરે છે. છેલ્લાં પાંચ વર્ષ ૨૦૧૧ થી ૨૦૧૫ દરમ્યાન આવક રૂ. ૭૦૩ કરોડથી વધીને ૧૪૦૯ કરોડ અને નેટ પ્રોફિટ ૨.૫ ગણો ઉછળીને ૬૬ કરોડથી વધીને ૧૬૪ કરોડ જોવાયો હતો. કંપનીએ સપ્ટેમ્બર ૨૦૧૫ ના ક્વાર્ટરમાં ૨.૪ ટકાના વૃધ્ધિ સાથે રૂ. ૭૯૩ કરોડની આવક નોંધાઈ હતી. સતત છેલ્લાં ક્વાર્ટરની ખૂબજ સારી કામગીરી નોંધાવી છે અને ૩.૭ ટકાની વૃધ્ધિ સાથે ઈબીઆઈટીડીએ ૯૮.૪ કરોડ નોંધાયેલ છે જ્યારે નેટ પ્રોફિટ સમાન ક્વાર્ટરની તુલનામાં ૧૦ ટકા વધીને ૬૧ કરોડ જોવાયો છે. સપ્ટેમ્બર ૨૦૧૫ ના ક્વાર્ટરમાં કંપનીએ ૩૭ મીલીયન ડોલરનો ઓડર્સ પ્રાપ્ત કર્યો છે ઉપરાંત ૫૦૦ મીલીયન ડોલર્સના ડીલ પાઈપલાઈનમાં છે. કંપનીએ યુ.કે. તેમજ BFSI કલાયન્ટ સાથે મોટા ડીલ સાઈન કર્યા છે. કંપની ચાલુ નાણાંકીય વર્ષના બીજા અર્ધવાર્ષિક ગાળામાં ૮ મીલીયન ડોલરની ડીલ થવાની અપેક્ષા રાખે છે જેના કારણે આવકમાં ભારે વૃધ્ધિ થતી જોવાશે. આ સેકટરની હરીફ કંપનીઓ ૨૪ ના પીઈથી ટ્રેડ થઈ રહી છે ત્યારે ૧૬.૮ ના પીઈ મલ્ટીપલમાં ટ્રેડ થતો આ સ્ટોક ઘટાડે વધુ આકર્ષક બની રહેશે.

***Gabrial (રૂ. ૯૦.૦૦) (કોડ : ૫૦૫૭૧૪)*** :- ઓટો પાર્ટસ ઈક્વિપમેન્ટનું ઉત્પાદન કરતી B ગ્રુપની આ કંપનીના શેરની ફેઈસવેલ્યુ રૂ. ૧ છે. શેરનો ભાવ બાવન સપ્તાહ દરમ્યાન વધીને ૧૦૬ અને ઘટીને રૂ. ૭૨ જોવાયો છે. ગેબ્રીયલ (ઈ) તે ઈન્ડિયન ઓટો કોમ્પોનન્ટ ઈન્ડ. માં મહત્વનું સ્થાન ધરાવે છે. આનંદ ગ્રુપની ફલેગશીપ કંપની છે. ૧૯૬૧માં સ્થપાયેલ આ કંપની રાઈડ કન્ટ્રોલ પ્રોડકટસમાં ભારતમાં પાયોનિયર ગણાય છે. કંપનીની રાઈડ કન્ટ્રોલ પ્રોડકટસની વિસ્તૃત રેન્જમાં શોક એબ્સોર્સ STRUTS અને Forks નો સમાવેશ થાય છે. પોર્ટફોલિયોમાં ૩૦૦ પ્રોડકટસનો સમાવેશ થાય છે. કંપની હાલમાં પુને, નાસીક, HOSER દેવાસ, ગુડગાંવ, PARWANOO ખાતે ઉત્પાદન યુનિટ ધરાવે છે. જાપાનની KYB Corpo. સાથે ટેકનીકલ સહયોગ ધરાવે છે. જે શોક્સ અને સ્ટર્સને OEMsને (ગ્લોબલ) સપ્લાય કરવામાં માર્કેટ લીડર ગણાય છે. આ કંપની એકંદરે ૩૨ ઉત્પાદન યુનિટો ધરાવે છે. જેમાં ૧૫ પ્લાન્ટ એશિયામાં, યુએસએ અને યુરોપમાં આવેલા છે. આ કંપની ટુ વ્હીલર્સ અને પેસેન્જર વ્હીકલ્સ સેગમેન્ટમાં ૨૫ ટકા માર્કેટ શેર ધરાવે છે. જ્યારે કોમર્શિયલ વ્હીકલ્સમાં ૭૫ ટકા માર્કેટ શેર ધરાવે છે. ટુ વ્હીલર્સ સેગમેન્ટમાં વધતી જતી માંગને કારણે કંપનીને વધુ લાભ મળતો જોવાય. ૩૧ માર્ચ ૨૦૧૫ ના અંતે કંપનીએ ૧૨ ટકાની વૃદ્ધિ સાથે ૧૪૪૪ કરોડનું નેટ વેચાણ અને ૩૦ ટકાના ઉછાળા સાથે ૬૧ કરોડનો નેટ પ્રોફિટ નોંધાવ્યો હતો ઈપીએસ રૂ. ૪.૨ જોવાયો હતો. સપ્ટેમ્બર ૨૦૧૫ ના ક્વાર્ટરમાં કંપનીએ ૩૭૫ કરોડની આવક ઉપર રૂ. ૧૯.૨૯ કરોડ નેટ નફો અને ૧.૩૪ ની ઈપીએસ હાંસલ કરી હતી. ઈક્વિટી ૧૪.૩૭ કરોડ, નેટવર્થ ૩૨૬ કરોડ, કુલ ડેબ્ટ ૫.૮૪ કરોડ, માર્કેટ કેપ ૧૩૦૨ કરોડ, બુકવેલ્યુ રૂ. ૨૩ છે. ચાલુ વર્ષના અંતે કંપની રૂ. ૫ નો ઈપીએસ નોંધાવે તેવી સંભાવનાએ ૧૬.૪ ના પીઈથી ટ્રેડ થતો આ સ્ટોક શોર્ટ ટર્મમાં ૧૦૦ ની સપાટી કુદાવી આગામી ૪ થી ૬ મહિનામાં નવી ટોચ બનાવતો જોવાય.

***Geometric (રૂ. ૧૮૬.૦૦) (કોડ : ૫૩૨૩૧૨)*** :- આઈ.ટી. કન્સલ્ટીંગ - સોફ્ટવેર ક્ષેત્રે કાર્યરત B ગ્રુપની આ કંપનીના શેરની ફેઈસવેલ્યુ રૂ. ૨ છે. શેરનો ભાવ બાવન સપ્તાહ દરમ્યાન વધીને રૂ. ૨૦૭ અને ઘટીને રૂ. ૧૦૧ જોવાયો છે. આ કંપની હાલમાં યુ.એસ, ફ્રાન્સ, જર્મની-રોમાનિયા ઈન્ડિયા અને ચાઈના સહિત ૧૩ ગ્લોબલ ડિલીવરી લોકેશન ઉપર ૪૮૦૦ એમ્પ્લોઈઝ ધરાવે છે. આ કંપની એન્જીનીયરીંગ સોલ્યુશન સર્વિસીસ અને ટેકનોલોજીમાં સ્પેશ્યાલીટી ધરાવે છે. કંપનીના પોર્ટફોલિયોમાં ગ્લોબલ એન્જી. સર્વિસ પ્રોડકટ લાઈફ સાયકલ મેનેજમેન્ટ (પીએલએમ) સોલ્યુશન્સ, Embedded Systems Solution અને ડીજીટલ ટેકનોલોજી સોલ્યુશન્સ વિગેરેનો સમાવેશ થાય છે. ૩૧ માર્ચ ૨૦૧૫ ના અંતે કોન્સોલીડેટ બેઝ ઉપર કંપનીએ ૧૧.૦૫ બિલીયન (૧૮૦.૬૧ મીલીયન યુ.એસ. ડોલર) ની આવક નોંધાવી હતી. સપ્ટેમ્બર ૨૦૧૫ ના ક્વાર્ટરમાં કોન્સોલીડેટ બેઝ ઉપર કંપનીએ ૩૦૬.૭૨ કરોડના નેટ વેચાણ ઉપર ૨૯ કરોડનો નેટ નફો નોંધાવ્યો છે. ઉલ્લેખનીય છે કે, છેલ્લાં ત્રણ ક્વાર્ટરની નેટ નફામાં સતત વૃધ્ધિ જોવાઈ રહી છે. પ્રમોટર્સ હોલ્ડિંગ ૩૮.૦૩ ટકા, એફઆઈઆઈ ૩.૦૧ ટકા, ડીઆઈઆઈ ૦.૩૩ ટકા તેમજ અન્ય પબ્લિક ૫૮.૫૬ ટકા છે. ઈક્વિટી રૂ. ૧૨.૮૯ કરોડ, નેટવર્થ ૪૦૮ કરોડ, કુલ ડેબ્ટ ૫૮.૩૪ કરોડ, માર્કેટ કેપ ૧૨૦૭ કરોડ, બુકવેલ્યુ રૂ. ૫૯ છે. ગત વર્ષે કંપનીએ ૧૨૫ ટકા ડિવિડંડ જાહેર કર્યું હતું. ચાલુ વર્ષની અંદાજીત ઈપીએસના ૧૭.૪ ના પીઈ મલ્ટીપલમાં ટ્રેડ થતાં આ સ્ટોક ટુંકાથી મધ્યમગાળે રૂ. ૨૦૦ ની સપાટી કુદાવી બાવન સપ્તાહની નવી સપાટી કુદાવતો જોવાય.

***The Byke Hospitalities (રૂ. ૧૫૦.૦૦) (કોડ : ૫૩૧૩૭૩)*** :- હોટલ ક્ષેત્રે કાર્યરત B ગ્રુપની આ કંપનીના શેરની ફેઈસવેલ્યુ રૂ. ૧૦ છે. શેરનો ભાવ વધીને રૂ. ૧૮૦ અને ઘટીને રૂ. ૧૪૭ છેલ્લાં બાવન સપ્તાહ દરમ્યાન જોવાયેલ હતો. હાલમાં લગભગ ૫૦ જેટલાં શહેરોમાં હોસ્પિટાલીટી સર્વિસ પ્રોવાઈડ કરતી આ કંપની બે સેગમેન્ટમાં સક્રિય છે. જેમાં Owned & Lesed (ONL) તેમજ રૂમ ચાર્ટરી (RC) નો સમાવેશ થાય છે. કંપની હાલમાં ૮ પ્રોપર્ટીસમાં ઓએનએલ બિઝનેસ મોડલ ધરાવે છે. આ ઉપરાંત કંપની માથેરાનમાં લાઈક હેરીટેજ અને ગોવામાં લાઈક સનક્વાર્ટર નામની પ્રોપર્ટી ધરાવે છે. ૨૦૧૫ માં જયપુર ખાતે બાયકે ગ્રાસ ફિલ્ડ નામની પ્રોપર્ટીનો ઉમેરો કર્યો છે. છેલ્લાં કેટલાક સમયથી વધતી જતી ઓક્યુપન્સીનો કંપનીને લાભ મળી રહ્યો છે. ૩૧ માર્ચ ૨૦૧૫ ના અંતે કંપનીએ ૧૮૨ કરોડના વેચાણ ઉપર ૨૦ કરોડનો નેટ પ્રોફિટ અને રૂ. ૫ નો ઈપીએસ નોંધાવ્યો હતો. કંપનીએ ૧૦ ટકા ડિવિડંડ જાહેર કર્યું હતું. બુકવેલ્યુ રૂ. ૨૫ અને નેટવર્થ ૨૧.૬૭ ટકા જોવાયો હતો. સપ્ટેમ્બર ૨૦૧૫ ના પુરા થતા અર્ધવાર્ષિક ગાળામાં ૩૯ ટકા વધીને ૯૪ કરોડ થયો હતો. નેટ પ્રોફિટ ૫૬ ટકાના ઉછાળા સાથે ૯.૫૫ કરોડ જોવાયો હતો. ચાલુ નાણાંકીય વર્ષના અંતે કંપનીએ રૂ. ૭ નો EPS હાંસલ કરે તેવી સંભાવનાએ ૨૨ ના પીઈથી ટ્રેડ થતો આ સ્ટોક ટુંકાથી મધ્યમગાળે બાવન સપ્તાહની સપાટી કુદાવી આગેકુચ કરતો જોવાય.

**** Disclosure*** :- The author has not brought / sold any stock advised in this news paper during last one month • All stocks rates / indices on 24th December 2015 unless specified o Stoploos is useful for Short - Medium term investors only

**** Disclaimer :-*** • Smart Investment will not be responsible / for any loss arising out of investment based on its recommendation. • Though, every care has been taken, we will not responsible for any errors / omissions o All disputes are subject to Ahmedabad jurisdictioner

SMART INVESTMENT
English & Gujarati
Edition Every Sunday

સંવર્ધક તંત્રી
સ્વ.કાન્તિલાલ મ. શાહ
તંત્રી : દિલીપ કે. શાહ

The material contain here in is based on Fundamental & Technical analysis & other Scientific methods, but errors can not be ruled out. The informatiom given above is of advisory nature. The Editor and Publisher does not take any consequences arisigng out of it. All rights reserved. Reproducing in whole or in part of any matter including features without permission is prohibited

ARCHI PUBLICATIONS
(A divn. of AFCL)
311 to 313, Nalanda Enclave,
Opp. Sudama Resorts,
Pritamnagar 1st Dhal, Ellisbridge,
Ahd. - 06
Ring : : 26576639/Fax : 26579996
: E-mail :
smartinvest25@gmail.com
smartinvest25@yahoo.in
web : smartinvestment.in

## માર્કેટ ટીપ્સમાં ફરતાં શેરો

Dilip K. Shah

**Cox & Kings (Rs. 241.00) (Code : 533144) (F. V. 5) :-** કોક્સ એન્ડ કિંગ્સ ગ્રુપે તાજેતરમાં તેની સબસિડરી હોલિડેબ્રેક મારફતે એક્સપ્લોર વર્લ્ડવાઈડમાં ૧૦૦ ટકા હિસ્સો ખરીદી લીધો છે. આ ડીલ રૂ.૨૫૮ કરોડમાં થયું છે. એક્સપ્લોર વર્લ્ડ વાઈડ મુખ્યત્વે એક્સપ્લોર બ્રાન્ડ મજબૂત કરશે, રિગલડ્રાઈવ એડવેન્ચર ફર્મને આગળ ધપાવશે. તેના દ્વારા ૨૦૧૪-૧૫માં ૧.૧૨ કરોડ પાઉન્ડ ઊભા કરવામાં આવ્યા છે. તેનું એબિટા ૨૩ કરોડ રૂપિયા રહ્યું હતું. કોક્સ એન્ડ કિંગ્સ ડિસઈન્વેસ્ટમેન્ટ અને એક્વિઝિશન દ્વારા સતત તેના બિઝનેસનું રિસ્ટ્રક્ચરિંગ કરતી રહી છે. તેણે અગાઉ જૂનમાં કેમ્પિંગ ડિવિઝન હોમએર વેકેન્સીસ ગ્રુપપને વેચી દીધું હતું. તેના દ્વારા રૂ.૮૯૨ કરોડ એકત્ર કર્યા હતા. કંપની ૨૬થી વધુ દેશોમાં તેનો બિઝનેસ ધરાવે છે. આ ટ્રાવેલ સેક્ટરનો શેર છેલ્લાં ત્રણ મહિનામાં રૂ.૨૦૫થી વધીને નવેમ્બરની શરૂઆતમાં રૂ.૨૭૧ થઈગયો હતો.ત્યારબાદ તેમાં કરેક્શન આવ્યું છે અને હાલમાં રૂ.૨૪૦ આસપાસના ભાવે ખાસ્સો કોન્સોલિડેટ થયો છે. હવે તેમાં આગેકૂચ જોવા મળશે.

**Strides Arcolab (Rs. 1290.00) (Code : 532531) (F. V. : 10.00) :-** સ્ટ્રાઈડ્સ આર્કોલેબનો નેટપ્રોફિટ સપ્ટેમ્બરના ક્વાર્ટરમાં વધીને રૂ.૧૯ કરોડ થઈ ગયો હતો. ગયા વર્ષે આ ગાળામાં કંપનીએ રૂ.૪૩ કરોડની નોંધપાત્ર ખોટ કરી હતી. બેંગલોર સ્થિત આ ફાર્મા કંપનીની કોન્સોલિડેટેડ આવક વધીને રૂ.૩૭૦ કરોડ થઈ ગઈ હતી જે ગત વર્ષે આ ગાળામાં રૂ.૨૮૭ કરોડ હતી. આમ આવકમાં ૨૯ ટકાની નોંધપાત્ર વૃદ્ધિ થઈ હતી.કંપનીએ ઓસ્ટ્રેલિયામાં ટેકઓવર કરેલી એરો ફાર્માસ્યુટિકલ્સને ઝડપથી ઈન્ટિગ્રેટ કરી દીધી તેનો તેને ફાયદો થયો છે. અમેરિકા અને ઈન્સ્ટિટ્યૂશનલ બિઝનેસ ૪૭ ટકા વધ્યો હતો. ભારતજેવા ઈમર્જિંગ માર્કેટમાં તેની આવક ઘટી હતી, જેમાંથી તે ૩૦ટકા જેવી આવક મેળવે છે. કંપની રૂ.૧૫૦૦ કરોડનું ફંડ એકત્ર કરવા વિચારી રહી છે, જે માટે શેરધારકોની મંજૂરી મેળવશે. કંપનીએ જહોન્સન એન્ડ જહોન્સનની કેટલીક બ્રાન્ડ્સ ખરીદી લીધી છે. આ ઉપરાંત શ્રીરામ ગ્રુપની ફાર્મા કંપની મેડિસ્પાન લિમિટેડને ટેકઓવર કરી લીધી છે. તેનાથી તેને ચાલું વર્ષે જ રૂ.૩૨ કરોડની આવક થશે. તેમાં રોકાણ કરો.

**Pidilite Industries (Rs. 553.00) (Code : 500331) (F.V. : 1.00)** :- પિડિલાઈટ ઈન્ડસ્ટ્રીઝનો સપ્ટેમ્બરના ક્વાર્ટરનો નેટ પ્રોફિટ ૪૧ ટકા ઉછળીને રૂ.૧૯૨ કરોડ થઈ ગયો હતો. તેની આવક પાંચ ટકા વધીને રૂ.૧૩૩૨ કરોડ થઈ ગઈ હતી. એબિટા ૪૬ ટકા વધીને રૂ.૩૦૧ કરોડ થયું હતું. કંપનીએ એપ્રિલ-૨૦૧૫માં વોટરપ્રુફિંગ કંપની નીના કોન્ક્રીટ સિસ્ટમ્સને ટેકઓવર કરી હતી, જેની કામગીરીનો પણ આ પરિણામમાં સમાવેશ કરાયો છે. કંપનીએ આ ક્વાર્ટરમાં શ્રીલંકામાં સબસિડરી શરૂ કરી છે, જે એડિસિવ્સ સહિતનું ઉત્પાદન કરશે. સપ્ટેમ્બરના અંતે પૂરા થયેલા છ મહિનાના ગાળામાં કંપનીનું નેટ વેચાણ ૭ ટકા વધીને રૂ.૨૭૭૫ કરોડ થયું હતું, જ્યારે નેટ પ્રોફિટ ૩૭ ટકા વધીને રૂ. ૪૧૯ કરોડ થઈ ગયો હતો. પિડિલાઈટ ઈન્ડસ્ટ્રીઝ એડિસિવ્સ અને સીલન્ટ્સ બનાવતી જાયન્ટ કંપની છે. તે આ ઉપરાંત કન્સ્ટ્રક્શન અને પેઈન્ટ કેમિકલ્સ, ઓટોમોટિવ કેમિકલ્સ, આર્ટ મટીરિયલ, ઈન્ડસ્ટ્રીયલ એડિવિસ્વ, ટેક્સટાઈલ રેસિન્સ અને ઓર્ગેનિક પિગમેન્ટ્સનું ઉત્પાદન પણ કરે છે. તેની ઈક્વિટી કેપિટલ માત્ર રૂ.૫૧ કરોડની છેતે જોતા તે બોનસ કેન્ડિડેટ બની શકે છે. FIIનું જૂનના ક્વાર્ટરમાં તેમાં ૫.૭૯ ટકા હોલ્ડિંગ હતું, જે ઉછળીને ૧૪.૪૮ ટકા થઈગયું છે. મોટાભાગનું આ હોલ્ડિંગ તેમણે મ્યુચ્યુઅલ ફંડ્સ પાસેથી ખરીદ્યું છે. આ શેર ખાસ્સો કોન્સોલિડેટ થયો છે. હવે તેમાં ઝડપી સુધારો આવશે. રોકાણ કરો.

**Mayur Uniquoters (Rs. 471.00) (Code : 522249) (F. V. : 5) :-** મયૂર યુનિક્વોટર્સ આર્ટિફિશિયલ લેધર બનાવતી સૌથી મોટી કંપની છે. તેનો ઉપયોગ ફૂટવીયર ઈન્ડસ્ટ્રીમાં અને તે સિવાય ઓટોમોટિવ સહિતના બીજા અનેક ક્ષેત્રોમાં થાય છે. કંપનીએ હવે નિકાસ પર પણ ફોકસ કર્યું છે, જેનો તેને ફાયદો મળી રહ્યો છે. કંપની યુએસમાં રિપ્લેસમેન્ટ માર્કેટમાં પણ જંપલાવી રહી છે. સ્થાનિક બજારમાં તે ફર્નિશિંગ સેગમેન્ટમાં પણ સક્રિય બની છે. GST નો અમલ થશે તો મયૂર યુનિક્વોટર્સને તેનો મોટો ફાયદો થશે. સ્થાનિક ફૂટવીયર બિઝનેસમાંથી જ કંપની ૪૪ ટકા આવક મેળવી લે છે. કંપની આગામી બે વર્ષ વાર્ષિક ૧૮ ટકા આસપાસના દરે વૃદ્ધિ કરશે તેવો અંદાજ છે. આ શેર વર્તમાન ભાવે ખરીદો.

**P. I. Industries (Rs. 629.00) (Code : 523642) (F. V. : 1.00) :-** પીઆઈ ઈન્ડસ્ટ્રીઝ એગ્રોકેમિકલ કંપની છે. તે મુખ્યત્વે કૃષિ પ્રોડક્ટ્સ અને કસ્ટમ સિન્થેસીસ પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. તેના મારફતે કંપની ૬૦ ટકા આવક મેળવે છે. તેનો રિસર્ચ બેઝ મજબૂત છે અને મેન્યુફેકક્ચરિંગ પ્રેક્ટિસ તેને આદર્શ આઉટસોર્સિંગ પાર્ટનર બનાવે છે. બેયર ક્રોપ સાયન્સ સહિતની મલ્ટિનેશનલ કંપનીઓ માટે તે આઉટસોર્સિંગનું કામ કરે છે. કંપનીની કસ્ટમ સિન્થેસીસની નિકાસ સારી એવી વધી છે. ગયા વર્ષ કરતાં આ વખતે બિઝનેસ વધ્યો છે. સારા ચોમાસાને પગલે કંપનીની પ્રોડક્ટ્સની માંગ વધશે. પીઆઈ ઈન્ડસ્ટ્રીઝને થોડાં સમય પહેલાં એક જંતુનાશક માટે મંજૂરી મળી છે, અને ત્રીજા ક્વાર્ટરમાં તે લોન્ચ પણ કરી દીધી છે. આ શેર ડિસેમ્બરની શરૂઆતમાં રૂ.૬૦૦ની નીચે સરકી ગયા બાદ તેમાં આગેકૂચ શરૂ થઈ ગઈ છે. ખરીદી કરો.

***Disclosures*** as per SECURITIES AND EXCHANGE BOARD OF INDIA (Research Analysts) Regulation, 2014; • I and / or my clients may have investment in this stocks • I/My family have no financial interest or beneficial interest of more than 1% in the company whose stocks I am recommending • Stop loss is useful for Short / Medium Term investor Only • Smart Investment will not be responsible / liable for any loss arising out of investment based on tis advices • Past performance may or may not be substainedin future
*(Dilip K. Shah) Research Analyst : SEBI Regn No. : INH000002152*

## ધ્યાનમાં રાખવા જેવા શેરો...

**Mahindra & Mahindra (Rs. 1257.00) (Code : 500520) (F. V. : 5.00) :-** દિલ્હીમાં ડીઝલ એન્જિન ધરાવતી કાર પરપ્રતિબંધ પછીથી મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા તેના વર્તમાન વાહનોના પેટ્રોલ એન્જિન તૈયાર કરવા યોજના ઘડી રહી છે. અન્ય ઘટનાક્રમમાં કંપની ઈમ્પીરિયો બ્રાન્ડ સાથે આવતા મહિનાથી પ્રીમિયમ પિક-અપ રેન્જ લોન્ચ કરી રહી છે અને લાઈટ કોમર્શિયલ વ્હીકલ સેગમેન્ટમાં તેનું સ્થાન મજબૂત કરી રહી છે. મહિન્દ્રા આ સેગમેન્ટમાં ૫૩ ટકા હિસ્સો ધરાવે છે. આ ઉપરાંત કંપની ૧૫ જાન્યુઆરીએ કેયુવી૧૦૦ હેચબેક એસયુવી લોન્ચ કરી રહી છે, જે કંપની માટે મહત્વની બની રહેશે. મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાએ નવેમ્બરમાં એકંદરે વેચાણના સારા આંકડા આપ્યા. તેનું ઓટોમોટિવ વેચાણ ૨૧ ટકા વધ્યું હતું, જ્યારે ટ્રેક્ટરનું વેચાણ ૪૨ ટકા જેવું નોંધપાત્ર વધી ગયું હતું. જોકે ગયા વર્ષના નીચા બેઝ રેટને કારણે પણ આ વૃદ્ધિ જોવા મળી હતી. ટ્રેક્ટરનું વેચાણ ૧૩ મહિના પછી વધ્યું તે વધારે મહત્ત્વનું છે. યુટિલિટી વ્હીકલ્સ સેગમેન્ટમાં પણ ૩૭ ટકા જેવી નોંધપાત્ર વૃદ્ધિ જોવા મળી હતી. ગ્રામીણ વિસ્તારોમાં ઈક્વિપમેન્ટની માંગ વધશે, જેને કારણે આ સેગમેન્ટમાં કંપનીને વૃદ્ધિનો અંદાજ છે. આ સેગમેન્ટમાંથી કંપની ૩૦ ટકા આવક મેળવે છે. આ શેરમાં તબક્કાવાર રોકાણ કરો.

**NBCC (Rs. 990.00) (Code : 534309) (F. V. : 10.00) :-** એનબીસીસીને ગયા સપ્તાહે એર ઈન્ડિયાની કોઈમ્બતૂર સ્થિત ૦.૯૯ એકર જમીનનું વેચાણ કરવા માટે મંજૂરી મળી ગઈ છે. આ પ્લોટ એર ઈન્ડિયાનો છે જે હવે એનબીસીસીને વેચવામાં આવશે. એનબીસીસી ૧૯.૮૧ કરોડમાં આ પ્લોટ લહીને તેને ડેવલપ કરશે અને તેમાંથી તગડી કમાણી કરશે. કંપનીને તે અગાઉ નવી દિલ્હીમાં એઈમ્સ વેસ્ટર્ન કેમ્પસ અને આયુર્વિજ્ઞાન ભવનના રિડેવલપમેન્ટનો કોન્ટ્રેક્ટ મળ્યો હતો. રૂ.૫૮૨૮ કરોડનો એ કોન્ટ્રેક્ટ હતો. કંપનીને સતત નવા ઓર્ડર મળી રહ્યા છે. કંપનીએ ચાલુંવર્ષે તેની આવક અને નફામાં ૨૦-૨૫ ટકાની વૃદ્ધિનો અંદાજ આપ્યો છે. કંપનીની ઓર્ડર બુક જોતા આ ક્રમ આગામી ત્રણ વર્ષ સુધી જળવાઈ રહેશે. સ્માર્ટ સિટી માટે નક્કર યોજના બની ગઈ છે અને ઝડપથી કામ આગળ ધપશે. તેનો એનબીસીસીને સૌથી મોટો લાભ થશે. એબીસીસી સરકારી નવરત્ન છે, જે શહેરી વિકાસ અંતર્ગત આવે છે. સરકારનો જ તેમાં ૯૦ ટકા હિસ્સો છે. એનબીસીસીની ઈક્વિટી કેપિટલ માત્ર રૂ.૧૨૦ કરોડની છે અને રૂ.૧૩૩૮ કરોડની કેશ ધરાવે છે. તેની ફેસવેલ્યુ ૧૦રૂપિયાની છે. આ શેર ટ્રેડિંગ માટે ત્રણ આંકડામાં હોય ત્યારે ખરીદો, ચાર આંકડામાં મોટો ઉછાળો આવે ત્યારે વેચો. લાંબા ગાળા માટે રોકાણ જાળવી રાખશો તો ફાયદો થશે.

**CESC (Rs.522.00) (Code : 500084) (F. V. : 10) :-** સીઈએસસીના પ્રમોટર માલીક સંજીવ ગોયેન્કાએ આઈપીએલની પુણેની ટીમ ખરીદવાની જાહેરાત કરી ત્યારપછીથી આ શેરમાં કરેક્શન આવ્યું છે અને શેરનો ભાવ રૂ.૫૬૦ પ્લસથી ઘટીને રૂ.૫૧૦ આસપાસ આવી ગયો છે. જોકે ગોયેન્કાએ સ્પષ્ટતા કરી છે કે સીઈએસસીમાંથી એક રૂપિયો પણ આઈપીએલ ટીમ પાછળ ખર્ચાવાનો નથી. આ સ્પષ્ટતા પછી આ શેર ન ખરીદવા માટેનું કોઈ કારણ રહેતું નથી. કંપનીનું ફન્ડામેન્ટલ મજબૂત છે. થોડાં દિવસો પહેલાં કંપનીએ અમેરિકા સ્થિત સિલ્વર સ્પ્રિંગ કંપની સાથે કરાર કર્યા છે. ભારતમાં આ કંપનીનો બિઝનેસ વિસ્તારવા માટે સીઈએસએસી સાથે કરાર થયા છે. ભારતમાં સિલ્વર સ્પ્રિંગ્સ માટે આધુનિક ડિસ્ટ્રિબ્યુશન નેટવર્ક સ્થાપવામાં સીઈએસસી તેની મદદ કરશે. દક્ષિણ કોલકાતામાં સ્માર્ટ ગ્રીડ ડિસ્ટ્રિબ્યુશન મોડેલ સાથે બન્નેનો સંયુક્ત પાઈલટ પ્રોજેક્ટ શરૂ થશે. આ શેર વર્તમાન ભાવે ખરીદો. ઘટાડે વધુ ખરીદો.

**Atul Ltd. (RS. 1625.00) (Code : 500027) (F. V. : 10) :-** અતુલ એ ઈન્ટિગ્રેટેડ કેમિકલ કંપની છે, જે ૩૧ દેશોમાં ૫૭૦૦ જેટલા કસ્ટમર્સને તેની પ્રોડક્ટ્સ પૂરી પાડે છે. કંપનીએ અમેરિકાની વિશ્વપ્રસિદ્ધ મલ્ટિનેશનલ કંપની અમેરિકન સાઈનેમાઈડ કંપની(જે હવે બીએએસએફ જર્મની અને ફાઈઝરનો એક ભાગ છે) સાથે સંયુક્તસાહસ રચ્યું હતું અને ઈમ્પિરિયલ કેમિકલ ઈન્ડસ્ટ્રીઝ ૧૯૫૫માં સ્થાપી હતી. ત્યારબાદ સિબા-જાઈજી ૧૯૬૦માં સ્થાપી હતી. અતુલ ૫૦ વર્ષ પહેલાં પણ કેવું વિઝન ધરાવતી હતી તેનો આ બાબત પરથી અંદાજ આવી જાય છે. ટેક્સટાઈલ ઈન્ડસ્ટ્રી માટે ડાયસ્ટફ બનાવવાથી કંપનીએ શરૂઆત કરી હતી. આજે અતુલનો પ્રોડક્ટ પોર્ટફોલિયો ખૂબ જ વિશાળ થઈ ગયો છે. પ્રમોટરોનું તેમાં ૫૧ ટકા હોલ્ડિંગ છે. ઈન્સ્ટિટ્યૂશન્સનું ૨૦ ટકા હોલ્ડિંગ છે. આ શેરમાં કોન્સોલિડેશન પછી આગેકૂચ જોવાશે.

**Mayur Uniquoters (Rs. 471.00) (Code : 522249) (F. V. : 5.00) :-** મયુર યુનિક્વોટર્સ આર્ટિફિશિયલ લેધર બનાવતી અગ્રણી કંપની છે. આ કંપનીની સ્થાપના ૧૯૯૪માં થઈ હતી. કંપની ત્યારથી સતત ઝડપી વૃદ્ધિ કરી રહી છે. આર્ટિફિશિયલ લેધર-પીવીસી વિનાઈલનું ઉત્પાદનકરતી તે સૌથી મોટી કંપની છે. બે દાયકામાં કંપનીએ તેનું ઉત્પાદન દર મહિને ૨.૫ લાખ લીનિયર મીટરથી વધારીને ૩૦ લાખ લીનિયર મીટર કરી નાખ્યું છે. તેની પ્રોડક્ટ્સની સતત વધી રહેલી માંગને પહોંચી વળવા માટે કંપની ઉત્પાદન ક્ષમતા સતત વધારી રહી છે. કંપની તેની ૨૫ ટકા આવક નિકાસમાંથી મેળવી લે છે. ડોલર સામે રૂપિયો નબળો પડવાથી પણ કંપનીને સારો એવો ફાયદો મળીરહ્યો છે. કંપની અમેરિકામાં ઓરિજિનલ ઈક્વિપમેન્ટ મેન્યુફેક્ચરર્સને સીધું જ સપ્લાય કરે છે, જેને કારણે તેને ફાયદો થઈ રહ્યો છે. ક્રાઈસલર અને ફોર્ડ જેવી કંપની તેની ક્લાયન્ટ છે. આ ઉપરાંત ફૂટવીયર માર્કેટમાં પણ તેની પ્રોડક્ટ્સનો સારો એવો ઉપયોગ અને માંગ છે. તેમાંથી તે ૫૦ ટકા આવક મેળવે છે. મયુર યુનિક્વોટર્સની ઈક્વિટી કેપિટલ ખૂબ જ ઓછી છેતે જોતા તેમાં દરેક ઘટાડે ખરીદી કરો.

## સન ફાર્માને હાલોલના યુનિટ માટે USFDA ની ચેતવણીથી શેર ભાવમાં કડાકો છતાં CLSA, J. M. Financial, Morgan Stanley, Nomura અને Credit Suisse બુલિશ

ગુજરાતી કહેવત છે કે, 'કાગ ને બેસવું ને ડાળને પડવું' એટલે કે કાગડો બેઠોને ડાળી પડી ગઈ. એનો મતલબ એ નથી કે, કાગડાનું વજન વધારે હોવાથી ડાળ તૂટી ગઈ.

સન ફાર્માના કિસ્સામાં પણ આવું જ થયું છે. દેશની ટોચની ફાર્મા કંપની સન ફાર્મા કંપનીના ગુજરાતના હાલોલ ખાતે આવેલા ઉત્પાદન યુનિટમાં USFDA દ્વારા સપ્ટેમ્બર ૨૦૧૪માં કરાયેલા ઈન્સ્પેશન બાદ કંપનીને મેન્યુફેક્ચરીંગ નિયમોનું ઉલ્લંઘન વખતે વોર્નિંગ લેટર આપવામાં આવ્યો હતો. તેના પગલે કંપનીના શેરનો ભાવ ગત સોમવારે સાત ટકા ગગડ્યો. રોકાણકારો USFDA ના વોર્નિંગ લેટરના સમાચારથી ગભરાયા.

અત્રે સવાલ ઉપરની કહેવત જેવો જ છે. USFDA ના વોર્નિંગ લેટરની કાંઈ કંપનીનું ફંડામેન્ટલ નબળું છે કે, કંપની પડીભાંગશે કે કામગીરી નબળી પડશે એવું તો નથી જ. ઉલ્લેખનીય છે કે, USFDA ની ચેતવણીના પગલે શેરભાવ ગગડ્યો હોવા છતાં ટોચના એનાલિસ્ટો અને બ્રોકિંગ કંપનીઓ સનફાર્માના શેરમાં ભારે બુલિશ છે અને તેઓ વોર્નિંગ લેટરની વધુ માહિતીની રાહ જુએ છે. કેટલાક એનાલિસ્ટોએ શેરનો ટાર્ગેટ ભાવ સાવચેતીરૂપે નીચો અંદાજ્યો છે.

***Phillip Capital*** નું વલણ પોઝિટિવ છે અને તેણે રોકાણકારોને ઘટાડે શેર ખરીદવા ભલામણ કરી છે. તેણે વધુમાં ઉમેર્યું છે કે,




વોર્નિંગ લેટરના પગલે સન ફાર્મા ભવિષ્યમાં ઉત્પાદન મુદ્દે વધુ ધ્યાન રાખશે. તેનાથી તેના વેચાણ માર્જિનમાં કોઈ ફેર નહીં પડે. કંપની કેન્સરની દવા બનાવે છે અને તેની પાસે ઉત્પાદન સાઈટ બદલવા પૂરતો સમય છે. સન ફાર્માની સબસિડિયરીએ એબ્રિવાયટેડ ન્યૂ ડ્રગ એપ્લિકેશન (ANDA) માટે US ફૂડ એન્ડ ડ્રગ્સ એસો. USFDA ની મંજૂરી મેળવી છે.

***CLSA*** નું કહેવું છે કે, સન ફાર્મામાં કોઈ પણ ઘટાડો થાય તો ટાર્ગેટ ભાવે દરેક ઘટાડે ખરીદો. ત્રીજા ક્વાર્ટરમાં કંપનીના અર્નિંગ ગ્રોથમાં સુધારાની શક્યતા છે.

***J M Financial*** એ સન ફાર્માના બાય રેટિંગ જાળવી રાખ્યું છે. વોર્નિંગ લેટરથી શેર ભાવમાં જોખમી ઘટાડાની શક્યતા ઓછી છે. તેણે સન ફાર્માની નવી દવા Gleevec જેનેરિક માટે ૧૪થી ૧૫ ટકા ગ્રોથના અંદાજ મૂક્યા છે.

***Morgan Stanley*** :- વલણ નેગેટિવ આમ છતાં તેણે સન ફાર્માના સ્ટોકને ડાઉનગ્રેડ કર્યો છે. ટાર્ગેટ ભાવ રૂા. ૯૮૧થી રૂા. ૭૬૨ કર્યો છે. છતાં ફેબ્રુઆરી ૨૦૧૬માં Gleevec જેનેરિક લોન્ચ થવાથી તેના પગલે શેરભાવમાં ઉછાળો આવશે.

***HSBC*** એ વોર્નિંગ લેટરના પગલે ટાર્ગેટ ભાવ રૂા. ૯૩૨થી ઘટાડી રૂા. ૭૩૫ કર્યો છે. હાલોલ પ્લાન્ટનો વોર્નિંગ લેટર યુએસ બજારમાં રિકવરી માટે ટાઈમલાઈન વધારી શકે છે. સન ફાર્માને ડો. રેડ્ડી લેબને વોર્નિંગ લેટર મળ્યા છતાં આ શેરોમાં રિરેટિંગની શક્યતા છે.

***Nomura :-*** સન ફાર્માના ટાર્ગેટ પ્રાઈસ માટે નિષ્પક્ષ છે. તેણે રૂા. ૮૧૭ના ટાર્ગેટ યથાવત રાખ્યા છે. તેના મુખ્ય વોર્નિંગ લેટર અનિશ્ચિત સર્જે છે, પણ નવી જેનેરિક ડ્રગ્સ Gleevec FDA ની મંજૂરી માટે કદાચ મુશ્કેલી સર્જે.

***Credit Suisse :-*** એ સન ફાર્માના અંદાજોમાં કોઈ ફેરફાર નથી કર્યા તેનું માનવું છે કે, ૨૦૧૭ના નાણાવર્ષે EPS ૧૦ ટકા ઘટાડી છે. તેના મતે મોટાભાગના રોકાણકારો વોર્નિંગ લેટરને મહત્ત્વ આપતા નથી. સન ફાર્માએ શેર બીએસઈ ખાતે ૨૧ તારીખે રૂા. ૫૧.૪૦ ઘટી રૂા. ૭૯૩.૦૫ના લેવલે હતો, જે હાલ ૭૯૧.૫૫ ભાવે ક્વોટ થાય છે.

## હાલના તબક્કે.....ખરીદવા લાયક.... વેચવા લાયક.... તથા જાળવી રાખવા લાયક... શેરો કયા છે ?

### ખરીદવાલાયક શેરો

| | |
|---|---|
| Titagarh Wagon | 161.00 |
| Everest Kanto | 16.00 |
| Dish TV | 97.00 |
| Gabriel India | 93.00 |
| Navneet Education | 88.00 |
| The Byke Hos. | 149.00 |
| Lakshmi Vilas | 98.00 |
| Geometric | 188.00 |
| Minda Corp. | 90.00 |
| Bombay Dy. | 65.00 |
| NTC | 78.00 |
| MT Educare | 180.00 |

### ઘટાડે ખરીદવાલાયક શેરો

| | |
|---|---|
| Lumax Ind. | 466.00 |
| ARVIND | 338.00 |
| IDEA | 141.00 |
| Aban Offshore | 218.00 |
| Allcargo Log. | 397.00 |
| Adlabs | 131.00 |
| Minda Ind. | 904.00 |
| Ador Welding | 342.00 |
| Kanpur Plast. | 204.00 |
| Garware Wall | 430.00 |
| Ahluwalia Cont. | 279.00 |
| Manpasand Bev. | 440.00 |

### જાળવી રાખવા લાયક શેરો

| | |
|---|---|
| Indusind Bank | 946.00 |
| Bharti Airtel | 338.00 |
| Kitex Garment | 727.00 |
| Tata Elxsi | 2262.00 |
| Va Tech | 695.00 |
| MPS | 801.00 |
| V-Guard | 943.00 |
| Amar Raja. | 863.00 |
| Zensar Techno | 1038.00 |
| Pidilite Ind. | 553.00 |
| IGL | 515.00 |
| Castrol | 442.00 |

### ઉછાળે વેચવા લાયક

| | |
|---|---|
| M & M Fin. | 241.00 |
| Neyveli Lig. | 80.00 |
| Titan Co. | 351.00 |
| Bajaj Hol. | 1616.00 |
| TVS Motors | 285.00 |
| McLeod Russell | 171.00 |
| Maruti | 4594.00 |
| Vakrangee | 176.00 |
| BOB | 158.00 |
| Zee Learn | 40.00 |
| Bajaj Auto | 2484.00 |
| Tech Mah. | 518.00 |

Financial Weekly SMART INVESTMENT

Published on Every Sunday "Permitted to post at Ahmedabad PSO on every Monday (weekly) under Postal Regd. No. GAMC - 1530 / 2016 - 2018 Valid up to 31st December - 2018

## Stock Wave

Sarvesh Ashok Trivedi
(Mumbai) (Mob) 09820728124
www.chartsanketstock.com

# ઈન્ડેક્સ ૨૫૬૩૪ અને નિફ્ટી ફયુચર ૭૮૦૦ મહત્વના સપોર્ટ

**BSE Index (૨૫૮૩૮.૭૧) :-** ૨૪૮૬૭.૭૨ ના બોટમથી પ્રત્યાઘાતી ઉછાળો દર્શાવે છે. દૈનિક ધોરણે ઓવરબોટ, અઠવાડીક ધોરણે ન્યુટ્રલ તરફ તેમજ માસીક ધોરણે ઓવરસોલ્ડ તરફની પોઝીશન દર્શાવે છે. ઉપરમાં ૨૫૯૪૦ ની પ્રતિકારક સપાટી કુદાવે તો ૨૬૦૦૦, ૨૬૦૮૫, ૨૬૧૭૫ પ્રતિકારક સપાટી ગણાય. નીચામાં ૨૫૬૩૫ નીચે નબળાઈ સમજવી. ૨૫૪૧૩ અંતિમ સપોર્ટ ગણાય. ચાર્ટમાં સાવચેતી રહેવાનું જણાય છે.

**Nifty Future (૭૮૭૧.૭૫) :-** ૭૫૭૯.૩૫ ના બોટમથી પ્રત્યાઘાતી ઉછાળો દર્શાવે છે. દૈનિક ધોરણે ઓવરબોટ, અઠવાડીક ધોરણે ન્યુટ્રલ તરફ તેમજ માસીક ધોરણે ઓવરસોલ્ડ તરફની પોઝીશન દર્શાવે છે. ચાર્ટ પર ઉછાળે સાવચેતી સૂચવે છે. ઉપરમાં ૭૯૦૦ કુદાવે તો, ૭૯૨૫, ૭૯૫૫, ૭૯૮૦, ૮૦૦૫ પ્રતિકારક સપાટી ગણાય. નીચામાં ૭૮૦૦ નીચે નબળાઈ સમજવી. ૭૭૬૩ નીચે વેચવાલીનું દબાણ વધતું જોવાય.

**Bank Nifty Future (૧૬૮૩૦.૦૦) :-** ૧૬૨૧૨ ના બોટમથી પ્રત્યાઘાતી ઉછાળો દર્શાવે છે. દૈનિક ધોરણે ઓવરબોટ, અઠવાડીક ધોરણે ઓવરસોલ્ડ તેમજ માસીક ધોરણે ઓવરસોલ્ડ તરફની પોજીશન દર્શાવે છે. (અનુ. પાના નં ૧૨ ઉપર)

**ઈર્શાદ :-** "એના લીધે નિભાવી લીધી કંઈક દોસ્તી,
બાકી અમે અહીં હતા બસ એક જણનાં દોસ્ત' -'મરીઝ'

## બીજું પોઝિટિવ અઠવાડિયું

# ગ્લોબલ / ડોમેસ્ટિક પરિબળોને લઈને માર્કેટ ઊંચા લેવલે સ્પર્શ્યું



**Expert's Eye**

Dilip Davda
e-mail : dilip_davda@rediffmail.com

ગત અઠવાડિયું ક્રિસમસની રજાના કારણે ચાર સેશનવાળુ રહ્યું અને રજાના મુડને કારણે બજારમાં હાઈ વોલેટીલીટી ટ્રેડ જોવા મળ્યો પરંતુ સુધારા સાથે બંધ રહ્યું હતું આમ સતત બીજું પોઝિટિવ વીક પુરવાર થયું. હકીકતમાં માર્કેટનું વલણ ફેન્સી કાઉન્ટરોમાં સિલેક્ટીવ ખરીદી સાથેના ટ્રેડિંગ રેન્જવાળુ રહ્યું હતું અને ચીને સ્ટિમ્યુલસ પેકેજ વધારતા તેની અસર જોવા મળી હતી. અઠવાડિયા દરમ્યાન સંસદનું શિયાળુ સત્રમાં જીએસટી બિલ સાથે મોટા મહત્વના બિલો પાસ થવા અંગે શંકા હતી છત્તાં ૨૩-૧૨-૨૦૧૫ ના રોજ છેલ્લાં દિવસે જીએસટી સિવાયના બિલો ચર્ચા વગર પાસ થયા હતા. ગ્લોબલ અને ડોમેસ્ટિક પરિબળોને લેવા દેવા છે ત્યાં સુધી માર્કેટ આગામી ડેરીવેટીવ્ઝ એક્સપાયરી અને ૨૦૧૫ ના કેલેન્ડર વર્ષને ગુડબાય કહેવા માટે ઊંચા લેવલે બંધ રહ્યું. સેન્સેક્સ અઠવાડિયા દરમ્યાન ૨૫૯૨૨.૪૭ થી ૨૫૪૧૩.૫૪ અને નિફ્ટી ૭૮૮૮.૭૫ થી ૭૭૩૩.૪૫ ની રેન્જમાં ટ્રેડ થયા હતા.

**સેકન્ડરી માર્કેટ :-** સોમવારે સૂચકાંકો એશિયન માર્કેટના નબળા દેખાવને પગલે નીચા લેવલે ખુલ્યા હતા પરંતુ બપોર બાદ રિવર્સ ટ્રેન્ડ સાથે સુધરી ગ્રીનમાં બંધ રહેવા પામ્યુ. સેન્સેક્સ ૨૧૬.૬૮ પોઈન્ટ ઉછળીને ૨૫૭૩૫.૯૦ અને નિફ્ટી ૭૨.૫૦ પોઈન્ટ વધીને ૭૮૩૪.૪૫ (અનુ. પાના નં ૧૨ ઉપર)

**Ex-Split**
Terrain (5 for 1)
MFL India (10 for 1)

**Ex-Bonus**
Marathon Next (1 for 2)
Venkys (1 for 2)
Marico (1 for 1)

**During the week dividend announcements**
Max Heights Infra (0.5%)

**Best Buy**
AVT Natural, Eveready, Andrew Yule

**Board meetings of Sawaca Business on 28.12.15 and Tide Water Oil on 15.01.16 to consider bonus issues. Tide Water will also consider stock split at the said meeting along with Q3 results.**

## શ્યોર શોટ્સ

- Dilip K. Shah

**Vishnu Chemicals, Lloyd Ele. Jubilant Food, Arvind Ltd. Amar Raja Batteries**

**Vishnu Chemicals (રૂા. ૪૨૮.૦૦) (કોડ : ૫૧૬૦૭૨) :-** ૧૯૯૦માં સ્થપાયેલી આ કંપની હૈદ્રાબાદ ખાતે હેડ ક્વાર્ટર ધરાવે છે. ક્રોમીમમ અને અન્ય સ્પેશ્યાલીટી કેમિકલ્સના ઉત્પાદનમાં કંપની માર્કેટ લીડર ગણાય છે. કંપની કેમિકલ્સ અને ફાર્માસ્યુટીકલ્સ કલાયન્ટોને કસ્ટમ સિન્થેટીક, કોન્ટ્રાક્ટ રીસર્ચ અને કોન્ટ્રાક્ટ મેન્યુફેકચરિંગ જેવી સવલતો પણ પુરી પાડે છે. કંપની તેલંગાનામાં બે, આંધ્ર પ્રદેશમાં એક અને છત્તીસગઢમાં એક એમ કુલ ચાર ઉત્પાદન યુનિટો ધરાવે છે. નાણાંકીય વર્ષ ૨૦૧૬ ના પહેલા ૬ મહિનામાં કંપની આવક રૂ. ૧૯૪.૩૨ કરોડથી વધીને રૂ. ૨૨૮.૫૬ કરોડ થઈ છે જ્યારે કંપનીએ રૂ. ૬.૨૩ કરોડની સામે રૂ. ૧૩.૦૭ કરોડનો નફો હાંસલ કરીને રૂ. ૯.૨૬ ની EPS હાંસલ કરી છે જે ગત વર્ષે માત્ર રૂ. ૩.૫૪ હતી આમ નાણાંકીય વર્ષ ૨૦૧૬ ના પહેલા ૬ મહિનામાં કંપનીના પરિણામો બમ્પર રહ્યા છે. કંપનીની ઈક્વિટી રૂ. ૧૧.૯૫ કરોડ છે જેની સામે કંપનીની બુકવેલ્યુ રૂ. ૮૧.૫૩ છે. કંપનીના શેરની ફેસવેલ્યુ રૂ. ૧૦ છે. વર્ષ દરમ્યાન શેરનો ભાવ વધીને રૂ. ૫૪૦ અને ઘટીને રૂ. ૧૫૨ જોવાયો છે. વર્તમાન ભાવે કંપનીની માર્કેટ કેપ રૂ. ૫૧૦ કરોડ છે. કંપનીમાં પ્રમોટરો ૭૫ ટકા અને પબ્લિક ૨૫ ટકા હોલ્ડિંગ ધરાવે છે. કંપનીએ થોડા મહિના પહેલા હૈદ્રાબાદ સ્થિત સોલ્વે વિષ્ણુ બેરીયમ પ્રાઈવેટ લીમીટેડમાં ૧૦૦ ટકા હિસ્સો હસ્તગત કર્યો છે. કંપનીની પ્રોડકટો ઘણી ઈન્ડસ્ટ્રીઝમાં ઉપયોગ લેવાય છે અને કંપની છેલ્લાં ઘણા સમયથી સારો ગ્રોથ હાંસલ કરી રહી છે. નાણાંકીય વર્ષ ૨૦૧૫માં પણ કંપનીની આવક રૂ. ૩૫૨.૧૭ કરોડથી વધીને રૂ. ૪૧૮.૦૭ કરોડ થઈ હતી જ્યારે નફો રૂ. ૧૩.૧૨ કરોડથી વધીને રૂ. ૨૧.૯૧ કરોડ થયો હતો. કંપનીએ નાણાંકીય વર્ષ ૨૦૧૫માં રૂ. ૧૪.૯૭ ની EPS દર્શાવી હતી એક તબક્કે આ સ્ટોક વેલ્યુએશનની દ્રષ્ટિએ મોંઘો લાગી રહ્યો હતો પણ કરેક્શન બાદ હવે આકર્ષક લાગી રહ્યો છે. આ સ્ટોકમાં ટુકડે ટુકડે લોંગ ટર્મ એન્ગલથી રોકાણ કરી શકાય.

**Lloyd Ele. (રૂા. ૩૦૫.૦૦) (કોડ : ૫૧૭૫૧૮) :-** B ગ્રુપની આ કંપનીના શેરની ફેઈસવેલ્યુ રૂ. ૧૦ છે. ઈન્ડ. મશીનરી ક્ષેત્રે કાર્યરત આ કંપનીના શેરનો ભાવ બાવન સપ્તાહ દરમ્યાન વધીને રૂ. ૩૨૮ અને ઘટીને રૂ. ૧૧૩ જોવાયો હતો. લોઈડ ઈલે. એન્ડ એન્જી.ની સ્થાપના ૧૯૮૭માં થઈ હતી. દિલ્હી બેઝ આ કંપની હાલમાં કોઈલ્સ / હિટ એક્સચેન્જરની સૌથી મોટી ઉત્પાદક છે. હાલમાં કંપનીની પ્રોડકટ HVAC&R ઈન્ડ. ને પ્રોવાઈડ કરે છે. કંપની નોર્થ અમેરીકા યુરોપ મીડલ ઈસ્ટ અને ઓસ્ટ્રેલિયાના OEM ને પણ સપ્લાય કરે છે. લોઈડ ઈલે. તે પ્રથમ ભારતીય કંપની છે તેને ઈન્ડ. રેલ્વે ઈન્ડસ સ્ટાન્ડર્ડ (IRIS) નું સર્ટીફીકેશન પ્રાપ્ત થયું છે. જેના પગલે કંપની ગ્લોબલ રેલ્વે મેટ્રો બિઝનેસમાં બિડીંગ કરે છે (અનુ. પાના નં ૧૪ ઉપર)

## Smart Tips

Smita N. Zaveri

**Nitin Spinners, First Source, Gabrial, Geometric, The Byke Hospitalities**

**Nitin Spinners (રૂા. ૭૯.૦૦) (કોડ : ૫૩૨૬૯૮) :-** ટેક્ષટાઈલ્સ ક્ષેત્રે કાર્યરત આ કંપની B ગ્રુપમાં લીસ્ટેડ છે. શેરની ફેઈસવેલ્યુ રૂ. ૧૦ છે. શેરનો ભાવ બાવન સપ્તાહ દરમ્યાન વધીને રૂ. ૧૦૭ અને ઘટીને રૂ. ૨૭ જોવાયો હતો. કંપનીની સ્થાપના ૧૯૯૩ માં થઈ હતી. ડાયવર્સિફાઈડ સેગમેન્ટ જેવા કે, નીટેડ, ફેબ્રીક્સ, ડેનિમ, ફર્નીશીંગ, ટેરીટોવેલ અને કાર્પેટ માટે કોટન યાર્ન અને નીટેડ ફેબ્રીક્સનું ઉત્પાદન કરે છે. રાજસ્થાનમાં ભીલવાડા ખાતે હેડક્વાર્ટર ધરાવતી આ કંપનીના નીટેડનો ઉપયોગ એપરલ્સ ઈન્ડ.માં થાય છે. હાલમાં દર વર્ષે ૫૦,૦૦૦ સ્પીન્ડલ્સ દ્વારા ૩૭૮૦૦ ટન યાર્નનું ઉત્પાદન કરે છે. આ સાથે ૪૯ સરક્યુલર નીટીંગ મશીન સાથે ૮૬૦૦ (વાર્ષિક) ટન ફેબ્રીક્સ તૈયાર કરે છે. કંપની તેની પ્રોડકટસનું યુરોપ, યુ.એસ., એશિયા, પેસિફિક જેવા દેશોમાં નિકાસ કરે છે. નાણાંકીય વર્ષ ૨૦૧૧ થી ૨૦૧૫ના વર્ષ દરમ્યાન વેચાણ ૧૦.૭ ટકાના સીએજીઆરથી ઉછળીને ૬૧૭ કરોડ નોંધાયું છે. કંપનીએ ૩૧ માર્ચ ૨૦૧૫ ના વર્ષનો ૬૧૭ કરોડની આવક ઉપર ૪૧ કરોડનો નેટ પ્રોફિટ અને ૮.૯૪ નો EPS નોંધાવ્યો હતો. સપ્ટેમ્બર ૨૦૧૫ ના ક્વાર્ટરમાં ૧૯૦ કરોડની આવક ઉપર ૧૦.૩૪ કરોડનો નેટ પ્રોફિટ અને ૨.૨૬ નો ઈપીએસ નોંધાવ્યો હતો. ઈક્વિટી રૂ. ૪૫.૮૩ કરોડ નેટવર્થ ૧૬૭ કરોડ માર્કેટ કેપ ૩૬૬ કરોડ, બુકવેલ્યુ રૂ. ૩૬ ગત વર્ષે કંપનીએ ૧૦ ટકા ડિવિડંડ જાહેર કર્યું હતું. ચાલુ નાણાંકીય વર્ષની અંદાજીત EPSના ૭ ના પીઈ મલ્ટીપલમાં ટ્રેડ થતો આ સ્ટોક આગામી બે થી ત્રણ ક્વાર્ટરમાં બાવન સપ્તાહની સપાટી કુદાવી ૧૨૫ ના લેવલને ટચ કરતો જોવાય. (અનુ. પાના નં ૧૪ ઉપર)

## D(en)O(f)W(ealth)

**સ્માર્ટ ઈન્વેસ્ટમેન્ટ ની વેબસાઈટ** www.smartinvestment.in **તેમજ અમારા પબ્લિકેશન્સ 'સ્માર્ટ ઈન્વેસ્ટમેન્ટ' સાપ્તાહિક (ગુજરાતી અને અંગ્રેજી), 'સ્માર્ટ પ્લસ ન્યુઝ લેટર' અને 'સ્માર્ટ બોનાન્ઝા' (ગુજરાતી સાપ્તાહિક) ને રોકાણકારો તરફથી અભૂતપૂર્વ સફળતા પ્રાપ્ત થયા બાદ અમો** DOW **ની સ્કિમ લોંચ કરતાં ખૂબજ ગૌરવ અનુભવીએ છીએ. આ સ્કિમમાં સબસ્ક્રાઈબર્સને** SMS **તેમજ** E-mail **દ્વારા બ્રેકિંગ ન્યુઝ અને અન્ય** Buy/Sell **ના આઈડિયાની સર્વિસ પુરી પાડવામાં આવશે. આ સર્વિસ અમારા બે પબ્લિકેશન્સના વચ્ચેના ગાળામાં આપવામાં આવશે. અમારા દ્વારા પૂરી પાડવામાં આવેલ માહિતી અન્ય હરીફ પબ્લિકેશન્સ કરતાં વહેલાં તેમજ આગળ રહેશે. આ માહિતીને આધારે ઈન્વેસ્ટરો શોર્ટ ટર્મ / થોડા દિવસોમાં સારૂં રીર્ટન મેળવી શકશે, એટલું જ નહીં, લોંગ ટર્મ વેલ્થ ક્રિએશન માટે રોકાણકારોની એન્ટ્રી વહેલી રહેશે.**

*DOW નું લવાજમ ભરનાર ઈન્વેસ્ટરોએ એક વર્ષ માટે રૂ. ૫૦૦૦/-
(અંકે રૂપિયા પાંચ હજાર) નું પેમેન્ટ Archi Publications ના નામે મોકલો*

**Last Performance of our DOW Recommendation (Short Term Gain)**

| Date | Stock | Reco. Rate | Target | Achieved | SL % |
|---|---|---|---|---|---|
| 18th June | KALPATARU POWER | 241 | 270 | 292 | 21% |
| 18th June | SUPRAJIT ENG | 128 | 150 | 152 | 19% |
| 26th June | IBULLS HOUSING | 620 | 675-900 | 820 | 32% |
| 2nd July | MRPL | 76.5 | 85-105 | 83 | 8% |
| 13th July | FSL | 33.25 | 40-55 | 45.9 | 38% |
| 14th July | JAIN IRRIGATION | 75 | 95-125 | 79 | 5% |
| 28th July | BAJAJ FINANCE | 5150 | 5600 | 5720 | 11% |
| 31st July | JINDAL SAW | 78 | 95-125 | 85.5 | 10% |
| 3rd Aug | HFCL | 15 | 20-35 | 20.25 | 35% |
| 5th Aug | SUBEX | 16.5 | 18.5-22 | 18.35 | 11% |
| 17th Aug | J M FIN | 52.5 | 60 | 54 | 3% |
| 11th Sep | NAVKAR CORP | 166 | 185-190 | 221 | 33% |
| 11th Sep | ECLERX SERVICES | 1760 | 2000 | 1949 | 11% |
| 11th Sep | KSCL | 457 | 530-550 | 543 | 19% |
| 14th Sep | GHCL | 142 | 165-200 | 151.8 | 7% |
| 6th Oct | CHENNAI PETRO | 238 | 275-350 | 247 | 4% |
| 7th Oct | HFCL | 16.7 | 20-25 | 20.25 | 21% |
| 12th Oct | ARSS INFRA | 36.5 | 50-54 | 47.3 | 30% |
| 14th Oct | ASHOK LEYLAND | 94.25 | 105-110 | 99.65 | 6% |
| 4th Nov | LLOYD ELE | 274 | 315-350 | 314 | 15% |
| 16th Nov | TANLA SOL | 36.5 | 50 | 52.6 | 44% |
| 21st Nov | PRIMA PLAST | 83 | 100-125 | 121 | 46% |
| 26th Nov | PRATIBHA IND | 45 | 55 | 47.9 | 6% |
| 16th Dec | COMPETENT | 140 | 185-190 | 154.7 | 11% |

**Contact : (M) 9825006980 & 9979330348
smartinvest25@gmail.com , smartinvest25@yaoo.in**

**Bank Details : HDFC Bank : Current A/c No. : 00062560008858
Beneficiary Name : Archi Publications
RTGS / NEFT IFSC : HDFC0000006 • Navrangpura Branch, Ahmedabad-380009.**

## શેરબજારમાં પ્રત્યાઘાતી ઘટાડા બાદ તેજી યથાવત...!!!

# નિફ્ટી ફયુચર રેન્જ ૭૭૬૦ થી ૭૯૩૦ પોઈન્ટ ધ્યાને લેશો...!!!

**માર્કેટ મુવમેન્ટ**



NIKHIL BHATT
(+919979380808)
WWW.INVESTMENTPOINT.IN

● **મુંબઈ શેરબજારનો સેન્સેક્સ** તા. ૨૧-૧૨-૨૦૧૫ ના રોજ ૨૫૪૨૫ પોઈન્ટ ખુલીને ૨૫૪૧૩ પોઈન્ટની નીચા મથાળેથી ૨૫૯૨૨ પોઈન્ટના ઊંચા મથાળે સપાટીને સ્પર્શી સાપ્તાહિક ૫૦૯ પોઈન્ટની મુવમેન્ટ નોંધાવી સરેરાશ ૩૧૯ પોઈન્ટના




ઉછાળે ૨૫૮૩૮ પોઈન્ટ બંધ થયેલ !!!

**સેન્સેક્સ (૨૫૮૩૮) :-** આગામી વધઘટે સંભવિત સેન્સેક્સ ૨૫૬૪૦ પોઈન્ટ પ્રથમ અને ૨૫૫૭૦ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડિંગ તરફી ૨૬૦૦૯ પોઈન્ટથી ૨૬૧૬૦ પોઈન્ટ, ૨૬૨૬૦ પોઈન્ટના મથાળે સપાટીને સ્પર્શી શકે તેવી શકયતા ધરાવે છે. ટેકનિકલ ચાર્ટ મુજબ ૨૬૨૬૦ પોઈન્ટ આસપાસ તબક્કાવાર નફો બુક કરવો અતિ જરૂરી...!!

● **મુંબઈ શેરબજારનો નિફ્ટી ફયુચર** :- ૨૧-૧૨-૨૦૧૫ ના રોજ ૭૭૭૪ પોઈન્ટ ખુલીને ૭૭૬૪ પોઈન્ટના નીચા મથાળેથી ૭૮૮૭ પોઈન્ટના ઊંચા મથાળે સપાટીને સ્પર્શી સાપ્તાહિક ૧૨૩ પોઈન્ટની મુવમેન્ટ નોંધાવી સરેરાશ ૮૪ પોઈન્ટના ઉછાળે ૭૮૭૪ પોઈન્ટ બંધ થયેલ !!!

**નિફ્ટી (૭૮૭૪) :-** આગામી વધઘટે સંભવિત નિફ્ટી ફયુચર ૭૮૦૮ પોઈન્ટના પ્રથમ અને ૭૭૬૦ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપોલસે ટ્રેડિંગ સંદર્ભે ૭૯૦૯ પોઈન્ટથી ૭૯૩૦ પોઈન્ટ, ૭૯૭૯ પોઈન્ટની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૭૯૭૯ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી.

**(૧) એચડીએફસી બેન્ક (૧૦૭૩) :-** એચડીએફસી ગ્રુપની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ. ૧૦૬૧ આસપાસ પ્રર્વતી રહ્યો છે. રૂ. ૧૦૪૭ ના સ્ટોપલોસથી ખરીદવા લાયક આ સ્ટોક ટુંકાગાળે રૂ. ૧૦૮૯ થી ૧૧૦૩ નો ભાવ દર્શાવે તેવી સંભાવના. રૂ. ૧૧૦૭ ઉપર તેજી તરફી ધ્યાન.

**(૨) રિલાયન્સ (૧૦૦૩) :-** ટેકનિકલી ચાર્ટ મુજબ ૯૯૦ આસપાસ પોઝિટિવ બ્રેકઆઉટ !!! રૂ. ૯૭૬ ના સપોર્ટથી ખરીદવાલયાક આ સ્ટોક રૂ.




૧૦૨૩ થી ૧૦૩૧ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે.

**(૩) એચસીએલ ટેકનોલોજીસ (૮૫૮) :-** રૂ. ૮૪૪ નો પ્રથમ તેમજ રૂ. ૮૩૧ ના બીજા સપોર્ટથી સાપ્તાહિક ટ્રેડિંગ લક્ષી આ સ્ટોક રૂ. ૮૭૪ થી રૂ. ૮૮૮ સુધીની તેજી તરફી રૂખ નોંધાવશે.

**(૪) સન ફાર્મા લી. (૭૯૦) :-** ફાર્મા સેકટરનો આ સ્ટોક ટુંકાગાળે ટ્રેડિંગ લક્ષી રૂ. ૮૦૮ થી ૮૧૮ ના ભાવની સંભાવના ધરાવે છે. ૭૭૬ નો સ્ટોપલોસ ધ્યાને લેવો. (અનુ. પાના નં ૧૨ ઉપર)

Printed by Dilip K. Shah, Published by Dilip K. Shah, Owner by Dilip K. Shah. Printed at Allied Offset Printer Pvt. Ltd. 14/2, Kalidas Mill Compound, Gomtipur, Ahmedabad-380021. Published from 311 to 313, Nalanda Enclave, Opp. Sudama Resorts, Pritam Nagar1st Dhal, Ellisbridge, Ahmedabad. Editor : Dilip K. Shah